અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક


# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૩, શનિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, ભાદરવો સુદ એકમ | અંક : ૫૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ

### વંદેભારત એક્સપ્રેસ પર ફરી વખત પથ્થરમારો થયો



। ગોરખપુર, તા.૧૫ ।

ઉત્તરપ્રદેશમાં ગોરખપુરથી લખનઉ જતી વંદે ભારત એક્સપ્રેસ પર ફરી એકવાર પથ્થરમારો થયાની ઘટનાના અહેવાલ સામે આવી રહ્યા છે. માહિતી અનુસાર મલ્હાર સ્ટેશન પરથી પસાર થતી વખતે જ વંદે ભારત ટ્રેનના ચેર કાર ક્લાસ કમ્પાર્ટમેન્ટ પર અરાજકતા ફેલાવવાના ઉદ્દેશ્ય સાથે તોફાની તત્વએ પથ્થરમારાની ઘટનાને અંજામ આપ્યો હતો. માહિતી અનુસાર કોઈ બદમાશે આ ઘટનાને અંજામ આપ્યો હતો.

### અનંતનાગમાં વધુ એક જવાન શહીદ, બે જવાન ઘાયલ થયા

। જમ્મુ, તા.૧૫ ।

દક્ષિણ કાશ્મીરના અનંતનાગના કોકરનાગ વિસ્તારમાં સેના દ્વારા સતત ચાલી રહેલા સર્ચ ઓપરેશનમાં વધુ એક જવાન શહીદ થયો હતો જ્યારે બે જવાન ઘાયલ થયા હતા જેને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બુધવારથી શરુ થયેલા સર્ચ ઓપરેશનમાં અત્યાર સુધીમાં ચાર જવાન શહીદ થયા છે. જમ્મુ કાશ્મીરના અનંતનાગના કોકરનાગ વિસ્તારમાં સેના દ્વારા સતત ચાલી રહેલા સર્ચ ઓપરેશનમાં વધુ એક જવાન શહીદ થયો હતો.

### શહીદ કર્નલ મનપ્રિતને પુત્રએ સેનાની વર્દીમાં વિદાય આપી

। મોહાલી, તા.૧૫ ।

જમ્મુ કાશ્મીરમાં અનંતનાગ વિસ્તારમાં આતંકવાદી સામે ચાલી રહેલા એનકાઉન્ટરમાં શહીદ કર્નલ મનપ્રીતને તેમના વતન મોહાલીમાં અંતિમ વિદાય આપવામાં આવી હતી. આ અતિમ વિદાય સમયે શહીદ કર્નલ મનપ્રીતના ઘરે હજારોની સંખ્યામાં ભીડ જોવા મળી હતી, જે કર્નલના શહીદ થવા પર ખુબ જ દુ:ખમાં જોવા મળી હતી. આ દરમિયાન જે તસવીરે લોકોને ખુબ જ ભાવુક કર્યા હતા, તે કર્નલ મનપ્રીતના માસૂમ પુત્રની હતી. તેના દિકરાએ સેનાની વર્દી પહેરીને પિતાને સેલ્યુટ કરીને અંતિમ વિદાય આપી હતી.

## સેન્સેક્સમાં ૩૨૦ અને નિફ્ટીમાં ૯૦ પોઈન્ટનો ઊછાળો

# સપ્ટેમ્બરમાં રોકાણકારોને ચાંદી, ૧૧ ટ્રેડિંગ દિવસમાં ૧૨.૫૭ કરોડની કમાણી

### શેરબજારમાં ઓટો, આઈટી, ફાર્મા, બેંકિંગ શેરોમાં ખરીદારી જોવા મળી જ્યારે પીએસઈ, રિયલ્ટી, એફએમસીજી શેરોમાં દબાણ જોવા મળ્યું

। મુંબઈ, તા.૧૫ ।

આ મહિનાની ૧૫ સપ્ટેમ્બર સુધી ૧૧ દિવસથી શેરબજારમાં કારોબાર થઈ રહ્યો છે. આમાં સેન્સેક્સ સતત ૧૧ દિવસ સુધી ઉછળ્યો છે. તો બીજી તરફ, નિફ્ટીમાં માત્ર એક દિવસ માટે થોડો ઘટાડો થયો હતો. શેરબજારમાં અદભૂત ઉછાળાને કારણે રોકાણકારોની તિજોરી ભરાઈ ગઈ છે. આ મહિને તેની કમાણી ૩૩ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. તમને જણાવી દઈએ કે ૧ સપ્ટેમ્બરે જ્યારે શેર બજાર ખુલ્યું ત્યારે બીએસઈપર લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ ૩,૦૯,૫૯,૧૩૮.૭૦ લાખ કરોડ રૂપિયા હતું. તો બીજી તરફ, ૧ સપ્ટેમ્બરથી ૧૫ સપ્ટેમ્બર વચ્ચેના ૧૧ ટ્રેડિંગ દિવસોમાં તે વધીને ૩,૨૩,૨૦,૩૭૭.૬૯ લાખ કરોડ રૂપિયા થઈ ગયું. આ રીતે રોકાણકારોએ ૧૨.૫૭ લાખ કરોડ રૂપિયાની કમાણી કરી છે. કારોબારી સપ્તાહના અંતિમ દિવસે બજારમાં તેજી જોવા મળી હતી. સેન્સેક્સ અને નિફ્ટી રેકોર્ડ હાઈ પર બંધ થયા છે. મિડકેપ, સ્મોલકેપ ઈન્ડેક્સ વધીને બંધ થયા છે.




**શેરબજારમાં અદભૂત ઉછાળાને કારણે રોકાણકારોની સંપત્તિમાં વધારો થઈ રહ્યો છે**

ભારતીય શેરબજાર રેકોર્ડ ઊંચાઈ પર બંધ થયું છે. બેંકિંગ, ઓટો અને આઈટી શેરોમાં જોરદાર ખરીદીને કારણે સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે બજાર મજબૂત ઉછાળા સાથે બંધ થયું હતું. આજે બજાર બંધ સમયે બીએસઈસેન્સેક્સ ૩૨૦ પોઈન્ટના ઉછાળા સાથે ૬૭,૮૩૮ પોઈન્ટ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૯૦ પોઈન્ટના ઉછાળા સાથે ૨૦,૧૯૨ પોઈન્ટ પર બંધ રહ્યો હતો. આજના કારોબારમાં બેંક્કિંગ, આઈટી, ઓટો, ફાર્મા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને હેલ્થકેર શેરોમાં જબરદસ્ત વૃદ્ધિ જોવા મળી છે. મિડ-કેપ અને સ્મોલ-કેપ શેરોમાં ઉછાળાને કારણે ઇન્ડેક્સમાં વધારો જોવા મળ્યો હતો. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૦ વધ્યા અને ૧૦ નુકસાન સાથે બંધ થયા. જ્યારે નિફ્ટીના ૫૦ શેરમાંથી ૩૦ શેરમાં વધારો અને ૩૦માં ઘટાડો જોવા મળ્યો છે.

## અંતરિક્ષમાંથી આવી ખુશખબર

# સૂર્ય તરફ પહોંચ્યું ભારત, આદિત્ય એલ ૧ એ લગાવી ચોથી છલાંગ

### ઈસરો પૃથ્વીની ચારેતરફ અંતરિક્ષ યાન આદિત્ય એલ ૧ ની ૧૬ દિવસની યાત્રા દરમ્યાન તેના ઓર્બિટને નિયમિત ઢંગથી વધારી રહ્યું છે

। બેંગલુરુ, તા.૧૫ ।

સૂર્યનું અધ્યયન કરવા માટે સ્પેસમાં મોકલવામાં આવેલા ઈસરોના પ્રથમ અંતરિક્ષ મિશન આદિત્ય એલ૧ની અર્થ ઓર્બિટને ચોથી વાર વધારવાનું કામ શુક્રવાર સવારે સફળતા પૂર્વક પુરુ કરી લેવામાં આવ્યું છે. અંતરિક્ષ એજન્સીએ ટ્વિટર પર પોતાની એક પોસ્ટમાં આ અંગેની જાણકારી આપી છે. મોરીશસ, બેંગલુરુ, એસડીએસસી, એસએચએઆર અને પોર્ટ બ્લેયરમાં ઈસરોના ગ્રાઉન્ડ સ્ટેશનોથી આ ઓપરેશન દરમ્યાન આદિત્ય એલ૧ને પરિવહનીય યોગ્ય ટર્મિનલ હાલના સમયમાં ફિજીમાં તૈનાત છે. ત્યાર બાદ આદિત્ય એલ૧ને ૨૫૬ કિમી ટ ૧૨૧૯૭૩ કિમી.ની નવા ઓર્બિટ પ્રાપ્ત કરી લીધી છે. ઈસરોએ કહ્યું કે, આદિત્ય એલ૧ના ઓર્બિટ વધારવાની આગામી કાર્યવાહી ૧૯ સપ્ટેમ્બરે લગભગ ૨ વાગ્યે છે. તે બાદ આદિત્ય એલ૧ની ટ્રાંસ લેગ્રેઝિયન પોઈન્ટ ૧ તરફથી પૃથ્વીથી વિદાય થઈ જશે. આદિત્ય એલ૧ પ્રથમ ભારતીય અંતરિક્ષ આધારિત વેધશાળા છે, જે પ્રથમ સૂર્ય અને પૃથ્વીના લેગ્રેંઝિયન પોઈન્ટની ચારે તરફ એક ઓર્બિટમાં સૂર્યનું અધ્યયન કરશે. લેગ્રેંઝિયન પોઈન્ટ પૃથ્વીથી લગભગ ૧૫ લાખ કિમી દૂર આવેલ છે.



આદિત્ય એલ૧ની ઓર્બિટને વધારવાનું પ્રથમ, બીજુ અને ત્રીજો તબક્કો ક્રમશ: ૩,૫ અને ૧૦ સપ્ટેમ્બરને સફળતાપૂર્વક પુરુ કરવામાં આવ્યું હતું. ઈસરો પૃથ્વીની ચારેતરફ અંતરિક્ષ યાન આદિત્ય એલ૧ની ૧૬ દિવસની યાત્રા દરમ્યાન તેના ઓર્બિટને નિયમિત ઢંગથી વધારી રહ્યું છે. જે દરમ્યાન અંતરિક્ષ યાન એલ૧ પોતાની આગળની યાત્રા માટે જરુરી વેગ પ્રાપ્ત કરશે. પૃથ્વી સાથે જોડાયેલ ચાર ઓર્બિટ રાઉન્ડને પુરા થયા બાદ આદિત્ય એલ૧ હવે આગામી ટ્રાંસ લેંગ્રેઝિંયન ૧ સમ્મિલન ચરણથી પસાર થશે. જે લેગ્રેંઝ પોઈન્ટ એલ૧ પાસ તેના ટાર્ગેટ માટે લગભગ ૧૧૦ દિવસનું સફરની શરુઆત હશે. એલ૧ પોઈન્ટ પર પહોંચ્યા બાદ આદિત્ય એલ૧ને એલ૧ની ચારેતરફ એક કક્ષામાં સ્થાપિત કરી દેવામાં આવશે.

## નૂહમાં ફરી વખત તંગદિલી, સુરક્ષા વધારાઈ

# નૂહમાં કોંગ્રેસના ધારાસભ્યની ધરપકડ બાદ કલમ ૧૪૪ લગાવાઈ

### મુસ્લિમ સમુદાયને જુમ્માની નમાઝ ઘરોમાં જ અદા કરવા અપીલ



। નૂહ, તા.૧૫ ।

નૂહમાં કોંગ્રેસના ધારાસભ્યની ધરપકડ બાદ કલમ ૧૪૪ લગાવી દેવામાં આવી છે તેમજ મુસ્લિમ સમુદાયને જુમ્માની નમાઝ ઘરોમાં જ અદા કરવાની અપીલ કરી છે. આ અંગે ડેપ્યુટી કમિશનરે એક આદેશ જાહેર કર્યો છે. હરિયાણાના નૂહમાં ફિરોઝપુર ઝિરકાના ધારાસભ્ય મમ્મન ખાનની ધરપકડ કરાતા ફરી એકવાર ટેંશન વધી ગયું છે. પ્રશાસને સતર્કતા માટે આવતીકાલ સુધી ઈન્ટરનેટ સેવા પર પ્રતિબંધ લગાવ્યો છે તો બીજી તરફ ૧૪૪મી કલમ લગાડવામાં આવી છે. આ સિવાય મુસ્લિમ સમુદાયને જુમ્માની નમાઝ ઘરોમાં જ અદા કરવાની પણ અપીલ કરવામાં આવી છે. નૂહ હિંસામાં લાગેલા આરોપને કારણે કોંગ્રેસના ધારાસભ્ય મમ્મન ખાનની રાજસ્થાનના અજમેરથી ગઈકાલે રાત્રે ધરપકડ કરવામાં આવી હતી. આ પહેલા ધારાસભ્યને નૂહ પોલીસ સામે બે વાર તપાસમાં સામેલ થવાનું કહેવાયુ હતું પણ તે જોડાયા ન હતા. હવે તેની ધરપકડ થતા આવતીકાલે તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવશે જેના પગલે નૂહ શહેરમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. નૂહમાં ૩૧મી જૂલાઈએ શોભાયાત્રા દરમિયાન હિંસા ફાટી નીકળી હતી જેમાં ૬ લોકોના મોત થઈ હતી જ્યારે ઘણા લોકો ઘાયલ થયા હતા. હિંસાને કાબૂમાં કરવા માટે કેટલાય દિવસો સુધી ઈન્ટરનેંટ બંધ રાખવામાં આવ્યુ હતું તેમજ શહેરમાં કલમ ૧૪૪ લગાડવામાં આવી હતી. આવી ઘટના ફરીવાર ન બને તે માટે પ્રશાસને લોકોને અફવા પર ધ્યાન ન દેવા અપીલ કરી છે.

## સ્વદેશી જીપીએસ માટેની તૈયારી

# ઈસરોએ બનાવેલું NavIC સોફ્ટવેર મોબાઈલમાં મળશે

। નવી દિલ્હી, તા.૧૫ ।

ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી રાજ્યમંત્રી રાજીવ ચંદ્રશેખરે કહ્યું કે ૨૦૨૫ના અંત સુધીમાં તમામ સ્માર્ટફોન મેન્યુફેક્ચરિંગ કંપનીઓએ મોબાઈલમાં નવઆઈસીની સુવિધા આપવી પડશે. તેમણે કહ્યું કે કાં તો કંપનીઓ મોબાઈલ ફોનમાં નવઆઈસીસંચાલિત ચિપ્સનો ઉપયોગ કરી શકે છે અથવા તેઓ નવઆઈસીચિપસેટ આપી શકે છે. ઉલ્લેખનીય છે કે, એપલે તેની નવી સીરીઝમાં નવઆઈસીને સપોર્ટ કર્યો છે. તમને આ સેવા આઈફોન ૧૫ પ્રોઅને પ્રો મેક્સમાં મળશે. જેઓ નવઆઈસીશું છે તે જાણતા નથી તેઓ જાણી લે કે તેને અંગ્રેજીમાં નેવિગેશન વિથ ઈન્ડિયન કોન્સ્ટેલેશન કહેવાય છે.

### ઉદયનીધિ અને એ.રાજા સામે એફઆઈઆર કરવાની માગ

। નવી દિલ્હી, તા.૧૫ ।

સનાતન ધર્મ વિરુદ્ધ ઉદયનિધિ સ્ટાલિન અને એ.રાજાના નિવેદન સામે સુપ્રીમકોર્ટમાં અરજી દાખલ કરાઈ છે. આ અરજી ચેન્નઈના વતની એક વકીલે દાખલ કરી હતી. ડીએમકે નેતા અને તમિલનાડુ સરકારમાં મંત્રી ઉદયનિધિએ સનાતન ધર્મની તુલના ડેન્ગ્યુ, મલેરિયા સાથે કરી હતી. તેના પછી ડીએમકે સાંસદ એ.રાજાએ સનાતન ધર્મની તુલના એચઆઈવી સાથે કરી હતી.

### બાયડેનનો પુત્ર ફેડરલ ફાયર આર્મ્સના આરોપ હેઠળ દોષિત

। વોશિંગ્ટન, તા.૧૫ ।

અમેરિકી રાષ્ટ્રપતિ જો બાયડેનની મુશ્કેલીઓ સતત વધતી જઈ રહી છે. તેમના પુત્ર હંટર બાયડેનને ફેડરલ ફાયર આર્મ્સના આરોપ હેઠળ દોષિત ઠેરવાયા છે. ઉલ્લેખનીય છે છે કે, હંટર વિરુદ્ધ લાંબા સમયથી તપાસ ચાલી રહી હતી. આ પહેલા અમેરિકી સંસદના સ્પીકર કેવિન મેકકાર્થીએ રાષ્ટ્રપતિ વિરુદ્ધ મહાભિયોગની તપાસની પણ ઘોષણા કરી હતી.

## ગ્રેટર નોઈડામાં ભયંકર દુર્ઘટના

# ગ્રેટર નોઈડામાં નિર્માણાધિન મકાનની લિફ્ટ તૂટતાં ૪નાં મોત

। નોઈડા, તા.૧૫ ।

ગ્રેટર નોઈડામાં એક ભયંકર અકસ્માત થયાના સમાચાર સામે આવી રહ્યા છે. ગ્રેટર નોઈડાના બિસરખ કોતવાલી વિસ્તારમાં એક હાઉસિંગ સોસાયટીમાં લિફ્ટ તૂટી પડવાને કારણે આ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ચાર લોકોના મોત થયા હોવાનું સામે આવી રહ્યું છે. મૃતકોમાં ત્યાં કામ કરતા મજૂરોનો પણ સમાવેશ થાય છે. ગૌર સિટી એક મૂર્તિ પાસે આ ઘટના બની હતી. આ લિફ્ટ ઘણી ઊંચાઈએથી નીચે પડી હોવાની માહિતી મળી રહી છે. અકસ્માતમાં ૪ લોકોના મોતના સમાચાર છે.









## બજારમાં ઘઉંની પૂરતી ઉપલબ્ધતા સુનિશ્ચિત કરશે

। અમદાવાદ, તા.૧૫ ।

ઘઉંના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. વિધાનસભાની ચૂંટણી પહેલા ઘઉંના ભાવમાં થયેલા વધારા બાદ સરકાર એક્શનમાં આવી છે. ભાવમાં ઉછાળાને જોતા કેન્દ્ર સરકારે ઘઉંની સ્ટોક મર્યાદા ૩૦૦૦ ટનથી ઘટાડીને ૨૦૦૦ ટન કરવાની જાહેરાત કરી છે. સરકારના આ નિર્ણયનો તાત્કાલિક અમલ કરવામાં આવ્યો છે. આ નિર્ણયની જાહેરાત કરતા ખાદ્ય સચિવ સંજીવ ચોપરાએ જણાવ્યું હતું કે, તાજેતરના સમયમાં ઘઉંના ભાવમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને અમે સ્ટોક લિમિટની સમીક્ષા કરી છે અને ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૩થી વેપારીઓ, જથ્થાબંધ વેપારી અને મોટા ચેઈન રિટેલર્સની સ્ટોક લિમિટ ઘટાડીને ૨૦૦૦ ટન કરવામાં આવી છે. ૨,૦૦૦ ટન. અગાઉ, ૧૨ જૂન, ૨૦૨૩ ના રોજ, સરકારે ઘઉંના વેપારીઓ માટે માર્ચ ૨૦૨૪ સુધી ૩,૦૦૦ ટન ઘઉંના સ્ટોકની મર્યાદા લાદી હતી. જે હવે ઘટીને ૨,૦૦૦ ટન થઈ ગયું છે. છેલ્લા એક મહિનામાં વાયદાના વેપારમાં દ્રઝ્રઙ્ઢઈઠ પર ઘઉંના ભાવમાં ચાર ટકાનો ઉછાળો આવ્યો છે. ઘઉંની કિંમત વધીને ૨,૫૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થઈ ગઈ છે. ખાદ્ય સચિવે કહ્યું કે દેશમાં ઘઉંની પૂરતી ઉપલબ્ધતા છે પરંતુ એવું લાગે છે કે કેટલાક લોકો કૃત્રિમ રીતે ઘઉંની અછત સર્જવાનો પ્રયાસ કરી રહ્યા છે. ખાદ્ય સચિવે કહ્યું કે ઘઉંની આયાત પરનો ટેક્સ હટાવવાની સરકારની કોઈ યોજના નથી. તેમણે રશિયાથી ઘઉંની આયાત પર સરકારનું વલણ સ્પષ્ટ કર્યું અને કહ્યું કે હાલમાં સરકાર પાસે આવી કોઈ યોજના નથી. ખાદ્ય પુરવઠા મંત્રાલયે તેના પ્રકાશનમાં જણાવ્યું હતું કે તમામ ઘઉંનો સંગ્રહ કરતી સંસ્થાઓએ ઘઉંના સ્ટોક લિમિટ પોર્ટલ પર નોંધણી કરાવવી જરૂરી છે અને દર શુક્રવારે તેમને પોર્ટલ પર સ્ટોકની માહિતી પણ પ્રદાન કરવી જરૂરી છે. જે વેપારીઓ આવું નહીં કરે તેમની સામે આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. સરકારે જણાવ્યું હતું કે જે વેપારીઓ પાસે નિયત સ્ટોક મર્યાદા કરતાં વધુ સ્ટોક છે તેમણે નવા ઓર્ડરની સૂચના જારી થયાના ૩૦ દિવસની અંદર નિયત મર્યાદામાં સ્ટોક લાવવાનો રહેશે.

### પરિવારજનોએ લાખો રૂપિયાનું દેવું કરીને યુકે મોકલ્યા

# UK ગયેલા બે ગુજરાતીને ભયાનક મુસીબતમાં ફસાવી દીધા

**કામ માટે તેઓ કોઈ વિશ્વાસુ માણસની શોધમાં હતા, ત્યારે તેમનો સંપર્ક તેમના જ વતનના અને ઘણા વર્ષોથી યુકેમાં રહેતા એક વ્યક્તિ સાથે થયો હતો**

। અમદાવાદ, તા.૧૫ ।

સપ્ટેમ્બર ૨૦૨૨માં સ્ટૂડન્ટ વિઝા પર યુકે ગયેલા બે ગુજરાતી યુવક પોતાના જ ઓળખીતા એવા બે ઠગોની જાળમાં બરાબરના ફસાઈને હાલ કફોડી સ્થિતિમાં મૂકાઈ ગયા છે. લાખો રૂપિયાનો ખર્ચો કરીને ત્રણ વર્ષના સ્ટૂડન્ટ વિઝા પર યુકે ગયેલા આ બંને યુવકોએ લંડનની એક કોલેજમાં ગ્રેજ્યુએશનના કોર્સમાં એડમિશન લીધું હતું, પરિવારજનોએ જંગી દેવું કરીને બંનેને યુકે મોકલ્યા હોવાથી તેમના પર ભણવાની સાથે જોબ શોધવાનું પણ જબરજસ્ત પ્રેશર હતું. જોકે, મોટાભાગના કેસમાં થાય છે તેમ આ બંને યુવકોને પણ ઘણા મહિના સુધી રઝળપાટ કર્યા પછીય કોઈ નોકરી નહોતી મળી. એક તરફ ઘરે પૈસા મોકલવાનું પ્રેશર અને બીજી તરફ લંડનમાં નોકરી ના મળતી હોવાથી ખાવાપીવાના અને મકાનનું ભાડું ભરવાના પણ ફાંફા પડી જતાં આ બંને યુવકોએ એકાદ મહિના પછી કોલેજ જવાનું પણ બંધ કરી દીધું હતું, કારણકે નોકરી શોધવાના ટેન્શનમાં તેઓ ભણવા પર જરાય ધ્યાન આપી શકે તેમ નહોતા.

આખરે ખાસ્સી મહેનત બાદ તેમને એક જગ્યાએ જોબ મળી, પરંતુ તે પણ કેશમાં હતી અને આખો દિવસ તનતોડ કામ કર્યા બાદ પણ તેમના હાથમાં મહિને હજાર પાઉન્ડ પણ માંડ-માંડ આવતા હતા. આ કામ માટે તેઓ કોઈ વિશ્વાસુ માણસની શોધમાં હતા, ત્યારે તેમનો સંપર્ક તેમના જ વતનના અને ઘણા વર્ષોથી યુકેમાં રહેતા એક વ્યક્તિ સાથે થયો હતો. આ વ્યક્તિ લંડનની એક રેસ્ટોરાંમાં કેશિયર તરીકે કામ કરતો હતો અને તેણે ત્યાં જ આ બંનેને મળવા માટે બોલાવ્યા હતા. જ્યારે તેમની વચ્ચે મુલાકાત થઈ ત્યારે કેશિયર તરીકે કામ કરતા આ વ્યક્તિએ બંને ગુજરાતી સ્ટૂડન્ટ્સને એવું કહીને ભરમાવ્યા હતા કે હવે તે લોકો યુકેમાં ભણી નહીં શકે, અને કોલેજોની ફી ભરીને અહીં રહેવા કરતા જો તે લોકો વર્ક પરમિટ લઈ લે તો તેમનું કામ આસાન થઈ જશે અને તે બંને કોઈ રોકટોક વિના જ યુકેમાં કામ કરીને મહિને બે-અઢી હજાર પાઉન્ડ આરામથી કમાઈ શકશે અને બાકીનો ખર્ચો કાઢતા તે દોઢેક હજાર પાઉન્ડ બચાવી પણ શકશે. પોતાને જે જોઈતું હતું તેની જ વાત આ વ્યક્તિએ કરતાં બંને ગુજરાતી સ્ટૂડન્ટ્સ તેની વાતોમાં આવી ગયા હતા, અને તેમનો વિશ્વાસ જીતી લઈને આ વ્યક્તિએ એવું કહ્યું હતું કે તે એક એવા માણસને ઓળખે છે કે જે સ્ટૂડન્ટ વિઝાને વર્ક વિઝામાં કન્વર્ટ કરાવી શકે છે, પરંતુ આ કામ માટે તેમને ૧૦-૧૦ હજાર પાઉન્ડ આપવા પડશે. આ બંને સ્ટૂડન્ટ્સને યુકેની વર્ક પરમિટ તો લેવી હતી, પરંતુ તેઓ આ કામ કરાવી આપનારા બીજા એક ગુજરાતીને એક સાથે કુલ ૨૦ હજાર પાઉન્ડ ચૂકવી શકે તેવી સ્થિતિમાં નહોતા. ત્યારે આ વ્યક્તિએ તેમને હપ્તેથી પૈસા આપી દેવાની ઓફર કરી હતી, અને તેની વાતોમાં આવી જનારા આ બંને સ્ટૂડન્ટ્સ આખરે તેના માટે તૈયાર થઈ ગયા હતા.

શરૂઆતમાં તેમને એવું કહેવામાં આવ્યું હતું કે તેમને વેરહાઉસમાં જોબ અપાવીને તેના આધારે જ વર્ક પરમિટ અપાવી દેવાશે, પરંતુ પછી આ બંને લોકો કેરર વિઝા અપાવવાની વાત કરવા લાગ્યા હતા. જ્યારે સ્ટૂડન્ટે કેરર વિઝા માટે ના પાડી તો તેમને એવી રીતે ઉંઠા ભણાવાયા હતા કે એકવાર જે વિઝા આવે છે તે લઈ લો, પછીનું પછી જોયું જશે. પોતાની પાસે કોઈ વિકલ્પ ના રહેતા આ સ્ટૂડન્ટ્સ તેના માટે પણ તૈયાર થઈ ગયા હતા, પરંતુ ત્યારે તેમને ખબર નહોતી કે આ બધું કરીને તેમને બોટલમાં ઉતારનારા પેલા બંને લોકો માત્ર ટાઈમપાસ કરી રહ્યા છે. વર્ક વિઝા અપાવવાના નામે સ્ટૂડન્ટ્સને ફસાવનારા લંડનના આ બંને ગુજરાતી ઠગોએ તેમનો નકલી ઈન્ટરવ્યુ પણ કરાવ્યો હતો, અને ત્યારબાદ તેમની પાસેથી ફેબ્રુઆરીથી એપ્રિલ મહિનાના ગાળા દરમિયાન ટુકડે-ટુકડે કરીને કુલ ૧૭ હજાર પાઉન્ડ લઈ લીધા હતા. ૧૭ હજાર પાઉન્ડની વ્યવસ્થા કરવા માટે આ બંને સ્ટૂડન્ટ્સે પોતાના ઘરેથી પણ ઘણા પૈસા મગાવ્યા હતા. તેમને યુકે મોકલવા માટે આ યુવકોના મા-બાપે દેવું કર્યું જ હતું પરંતુ તેમને વર્ક પરમિટ મળી જાય તે માટે તેમણે બીજું દેવું કરીને તેમના સંતાનોને પૈસા મોકલ્યા હતા.



**ગુજરાતી સ્ટૂડન્ટ્સની યુકેમાં સ્થિતિ ખૂબ જ ખરાબ થઈ ગઈ હતી**

**આ બંને સ્ટૂડન્ટ્સની હકીકતથી તેમને વર્ક વિઝા અપાવી દેવાની વાત કરતાં બંને ઠગ પણ સારી રીતે વાકેફ હતા, પરંતુ તેમને માત્ર પૈસામાં જ રસ હતો. આખરે તેમની પાસેથી ૧૭ હજાર પાઉન્ડ મળી જતાં આ બંને ઠગોનું વર્તન જાણે રાતોરાત બદલાઈ ગયું હતું, તેમણે આ સ્ટૂડન્ટ્સના ફોન રિસીવ કરવાનું બંધ કરી દીધું હતું અને જો ક્યારેક તેઓ તેમને મળી જાય તો પણ તે બંને ગલ્લા-તલ્લાં કરીને તેમને ધક્કા ખવડાવતા હતા. તો બીજી તરફ, ૧૭ હજાર પાઉન્ડ આપી દીધા બાદ આ બંને ગુજરાતી સ્ટૂડન્ટ્સની યુકેમાં સ્થિતિ ખૂબ જ ખરાબ થઈ ગઈ હતી.**

**બંને ઠગ યુકેમાં ગુજરાતના કેટલાય છોકરા-છોકરીઓને પોતાની જાળમાં ફસાવીને તેમની પાસેથી હજારો પાઉન્ડ પડાવી ચૂક્યા છે**

**શરૂઆતમાં તો તેમણે એવી વાત કરી હતી કે તમે જે પૈસા અમને આપ્યા હતા તે બાઉન્સ થયા છે. પૈસા પાછા આપવાના આવ્યા ત્યારે આ ઠગોએ અલગ જ સ્ટોરી ઉભી કરતાં આખરે આ સ્ટૂડન્ટ્સને પોતાની સાથે છેતરપીંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. આ દરમિયાન યુકેમાં સ્ટૂડન્ટ વિઝાને ટિયર ટુ વિઝામાં કન્વર્ટ કરાવવાના નિયમોમાં જ ફેરફાર થઈ જતાં તેમની રહી-સહી આશા પર પણ પાણી ફરી વળ્યું હતું. પોતે આપેલા ૧૭ હજાર પાઉન્ડ પાછા મેળવવા માટે તેમની સાથે છેતરપિંડી કરનારા બંને શખસોની આગળ-પાછળ ફરી તેમને ભાઈ-બાપા કરનારા આ બંને સ્ટૂડન્ટ્સ ઘણીવાર તો પૈસા માટે તેમની આગળ રડી પણ પડતા હતા, પરંતુ આ ઠગોને જાણે તેનાથી કશોય ફરક જ નહોતો પડતો. આ દરમિયાન એક દિવસ પોતાની ધીરજ ખૂટી જતાં આ સ્ટૂડન્ટ્સે તેમના ૧૭ હજાર પાઉન્ડનો ફાંદો કરનારા તે બંને ઠગ સાથે મોટો ઝઘડો પણ કર્યો હતો, અને ત્યારે તેમને મોઢે જ એવું કહી દેવાયું હતું કે હવે તમારાથી થાય તે કરી લો, પણ તમને તમારા પૈસા પાછા તો નહીં જ મળે. આખરે કોઈ રસ્તો ના રહેતા આ અંગે આ સ્ટૂડન્ટ્સે પોતાના પરિવારજનો સાથે આ મામલે વાત કરતાં તેમના પરિવારજનો ગુજરાતમાં આ બંને ઠગની ફેમિલી જ્યાં રહેતી હતી ત્યાં પહોંચ્યા હતા. જોકે, તેમના પરિવારજનોએ તો તેમને ઓળખવાનો જ ઈનકાર કરી દેતા એવું કહી દીધું હતું કે તેમની સાથે અમારે હવે વાતચીતના કોઈ સંબંધ જ નથી રહ્યા.**

## ગુજરાતમાં આગામી ૯ દિવસ ભારે વરસાદ તૂટી પડશે : હવામાન વિભાગની આગાહી

। ગાંધીનગર, તા.૧૫ ।

રાજ્યમાં આગામી ૩ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ૧૬-૧૭-૧૮ના રોજ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે. ૧૬ તારીખે વલસાડ અને દમણ, દાદરા નગરમાં હવેલીમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. દક્ષિણના જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે. વલસાડ, છોટા ઉદેપુર, નર્મદા, ડાંગ, નવસારી, તાપી અને દમણ, દાદરા નગરમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાત પ્રદેશના સુરત, નવસારી, ડાંગ, વલસાડ અને માં દમણ, દાદરા નગર હવેલીમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. તો આણંદ, પંચમહાલ, દાહોદ, વડોદરા, ભરૂચ તાપી અને સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં એટલે કે ભાવનગરમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા વરસાદને લઈને મોટી આગાહી કરાઈ છે. ગુજરાત માં ૧૬થી ૧૮ સપ્ટેમ્બર સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી રાઈ છે.

### AMCએ શરૂ કરી ગણેશ વિસર્જનની તૈયારીઓ

# શહેરમાં આઠ કરોડના ખર્ચે બનાવાશે ૪૬ વિસર્જન કુંડ

। અમદાવાદ, તા.૧૫ ।

ગણતરીના દિવસોમાં ગણેશ મહોત્સવની શરૂઆત થવા જઇ રહી છે ત્યારે અમદાવાદ મહાનગરપાલિકાએ અત્યારથી જ ગણેશ વિસર્જનને લઈ તૈયારીઓ શરૂ કરી દીધી છે. મળતી જાણકારી અનુસાર, અમદાવાદ મનપાની મળેલી બેઠકમાં અંદાજે ૮ કરોડના ખર્ચે ૪૬ વિસર્જન કુંડ તૈયાર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. સાબરમતી નદીના રિવરફ્રંટ ખાતે અલગ- અલગ ૪૬ સ્થળે કુંડ તૈયાર કરવા સૂચના આપવામાં આવી છે. તો ઉત્તર પશ્ચિમ, પશ્ચિમ ઝોન અને દક્ષિણ પશ્ચિમ ઝોનના નાગરિકોને સાબરમતી રિવરફ્રંટ સુધી આવવું ના પડે તે માટે નજીકના ખુલ્લા પ્લોટમાં વિસર્જન કુંડ તૈયાર કરવામાં આવી રહ્યા છે. તો તમામ કુંડ બહાર ફાયરવિભાગની ટીમ, એસ્ટેટ વિભાગની ટીમ અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટની ટીમને પણ સ્ટેન્ડ બાય રહેવા સૂચના આપવામાં આવી છે. એક કુંડ તૈયાર કરવા પાછળ કોર્પોરેશન સરેરાશ ૧૮થી ૨૦ લાખનો ખર્ચ કરશે. જ્યારે કુંડની ઊંડાઈ ૯ ફૂટ જેટલી રાખવામાં આવશે. મધ્ય ઝોનમાં ૯, ઉત્તર ઝોનમાં ૬, દક્ષિણ ઝોનમાં ૫, પૂર્વ ઝોનમાં ૪, પશ્ચિમ ઝોનમાં ૧૩, ઉત્તર પશ્ચિમ ઝોનમાં ૯ વિસર્જન કુંડ તૈયાર કરવામાં આવશે. વડોદરામાં પણ પ્રશાસન દ્વારા ગણેશ વિસર્જનને લઈને તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

### રાજ્યની નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં ૧૮૮૫ શિક્ષકો લાયકાત વિનાના

# પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ અંગે સરકારે સ્વીકાર કર્યો હતો કે રાજ્યની ૯૨૬ સ્કૂલો માત્ર એક જ શિક્ષકથી ચાલે છે

। અમદાવાદ, તા.૧૫ ।

રાજ્યના નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં લાયકાત વિનાના શિક્ષકો બાળકોને ભણાવતા હોવાનો સરકારે લેખિતમાં સ્વીકાર કર્યો હતો. વિધાનસભામાં ખંભાતના ધારાસભ્ય ચિરાગ પટેલના સવાલના જવાબમાં સરકારે જણાવ્યું હતું કે રાજ્યની નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં RTE ની જોગવાઈ મુજબ લાયકાત ના ધરાવતા શિક્ષકો હોવાનું સામે આવ્યું છે. શિક્ષણમંત્રી કુબેર ડિંડોરનો લેખિતમાં સ્વીકાર કર્યો હતો કે રાજ્યની નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં ૧૮૮૫ શિક્ષકો લાયકાત વગરના છે. રાજ્યની ૭૬૦ નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં લાયકાત વગરના શિક્ષકો હોવાનો સરકારે સ્વીકાર કર્યો હતો. નોંધનીય છે કે ગુજરાત વિધાનસભાના બીજા દિવસે કોંગ્રેસે સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. બીજી તરફ રાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં શિક્ષકોની ઘટનો મુદ્દો પણ ગૃહમાં ગૂંજ્યો હતો. કોંગ્રેસના ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાએ રાજ્યની યુનિવર્સિટીઓ અને કોલેજોમાt NAACની માન્યતાને લઈને સવાલ પૂછ્યો હતો જેના જવાબમાં સરકારે સ્વીકાર કર્યો હતો કે ગુજરાતમાં ૮૮ યુનિવર્સિટીઓ અને ૨ હજાર ૩૭૧ કોલેજો પાસે NAACની માન્યતા નથી અને ૨૦ યુનિવર્સિટી તથા ૯૭ કોલેજ પાસે જ NAACની માન્યતા છે. બાકી રહેલી યુનિવર્સિટી અને કોલેજને માન્યતા મેળવવા માટે સૂચના આપવામાં આવી છે. બીજી તરફ પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ અંગે સરકારે સ્વીકાર કર્યો હતો કે રાજ્યની ૯૨૬ સ્કૂલો માત્ર એક જ શિક્ષકથી ચાલે છે. એક શિક્ષકથી ચાલતી સૌથી વધુ શાળાઓ કચ્છ અને મહિસાગર જિલ્લામાં છે. તો તાપી, નર્મદા અને બનાસકાંઠા જિલ્લામાં પણ એક જ શિક્ષક ધરાવતી સ્કૂલોની સંખ્યા ૫૦થી વધુ છે.

## ક્યાં કેટલી શાળામાં લાયકાત વગરના કેટલા શિક્ષકો ?

**રાજ્યના નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં લાયકાત વિનાના શિક્ષકો બાળકોને ભણાવતા હોવાનો સરકારે લેખિતમાં સ્વીકાર કર્યો હતો. વિધાનસભામાં ખંભાતના ધારાસભ્ય ચિરાગ પટેલના સવાલના જવાબમાં સરકારે જણાવ્યું હતું કે રાજ્યની નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં RTEની જોગવાઇ મુજબ લાયકાત ના ધરાવતા શિક્ષકો હોવાનું સામે આવ્યું છે. શિક્ષણમંત્રી કુબેર ડિંડોરનો લેખિતમાં સ્વીકાર કર્યો હતો કે રાજ્યની નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં ૧૮૮૫ શિક્ષકો લાયકાત વગરના છે. રાજ્યની ૭૬૦ નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં લાયકાત વગરના શિક્ષકો હોવાનો સરકારે સ્વીકાર કર્યો હતો. ક્યાં કેટલી શાળામાં લાયકાત વગરના કેટલા શિક્ષકો છે તે નીચે મુજબ છે.**

- અમદાવાદની ૩૦૬ નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં ૮૦૫ શિક્ષકો લાયકાત વગરના
- રાજકોટની ૧૪૮ નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં ૩૧૨ શિક્ષકો લાયકાત વગરના
- સાબરકાંઠાની ૯ નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં ૧૬ શિક્ષકો લાયકાત વગરના
- ભાવનગરની ૭૯ નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં ૨૪૧ શિક્ષકો લાયકાત વગરના
- જામનગરની 3 નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં ૬ શિક્ષકો લાયકાત વગરના
- અમરેલીની ૩૨ નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં ૬૫ શિક્ષકો લાયકાત વગરના
- ભરૂચની ૬ નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં ૧૧ શિક્ષકો લાયકાત વગરના
- બનાસકાંઠાની ૩૭ નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં ૭૩ શિક્ષકો લાયકાત વગરના
- સુરેન્દ્રનગરની ૪૮ નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં ૧૨૨ શિક્ષકો લાયકાત વગરના
- ગાંધીનગરની ૫૫ નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં ૧૩૬ શિક્ષકો લાયકાત વગરના
- બોટાદની 3 નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં ૧૧ શિક્ષકો લાયકાત વગરના
- ગીર સોમનાથની ૩૪ નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં ૮૭ શિક્ષકો લાયકાત વગરના


## વિશેષ લેખ

### બ્રેઇલ લિપિ : પ્રજ્ઞાચક્ષુઓનું ટેલીપ્રોમ્પ્ટર


# બ્રેઇલ લિપિનાં શોધક લૂઈ બ્રેઇલ : લાખો કરોડો અંધજનોની આંખો બન્યા



સાંપ્રત પ્રવાહો
લેખક : દીપક જગતાપ








આંખો વિનાની દુનિયાની તો કલ્પના જ આપણને ધ્રુજાવી જાય છે. અંધાપો એ એટલો મોટો અભિશાપ છે કે અંધારી દુનિયામા અજવાળામાં જીવવુ કેટલુ દુષ્કર હોય એ તો અંધજન ની આંખ અને હૈયુ જ કહી શકે. આવા લાખો કરોડો અંધજનો નીઆંખો બન્યા હતાલૂઈ બ્રેઈલ. જેમણે અંધજનો માટે બ્રેઈલ લિપિ ની શોધ કરી. અને આંગળીટેરવાં ની આંખ થી વાંચતા લખતા કર્યા. આ ગજબની શોધ નાં શોધકલૂઈ બ્રેઈલનો ૪જાન્યુ આરીએ વિશ્વ એ ગૌરવ ભેરજન્મ જયંતી ઉજવી.૧૪સપ્ટેમ્બરના રોજ અંધજન દિવસ ઉજવાયછે. અંધત્વ એ અભિશાપ નથી પણ આંખની શારીરિક ખામી છે. યોગ્ય સમયે એનો ઈલાજ કરવામાં આવે તો આંખની જ્યોતિ પ્રાપ્ત કરી શકાય છે. ઈશ્વરે જે લોકોને આંખ આપી છે અને જેમની પાસે અક્ષરજ્ઞાન છે તેમના માટે વાંચન સરળ વસ્તુ છે, પણ જેમની પાસે આંખો નથી તેમના માટે વાંચન એક કલ્પના બરાબર હતું. આજે નેત્રહીન લોકો પણ બ્રઈલ લિપિને આભારી સરળતાથી વાંચી શકે છે.

અંધજનો માટે કાગળ ઉપર ચાર છિદ્રોની વિવિધ પેટર્નો દ્વારા લખવામાં આવતી લિપિ ઉપયોગમાં લેવાય છે. આ લિપિને બ્રેઈલ કહે છે. અંધજનો કાગળ ઉપર આંગળીના ટેરવાં ફેરવીને છિદ્રોના ખાડા-ટેકરા અનુભવીને અક્ષર ઓળખી શકે છે અને વાંચી શકે છે. અંધજનો માટે ઉપયોગી એવી આ શોધ લૂઈ બ્રેઈલ નામના શોધકે કરેલી. તે વિજ્ઞાનીક નહોતો પરંતુ એક મહાન શોધકહતો.નવાઈની વાત એ છે કે બ્રેઈલ પોતે અંધ હતો. બ્રેઈલનો જન્મ ઈ.સ. ૧૮૦૯ના જાન્યુઆરીની ૪ તારીખે ફ્રાન્સના કૂપ્રે ગામે થયો હતો. તેના પિતા ખેડૂત ઉપરાંત ચામડાની ચીજવસ્તુઓ બનાવતા હતા. બાળવયમાં બ્રેઈલ તેના પિતાની વર્કશોપમાં રમવા જતો. તે પાંચ વર્ષનો હતો ત્યારે આ રીતે રમત રમતમાં તેણે એક ચામડામાં લોખંડના ઓજાર વડે છિદ્ર પાડવાનો પ્રયાસ કર્યો. આ દરમિયાન તેના હાથમાંનો સળિયો છટકીને તેની આંખમાં વાગ્યો અને જમણી આંખ ફૂટી ગઈ તેની તેના પિતાએ ઘણી સારવાર કરાવી પરંતુ જમણી આંખમાં ચેપ લાગ્યો અને તે બીજી આંખમાં પણ પ્રસરી ગયો. આમ પાંચ વર્ષની ઉંમરે તે અંધ બની ગયેલો.

અંધ હોવા છતાંય બ્રેઈલ પ્રતિભાશાળી અને બુદ્ધિમાન હતો. તે ગામના શિક્ષકો અને પાદરી તેનાથી પ્રભાવિત થયા અને તેને ભણવા મોકલવા ભલામણ કરી. ફ્રાન્સમાં વિશ્વની પ્રથમ અંધશાળા રોયલ ઈન્સ્ટિટયૂટ હતી. બ્રેઈલ આ શાળામાં જોડાયો. તે શાળાના પ્રિન્સિપાલ વેલેન્ટાઈન હોએ પોતાનું જીવન અંધ બાળકોને શિક્ષણ આપવામાં સમર્પિત કર્યું હતું. તેમણે કાગળ ઉપર ખાડા ટેકરા ઉપસાવી લિપિ બનાવેલી. બ્રેઈલે આ લિપિનો વધુ અભ્યાસ કરી નવી લિપિ વિકસાવીને જગતભરના અંધ વ્યક્તિઓને ઉપયોગી બની. બ્રેઈલ સારો સંગીતકાર હતો. તેણે સંગીતશિક્ષક તરીકે જીવન વિતાવ્યું. બ્રેઈલ વિશ્વભરમાં મહાન શોધક તરીકે વિખ્યાત થયો. ઘણા દેશોએ બ્રેઈલના માનમાં ટપાલટિકિટો અને ચલણી સિક્કા બહાર પાડયા હતા.

તેમણે બ્રેઈલ લિપિની શોધ કરવા પાછળ તેમના જીવનનાં આઠ વર્ષ ગાળ્યાં હતાં. તેમની ધીરજ અને મહેનતને પરિણામે ૧૮૨૯માં તેમણે એક એવી લિપિ વિકસાવી હતી કે જેની મદદ વડે નેત્રહીન લોકો પણ સરળતાથી વાંચી શકે. તેમણે કાગળ પર બિંદુઓનો એવી રીતે ઉપસાવ્યા હતા કે જેને આંગળી દ્વારા સ્પર્શી ચક્ષુવિહીન લોકો પ્રત્યેક અક્ષરને ઓળખી કાઢી શકે.

બ્રેઈલ લિપિ ઘડવાનો વિચાર લુઈસને કેપ્ટન ચાર્લ્સ બાર્બર નામના એક નિવૃત્ત સેના અધિકારી પાસેથી મળ્યો હતો. રોયલ ઈન્સ્ટિટયૂટ ફોર બ્લાઈન્ડ સ્કૂલમાં અભ્યાસ દરમિયાન લુઈસને ખબર પડી કે એક નિવૃત્ત સેના અધિકારીએ એવી લિપિ વિકસાવી હતી કે જે રાતના અંધારામાં પણ સ્પર્શ વડે વાંચી શકાય. તેમણે આ લિપિ એટલા માટે વિકસાવી હતી કે સૈનિકો કોઈ સંદેશો રાત્રિના સમયે પણ સ્પર્શ વડે વાંચી શકે. લુઈસે તેમની સ્કૂલના પાદરી પાસે ચાર્લ્સ બાર્બરને મળવાની રજૂઆત કરી અને તેમની મુલાકાત માટે વ્યવસ્થા કરી આપી. સ્વયં ચાર્લ્સ જ્યારે લુઈસને મળ્યા ત્યારે તેનો આત્મવિશ્વાસ જોઈને દંગ થઈ ગયા. તેમણે લિપિ અંગેનું જ્ઞાન આપ્યું. તે પછી લુઈસને બ્રેઈલ લિપિના સંશોધન પાછળ આઠ વર્ષ જેટલો સમય લાગ્યો હતો. એ જાણીને ખરેખર આશ્ચર્ય થાય કે નેત્રહીન વ્યક્તિએ બ્રેઈલ લિપિની શોધ કરી છે.

જે પછી ઈ.સ. ૧૮૫૪માં સમગ્ર ફ્રાન્સમાં બ્રેઈલ સિસ્ટમનો ઉપયોગ અંધજનો માટે થવા લાગ્યો હતો. આજે અદ્યતન સોફ્ટવેર ડીબીટી (ડુક્ષબરી બ્રેઈલ ટ્રાન્સલેશન)ના માધ્યમ થી કોઈ પણ લખાણને સંપૂર્ણ પણે બ્રેઈલીકૃત કરી શકાય છે જેના માધ્યમથી બ્રેઈલ લિપિમાં સાહિત્ય, વિજ્ઞાન, સંગીત, નવલકથાઓ, વાર્તાઓ, તત્વચિંતન જેવા વિષયોનું બ્રેઈલીકરણ કરી પ્રજ્ઞાચક્ષુઓને ઉપલબ્ધ કરાવવામાં આવે છે. ગુજરાત સરકારના સરકારી ગ્રંથપાલ નિયામક તરફથી પુસ્તકાલય માટે રૂા. ૨(બે) લાખ સુધીની ગ્રાન્ટ આપવામાં આવે છે. દરેક વ્યક્તિના જીવનમાં કલા મહત્વનો ભાગ ભજવે છે. લેખન અને વાંચન એ મનની સુષુપ્ત શક્તિને ખીલવે છે, તેથી આ સોફ્ટવેરના આધુનિક વિચારથી પ્રજ્ઞાચક્ષુઓ માટે લેખન અને વાંચન સરળ થઈ શક્યું છે.

રાજકોટના આવા જ એક બ્રેઈલ પુસ્તકાલયની વાત કરીએ તો શ્રી અંધજન કલ્યાણ મંડળ – રાજકોટ ની લાયબ્રેરી કે જે પી.ડી માલવિયા કોલેજના કેમ્પ સમાં કાર્યરત છે જ્યાં ૪૦૦૦ જેટલા સાહિત્ય, વિજ્ઞાન, સંગીત, નવલકથાઓ, વાર્તાઓ, તત્વચિંતન જેવા વિષયોના વોલ્યૂમ ઉપલબ્ધ છે. તો અન્ય એવા જ શ્રી વ્રજલાલ દુર્લભજી પારેખ અંધ મહિલા વિકાસ ગૃહ – રાજકોટ ની લાયબ્રેરી માં ૫૦૦ જેટલા પુસ્તકો અને ૨૦૦૦ વોલ્યુમ ઉપલબ્ધ છે.

આ મહાન શોધકને સો સો સલામ કરવાનુ મન જરૂર થાય.

# પાકિસ્તાન એશિયા કપમાંથી ફેંકાઈ જતા કેપ્ટન બાબરનું માથું શરમથી ઝૂકી ગયું

## એશિયા કપ પાકિસ્તાને ગ્રુપ મેચ અને સુપર-૪માં ધમાકેદાર શરુઆત કરી પરંતુ ભારત સામેની હાર પછી આખું પલડું ફરી ગયું



। નવી દિલ્હી, તા.૧૫ ।

પાકિસ્તાનની નબળી શરુઆત અને વરસાદના વિઘ્ન વચ્ચે ફખર ઝમાન, વિકેટકીપર મોહમ્મદ રિઝ્વાન અને ઈફ્તિકાર અહેમદના કારણે પાકિસ્તાન સન્માનજનક સ્કોર ઉભો કરી દીધો હતો. પરંતુ શ્રીલંકાને વરસાદના કારણે ફાયદો થઈ ગયો અને DLS મેથડથી ટીમને જીત આપવામાં આવી હતી. આ સાથે જ પાકિસ્તાનનું ફાઈનલમાં પહોંચવાનું સપનું રોળાઈ ગયું છે. એશિયા કપ પાકિસ્તાને ગ્રુપ મેચ અને સુપર-૪માં ધમાકેદાર શરુઆત કરી પરંતુ ભારત સામેની હાર પછી આખું પલડું ફરી ગયું, સુપર-૪ની સેમિફાઈનલ જેવી સ્થિતિમાં પાકિસ્તાનની ફાઈનલમાં પહોંચવાની આશાઓ શ્રીલંકાએ ધરાશાયી કરી દીધી હતી. કોલંબોના આર પ્રેમાદાસા સ્ટેડિયમમાં રમાયેલી સુપર-૪ રાઉન્ડની મેચમાં શ્રીલંકાએ છેલ્લા બોલે પાકિસ્તાનને હરાવી ફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે, આ સાથે ૧૧મી વખત એશિયા કપની ફાઈનલમાં પ્રવેશ કરવાનો રેકોર્ડ બનાવી લીધો છે. વરસાદથી પ્રભાવિત આ મેચમાં પાકિસ્તાની ટીમે ૪૨ ઓવરમાં ૨૫૨ રન બનાવ્યા હતા. જેના જવાબમાં શ્રીલંકાને છેલ્લા બોલ પર ૨ રનની જરૂર હતી અને સ્ટ્રાઈક પર આવેલા ચરિથ અસલંકાએ જમાન ખાનના બોલ પર ૨ રન લઈને ટીમને વિજય અપાવ્યો હતો. હવે ૧૭ સપ્ટેમ્બરે એશિયા કપ T20 ડિફેન્ડિંગ ચેમ્પિયન શ્રીલંકા ફાઈનલમાં ભારત સામે ટકરાશે. પાકિસ્તાની ટીમની આ હારથી કેપ્ટન બાબર આઝમ ઘણો નિરાશ દેખાઈ રહ્યો હતો. મેચ બાદ તેણે હારના બે કારણો દર્શાવ્યા. બાબરે કહ્યું, 'આખરે અમે અમારા શ્રેષ્ઠ બોલરો સાથે બોલિંગ કરવાનો નિર્ણય કર્યો. તેથી મેં શાહીનને ૪૧મી ઓવર આપી અને પછી અમે છેલ્લી ઓવર માટે જમાન ખાન પર વિશ્વાસ કર્યો પરંતુ શ્રીલંકા સારી રીતે રમ્યું અને અમારા કરતા સારું રમ્યું, તેથી જ તેઓ જીતી ગયા.' બાબર આઝમે વધુમાં કહ્યું, 'અમારી બોલિંગ અને ફિલ્ડિંગ સારા નહોતા. અમે બંને ભાગમાં અમારી સંપૂર્ણ ક્ષમતા દર્શાવી નહોતી, તેથી અમે હારી ગયા. વચ્ચેની ઓવરો મહત્વની હતી. અમે મધ્ય ઓવરોમાં ખરાબ બોલિંગ કરી, જેના કારણે અમારે નુકસાન સહન કરવું પડ્યું. અમે મેન્ડિસ અને સમરવિક્રમા વચ્ચે ભાગીદારીને ખીલવાની મંજૂરી આપી, જેના માટે અમારે કિંમત ચૂકવી પડી. અમે સારી શરૂઆત કરી રહ્યા હતા અને સારી રીતે સમાપ્ત કરી રહ્યા હતા પરંતુ મધ્ય ઓવરોમાં વિકેટ લેવામાં નિષ્ફળ રહ્યા હતા. શ્રીલંકાની જીતમાં કુશલ મેન્ડિસ અને ચરિથ અસલંકાએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

મેન્ડિસે ૮૭ બોલમાં ૯૧ રનની ઈનિંગ્સ રમી હતી અને અસલંકાએ ૪૭ બોલમાં અણનમ ૪૯ રન બનાવ્યા હતા અને વિનિંગ રન તેના જ બેટથી આવ્યા હતા.



જમ્મુના જમ્મુ અને કેના અનંતનાગ જિલ્લામાં આતંકવાદીઓ સાથો ગોળીબારમાં શહીદ થયેલા ૩ સૈનિકોને વિદ્યાર્થીઓ દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

### પાકિસ્તાન માટે પ્રથમ વખત વન-ડે રમી રહ્યો હતો

## શ્રીલંકા સામે હાર બાદ જમાન ખાન મેદાન ઉપર રડી પડ્યો



। કોલંબો, તા.૧૫ ।

શ્રીલંકાને છેલ્લા બે રનની જરુર હતી, પાકિસ્તાન માટે પહેલીવાર મેચ રમી રહેલો જમાન ખાન પોતાની ટીમને જીત ન અપાવી શક્યો. આવામાં જમાન ખાન ઘણો જ ઈમોશનલ પણ થઈ ગયો હતો. જ્યારે શ્રીલંકાની ટીમ મેચ જીતવામાં સફળ હતી તો બોલર નિરાશ થઈ પિચ પર બેસી ગયા હતા. મેચમાં હાર બાદ જમાન ખાનની આંખોમાં આંસુ આવી ગયા હતા. ત્યાર બાદ શાહીન અફરીદી તેની પાસે આવ્યો હતો અને તેને સમજાવતો જોવા મળતો હતો. શાહીને તેને ગલે લગાવી સાત્વના આપી હતી. સોશિયલ મીડિયા પર શાહિને જેસ્ચરની ભરપુર તારીફ કરી હતી. છેલ્લી ઓવરમાં રહ્યો હતો રોમાંચ, પહેલો બોલમાં ૧ રન, બીજા બોલમાં ૦ રન, ત્રીજા બોલમાં ૧ રન, ચોથા બોલ પર વિકેટ, પાંચમા બોલમાં ચોગ્ગો, છઠ્ઠા બોલમાં ૨ રન, છેલ્લી ૫ ઓવરમાં શ્રીલંકાને જીત માટે ૯૨ રનની જરુર હતી. ત્યાર બાદ છેલ્લી બે ઓવરમાં ૧૨ રનની જરુર હતી. તો છેલ્લી ઓવરમાં જીતવા માટે કુલ આઠ રનની જરુર હતી.

### ન્યૂઝ બ્રિફ

## નૂહ હિંસાના મામલે કોંગ્રેસના ધારાસભ્ય મમ્મન ખાનની ધરપકડ



। નૂહ, તા.૧૫ ।

હરિયાણાના નૂહમાં થયેલી હિંસા મામલે ફિરોઝપુર ઝિરકાના કોંગ્રેસના ધારાસભ્ય મમ્મન ખાનની ધરપકડ કરવામાં આવી છે. ૩૧ જુલાઈના રોજ નૂહમાં ફાટી નીકળેલી કોમી હિંસા મામલે નોંધાયેલી એફઆઈઆરમાંથી એકમાં તેમનું નામ આરોપી તરીકે છે. ગત અઠવાડિયે નૂહ પોલીસે મમ્મન ખાનની પૂછપરછ કરી હતી. આવતીકાલે તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવશે. આ સિવાય પોલીસે હરિયાણાના નૂહમાં સાંપ્રદાયિક હિંસા દરમિયાન એક વ્યક્તિ પર ગોળી મારવાના આરોપીની પણ ધરપકડ કરી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, પોલીસે સોહના સિટી પોલીસ સ્ટેશનમાં ૩૧ જુલાઈના રોજ નોંધાયેલી એફઆઈઆરના આધારે મોહમ્મદ કૈફની ધરપકડ કરી હતી. ૩૧ જુલાઈના રોજ નૂહમાં વિશ્વ હિન્દુ પરિષદની શોભાયાત્રા પર ટોળાએ હુમલો કર્યો હતો. હિંસામાં છ લોકો માર્યા ગયા હતા, જેમાંથી મોટાભાગના લોકો શોભાયાત્રા પર થયેલા હુમલા દરમિયાન માર્યા ગયા હતા. ગુરુગ્રામમાં મસ્જિદ પર થયેલા હુમલામાં એક ઈમામનું મોત થયું હતું.

## યુએસના બે રાજદ્વારીને સાત દિવસમાં દેશ છોડવા આદેશ

। મોસ્કો, તા.૧૫ ।

રશિયાના વિદેશ મંત્રાલયે અમેરિકાના બે રાજદ્વારીઓને ગેરકાયદે પ્રવૃત્તિઓમાં સંડોવણી બદલ અનિચ્છનીય વ્યક્તિ ગણાવ્યા હતા અને તેમને સાત દિવસમાં દેશ છોડી જતા રહેવાનો આદેશ કર્યો હતો. રશિયાના મંત્રાલયે એક નિવેદનમાં આરોપ મૂક્યો કે રશિયામાં અમેરિકી દૂતાવાસના પ્રથમ સચિવ જેફ્રે સિલિન અને દ્વિતીય સચિવ ડેવિન બર્નસ્ટીન વ્લાદિવોસ્તોકમાં અમેરિકી દૂતાવાસના એ પૂર્વ કર્મચારીના સંપર્કમાં હતા જેની આ વર્ષની શરૂઆતમાં ધરપકડ કરાઈ હતી. અમેરિકી રાજદ્વારીઓ પર પૂર્વ કર્મચારી દ્વારા જાસૂસી કરાવવાનો આરોપ પણ લગાવાયો છે. પૂર્વ કર્મચારી શોનોવ પર યુક્રેનમાં રશિયાની સૈન્ય કાર્યવાહી તથા સંબંધિત મુદ્દાઓ વિશે અમેરિકી રાજદ્વારીઓ માટે સૂચન એકઠી કરવાનો આરોપ છે. શોનોવ ૨૫ વર્ષથી વધુ સમય સુધી પૂર્વ શહેર વ્લાદિવોસ્તોકમાં અમેરિકી મહાવાણિજ્ય દૂતાવાસમાં પેરોલ પર કાર્યરત હતો.

## કેરળમાં નિપાહગ્રસ્ત વિસ્તારોમાં બિનજરૂરી મુસાફરી ટાળવા સલાહ

। તિરુવનંતપુરમ, તા.૧૫ ।

કેરળમાં નિપાહ વાયરસના વધતા જતા કેસોને ધ્યાનમાં લેતા કર્ણાટક સરકારે એક પરિપત્ર જાહેર કરીને લોકોને કેરળના અસરગ્રસ્ત વિસ્તારોમાં બિનજરૂરી મુસાફરી ટાળવાની સલાહ આપી છે. કર્ણાટક સરકારના આરોગ્ય વિભાગે જણાવ્યું છે કે કેરળના સરહદી જિલ્લાઓ (કોડાગુ, દક્ષિણ કન્નડ, ચામરાજનગરા અને મૈસૂર) અને કેરળથી કર્ણાટક સુધીના પ્રવેશ સ્થળો પર દેખરેખ વધારવામાં આવી છે. કેરળના કોઝિકોડમાં નિપાહ વાયરસના કેસ મળી આવતા વહીવટીતંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે. કોવિડના સમયની જેમ નવ પંચાયતોમાં કન્ટેનમેન્ટ ઝોન બનાવવામાં આવ્યા છે. મગજને નુકસાન પહોંચાડતા અને એન્સેફાલીટીસનું કારણ બનેલા આ વાયરસને કારણે બે લોકોના મોત પણ થયા છે. કેરળમાં આરોગ્ય પ્રધાનના કાર્યાલયે જણાવ્યું છે કે કોઝિકોડની એક હોસ્પિટલમાં નિરીક્ષણ હેઠળ રાખવામાં આવેલા ૩૯ વર્ષીય વ્યક્તિમાં નિપાહ વાયરસના વધુ એક કેસની પુષ્ટિ થઈ છે.

### નિયમોનું પાલન ના કરતી

## ગુજરાતની ત્રણ સહકારી બેન્કોને RBIએ ફટકાર્યો લાખોનો દંડ

### થોડા દિવસો પહેલા જ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ સાઈબર સુરક્ષાના નિયમોની અવગણના કરતી અન્ય બેન્ક પર દંડ લગાવ્યો હતો

। નવી દિલ્હી, તા.૧૫ ।

ભારતીય રિઝર્વ બેંકે ચાર બેંકો પર ભારે દંડ ફટકાર્યો છે કારણ કે આ બેંકોએ નિયમોનું પાલન કર્યું નહોતું. આરબીઆઈએ પોતાના આદેશમાં કહ્યું હતું કે તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે આ બેંકોએ માર્ગદર્શિકાનું પાલન કર્યું નથી જેના કારણે તેમના પર ભારે દંડ લગાવવામાં આવી રહ્યો છે. આરબીઆઈએ જે ચાર બેંકોને દંડ ફટકાર્યો છે એ તમામ સહકારી બેંકો છે તેમાંથી ત્રણ બેંકો ગુજરાતની છે. આરબીઆઈના જણાવ્યા અનુસાર, જે બેંકો પર દંડ લગાવવામાં આવ્યો છે તેમાં બારામતી કો-ઓપરેટિવ બેંક, બેચરાજી નાગરિક કો-ઓપરેટિવ બેંક, વાઘોડિયા અર્બન કો-ઓપરેટિવ બેંક અને વિરમગામ મર્કેન્ટાઈલ કો-ઓપરેટિવ બેંકનો સમાવેશ થાય છે. આરબીઆઈએ કહ્યું હતું કે બારામતી કો-ઓપરેટિવ બેંક પર ૨ લાખ રૂપિયા અને બેચરાજી નાગરિક સહકારી બેંક પર ૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ ઉપરાંત વાઘોડિયા અર્બન કો-ઓપરેટિવ બેંકને ૫ લાખ રૂપિયા અને વિરમગામ મર્કેન્ટાઈલ કો-ઓપરેટિવ બેંકને ૫ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આ તમામ બેંકો પર અલગ-અલગ કારણોસર દંડ લગાવ્યો છે અને તમામ બેંકોને નિયમોનું પાલન કરવાનો નિર્દેશ આપ્યો છે. જો તેઓ નિયમોનું પાલન નહી કરે તો દંડ અને નિયંત્રણો લાદવામાં આવી શકે છે. નોંધનીય છે કે થોડા દિવસો પહેલા જ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ સાઈબર સુરક્ષાના નિયમોની અવગણના કરતી અન્ય બેંક પર દંડ લગાવ્યો હતો.

### જી૨૦માં કુટનીતિક સ્તરે ભારતને મોટી સફળતા

## યુએઈએ જી૨૦ વિડીયોમાં PoKને ભારતના ભાગ તરીકે સ્વીકાર્યું

### ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોર, જે નવી દિલ્હીમાં આયોજિત G20 સમિટ દરમિયાન શરૂ કરવામાં આવ્યો હતો

। નવી દિલ્હી, તા.૧૫ ।

એક મહત્વપૂર્ણ રાજદ્વારી ઈશારામાં, સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) ના નાયબ વડા પ્રધાન સૈફ બિન ઝાયેદ અલ નાહ્યાને તાજેતરમાં સમાપ્ત થયેલ સમિટ દરમિયાન એક G20 વિડિયો શેર કર્યો, જેમાં પાકિસ્તાનઅધિકૃત કાશ્મીરને ભારતનો અભિન્ન અંગ તરીકે માન્યતા આપતો વેપાર કોરિડોર દર્શાવતો હતો. નકશામાં PoK ને ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોરના નિર્ણાયક ઘટક તરીકે દર્શાવવામાં આવ્યું છે, જે એક રાજદ્વારી પગલાનો સંકેત આપે છે જે ભારતની પ્રાદેશિક અખંડિતતાને મજબૂત બનાવે છે. ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોર, જે નવી દિલ્હીમાં આયોજિત G20 સમિટ દરમિયાન શરૂ કરવામાં આવ્યો હતો, તેનો ઉદ્દેશ્ય સામેલ રાષ્ટ્રો વચ્ચે દ્વિપક્ષીય વેપાર અને સહકાર વધારવાનો છે. આ કોરિડોર ભારત, મધ્ય પૂર્વ અને યુરોપ વચ્ચે આર્થિક સંબંધોને ઉત્તેજન આપવા માટે અપાર સંભાવના ધરાવે છે, જેમાં PoK હવે આ વ્યૂહાત્મક પહેલના એક ભાગ તરીકે સ્વીકારવામાં આવ્યું છે. UAE ના નાયબ વડા પ્રધાન



દ્વારા ભારતીય ક્ષેત્રના ભાગ તરીકે દર્શાવવામાં આવેલ PoK સાથે ૪૨૦ વિડિયો શેર કરવા માટેના પગલાને આ ક્ષેત્ર પર પાકિસ્તાનના લાંબા સમયથી ચાલતા પ્રાદેશિક દાવાઓ માટે નોંધપાત્ર અણગમો તરીકે જોવામાં આવે છે. આ બાબત પર ભારતના વલણ સાથે સંરેખિત કરીને, તે ભારતના અભિન્ન અંગ તરીકે PoKની આંતરરાષ્ટ્રીય માન્યતાને પુનઃપુષ્ટ કરે છે. ભારત-મધ્ય-પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોર વિવિધ ક્ષેત્રોમાં વેપાર, રોકાણ અને સહકાર વધારવાનું વચન ધરાવે છે.

જે આ પ્રદેશો વચ્ચેના મજબૂત સંબંધોને વધુ મજબૂત બનાવે છે. જેમ જેમ કોરિડોર વેગ મેળવે છે તેમ, તે આર્થિક વૃદ્ધિ અને વિકાસ માટે નવા માર્ગો ખોલવાની અપેક્ષા રાખે છે.

## ઈન્ડિયાના નેતા ૧૪ ટેલિવિઝન એન્કરના શોમાં ભાગ નહીં લે

। મુંબઈ, તા.૧૫ ।

વિપક્ષી દળોનું ગઠબંધન ઈન્ડિયન નેશનલ ડેવલપમેન્ટ ઈન્ક્લૂઝિવ એલાયન્સ (ઈન્ડિયા)ના તમામ પક્ષોએ મોટો નિર્ણય લેતાં કહ્યું કે હવે તેમના પ્રતિનિધિઓ દેશમાં સંચાલિત ૧૪ જેટલા ટેલિવિઝનના એન્કરના કાર્યક્રમોમાં ભાગ નહીં લે. જોકે આ મામલે ન્યૂઝ બ્રોડકાસ્ટર્સ એન્ડ ડિજિટલ એસોસિએશન (એનબીડીએ) એ કહ્યું કે આ નિર્ણય ઘાતક મિસાઈલ સાબિત થશે. તે લોકતંત્રના મૂલ્યો વિરુદ્ધ છે. જ્યારે આ મામલે સત્તાધારી ભાજપે વિપક્ષના ગઠબંધન સામે નિશાન તાકતાં તેમના આ નિર્ણયની તુલના ભૂતપૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધી સરકાર દરમિયાન દેશ પર લદાયેલી કટોકટી સાથે કરી હતી. ઉલ્લેખનીય છે કે ઈન્ડિયાગઠબંધનની મીડિયા સંબંધિત સમિતિની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો. એક નિવેદન જાહેર કરીને જણાવાયું કે ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ યોજાયેલી બેઠકમાં ઈન્ડિયાકોઓર્ડિનેશન કમિટી દ્વારા લેવાયેલા નિર્ણયો મુજબ વિપક્ષી ગઠબંધનના પક્ષો આ ૧૪ એન્કરના શો અને કાર્યક્રમમાં તેમના પ્રતિનિધિને નહીં મોકલે.

### અનંતનાગના કોકરનાગમાં સેનાનું સર્ચ ઓપરેશન

## અનંતનાગમાં વધુ એક જવાન શહીદ, બે જવાન ઘાયલ થયા

### પોલીસ અને સેના દ્વારા બુધવારથી શરુ થયેલા સર્ચ ઓપરેશનમાં અત્યાર સુધીમાં ચાર જવાન શહીદ થયા

। જમ્મુ, તા.૧૫ ।

દક્ષિણ કાશ્મીરના અનંતનાગના કોકરનાગ વિસ્તારમાં સેના દ્વારા સતત ચાલી રહેલા સર્ચ ઓપરેશનમાં વધુ એક જવાન શહીદ થયો હતો જ્યારે બે જવાન ઘાયલ થયા હતા જેને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બુધવારથી શરુ થયેલા સર્ચ ઓપરેશનમાં અત્યાર સુધીમાં ચાર જવાન શહીદ થયા છે. જમ્મુ કાશ્મીરના અનંતનાગના કોકરનાગ વિસ્તારમાં સેના દ્વારા સતત ચાલી રહેલા સર્ચ ઓપરેશનમાં વધુ એક જવાન શહીદ થયો હતો.



આ જવાન ગઈકાલે એક્રાઉન્ટર દરમિયાન ઘાયલ થયો હતો. આ શહીદ થયેલા મેજર આશિષ ઢોંચકના પાર્થિવ દેહને તેમના નિવાસ્થાને લાવવામાં આવ્યો હતો. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ અનંતનાગના કોકરનાગ વિસ્તારમાં સેનાનું સર્ચ ઓપરેશન હજુ પણ ચાલુ છે. જમ્મુ કાશ્મીરમાં છેલ્લા ત્રણ દિવસથી અલગ અલગ જગ્યાઓ પર સુરક્ષાદળોના જવાન અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે. આ અગાઉ જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લાના એક અંતરિયાળ ગામમાં શરુ કરાયેલા સર્ચ ઓપરેશન દરમિયાન થયેલી એક્રાઉન્ટરમાં બે આતંકી ઠાર કરવામાં આવ્યા હતા જ્યારે બીજી તરફ અનંતનાગના કોકરનાગ વિસ્તારમાં સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે બુધવાર બપોરથી એક્રાઉન્ટર ચાલુ છે.

### ઓનલાઈન સટ્ટાબાજી સામે ઈડીની કડક કાર્યવાહી

## મહાદેવ એપ પાસેથી ઈડીએ ૪૧૭ કરોડની ગેરકાયદે સંપત્તી જપ્ત કરી

### કોલકાતા, ભોપાલ અને મુંબઈ વગેરે શહેરોમાં મહાદેવ સંબંધિત મની લોન્ડરિંગ નેટવર્ક વિરુદ્ધ વ્યાપક અભિયાન

। મુંબઈ, તા.૧૫ ।

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ મહાદેવ ઓનલાઈન સટ્ટાબાજી કેસમાં ૪૧૭ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી લીધી છે. અધિકારીએ આજે આ માહિતી આપતાં જણાવ્યું કે સૌરભ ચંદ્રાકર અને રવિ ઉપ્પલ મહાદેવ એપને પ્રમોટ કરી રહ્યા હતા. ઈડીદ્વારા અપાયેલી માહિતી અનુસાર આ એપનું સંચાલન દુબઈથી કરવામાં આવી રહ્યું હતું. અધિકારીઓએ કહ્યું કે ઈડીએ તાજેતરમાં કોલકાતા, ભોપાલ અને મુંબઈ વગેરે શહેરોમાં



મહાદેવ સંબંધિત મની લોન્ડરિંગ નેટવર્ક વિરુદ્ધ વ્યાપક અભિયાન ચલાવ્યું હતું. દરમિયાન ભારે માત્રામાં વાંધાજનક પુરાવાઓ મળી આવ્યા હતા. ઈડીએ ૪૧૭ કરોડ રૂપિયાની ગેરકાયદે આવકને જપ્ત કરી લીધી હતી. અધિકારીઓએ કહ્યું કે ઈડીની તપાસમાં જાણ થઈ કે મહાદેવ ઓનલાઈન બુક એપ યુએઈ (UAE)થી ઓપરેટ થાય છે. તે તેના સહયોગીઓને ૭૦-૩૦ લાભના પ્રમાણમાં પેનલ/શાખાઓની ફ્રેન્ચાઈઝી આપીને સંચાલિત થતી હતી. સટ્ટાબાજીની આવકને વિદેશી ખાતામાં મોકલવા માટે મોટાપાયે હવાલા ઓપરેશન થાય છે. આટલું જ નહીં નવા યૂઝર્સ અને ફ્રેન્ચાઈઝી મેળવવા માગતા લોકોને આકર્ષિત કરવા માટે સટ્ટાબાજી વેબસાઈટોની જાહેરાતો માટે ભારતમાં રોકડમાં મોટો ખર્ચ કરવામાં આવી રહ્યો છે.

## તંત્રી લેખ...

# શું આપ રાજસ્થાન અને છત્તીસગઢમાં પણ ગુજરાતવાળી કરશે ?

કોંગ્રેસ અને આમ આદમી પક્ષ બન્ને ઈન્ડિયા ગઢબંધનમાં ભલે ભેગા હોય, રાજસ્થાન અને છત્તીસગઢમાં આપ કોંગ્રેસની સામે લડવા તૈયાર થઈ ગઈ હોય એવું લાગે છે. ૨૦૨૪ની ચૂંટણી માટે એકઠા થયેલા વિપક્ષના ખીચડામાં આમ આદમી પક્ષને સાથે લેવા માટે કોંગ્રેસે દિલ્હી વટહુકમની વિરુદ્ધમાં પડવાનું પસંદ કર્યુ હતું. આપણે વટહુકમ માટે કોંગ્રેસ ટેકો આપ્યો પછી લાગતું હતું કે, રાજ્યોમાં આપ કોંગ્રેસની સામે નહીં પડે પણ છત્તીસગઢમાં રેલી યોજીને કેજરીવાલે કોંગ્રેસ પર પ્રહારો કાર્ય તેના પરથી લાગે છે કે, ગુજરાતની ચૂંટણીમાં જે રીતે આમ આદમી પક્ષે એન્ટ્રી કરીને કોંગ્રેસને હરાવવામાં ભાજપને સાથ આપ્યો હતો. તેવું જ છત્તીસગઢમાં પણ કરવા જઈ રહ્યો છે. ગુજરાતમાં ગયા વર્ષે યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ત્રિપાંખીયો જંગ ખેલાયો હતો અને એમાં પણ આમ આદમી પક્ષે કોંગ્રેસના ભરપુર મત કાપતાં ભાજપને ૧૫૬ બેઠકો મળી હતી જ્યારે કોંગ્રેસને માત્ર ૧૭ જ બેઠક મળી હતી, આમ આદમી પક્ષના માત્ર ચાર જ ઉમેદવારો ચૂંટાઈ શક્ય હતા પણ આ પક્ષે મોટાભાગની બેઠકો પર કોંગ્રેસના મત કાપ્યા હતા. ભાજપનો વોટશેર ઘટવા છતાં તે ૧૫૬ બેઠકો જીતી ગયો તેની પાછળ આમ આદમી પક્ષનો જ ફાળો રહ્યો ભાજપના નેતાઓ કહેતા હતા કે, આમ અમારા માટે ફાયદાકારક રહેશે તે શતપ્રતિશત સાચું પડ્યું હતું. છત્તીસગઢમાં અને રાજસ્થાનમાં કોંગ્રેસની સરકાર છે અને ત્યાં આ વર્ષના અંતે વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. આ બન્ને રાજ્યોમાં આમ આદમી પક્ષને કોઈ જનાધાર નથી પણ વિધાનસભાની ચૂંટણીમાં તે ઉમેદવારો તો ઉતરશે જ. એ માત્ર વોટ કાપવા પક્ષ જ બનીને રહી અને ભાજપને ફાયદો જ થવાનો છે આ બધુ ખબર હોવા છતાં કેજરીવાલ લડવા જાય ત્યારે એની મંશા સમજાતી નથી. જે ભાજપ દિલ્હીમાં તેની સત્તા વટહુકમ કાઢીને ખૂંચવી લે. જે એલજી મારફત સમાંતર સરકાર ચલાવે. જે દિલ્હીની ચૂંટાયેલી સાકરને કોઈ કામ કરવા નથી દેતી એવી કાગારોળ કેજરીવાલ સતત ફરતા રહે, જે કેજરીવાલના મંત્રીઓ સામે ઈડી અને અન્ય એજન્સીઓ મારફત કેસ કરાવે એ ભાજપને મજબૂત કરવાનું કા કેજરીવાલ શા માટે કરતા હશે એ સમજથી પરે છે. કોંગ્રેસીઓ તો એવુ કહે છે કે, ભાજપ અને કેજરીવાલ અંદરખાને એક જ છે. બન્નેની સાઠગાઠ છે. ભાજપ તેને દિલ્હી જીતવા દે છે અને બદલામાં કેજરીવાલ અન્ય રાજ્યોમાં ભાજપને મદદ કરે છે. દિલ્હી રાજ્યમાં કોંગ્રેસ ક્યાય નથી. એક પણ બેઠક જીતી શકી નથી. છતાં ત્યાના નેતાઓ કેજરીવાલનો સહુથી વધુ વિરોધ કરે છે. કોંગ્રેસનું નેતૃત્વ દિલ્હીમાં કોગ્રેસ અને આપ વચ્ચે ગઢબંધન થાય એવું ઈચ્છે છે પણ સ્થાનિક નેતાઓ જોડાણની વિરુદ્ધ છે.

# જ્યારે યુદ્ધ વ્યક્તિગત રીતે થતું ન હતું, ત્યારે તે કોઈને જાણતા હોય તેને આમંત્રિત કરતા અને તેના માટે લડવા જતા, મૃત્યુની તરસ



**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા



સાડા ત્રણસો વર્ષ વીતી ગયા. ભારતીય ઈતિહાસના મહાનાયક અને અકબરના સૌથી મોટા વિરોધી મહારાણા પ્રતાપનું નિધન થયું હતું. દંપતી અલગ થઈ ગયું હતું પરંતુ તેમના બંને પુત્રો જીવિત હતા. દિલ્હી સૈન્યનું નેતૃત્વ જહાંગીર દ્વારા કરવામાં આવ્યું હતું, જેના નિર્દય ન્યાયે મુઘલ ઈતિહાસને પવિત્ર કર્યો છે. અમરસિંહ મેવાડના સિંહાસન પર હતાઃ જેમણે તેમના મૃત્યુ સમયે, તેમના નિરાશ પિતાને નિરાશ થવા દીધા ન હતા અને મેવાડના ગૌરવની સાંકળને તૂટવા દીધી ન હતી. મેવાડના ગૌરવની રક્ષા માટે સમયાંતરે સેંકડો વીરોએ પોતાના જીવનનું બલિદાન આપ્યું. એકની બહાદુરી બીજાને શરમાવે છે, પરંતુ જહાંગીરની યુદ્ધ કૂચમાં જીવનના બલિદાનની આ માળામાં જે ફૂલ વણાયું હતું તે ઈતિહાસમાં દુર્લભ છે. અંધકારમાં વીજળી ચમકી અને આંખોમાં ચમક આવી. શહીદ નાયકોને પડ્યું અને જીવન મૃત્યુના પડદામાં હસ્યું. તે દિવસે રાજસ્થાનના ઉંટલા કિલ્લાના સિંહ દરવાજા પર જે દ્રશ્ય જોવા મળ્યું હતું, મૃત્યુની અદ્ભુત તરસ જે જોવા મળી હતી, તે ફરી ક્યાં જોવા મળે?

મૃત્યુના વેલામાં સ્પર્ધાનું જીવન કેવું ફૂલ ખીલ્યું હતું! બાદશાહે કિલ્લા પર નિયંત્રણ મેળવી લીધું હતું. મેવાડના જંગલો દુશ્મનોના આતંકથી બરબાદ થઈ ગયા; પણ રાજપૂત નિરાશ ન થયા, રાજપૂત હંમેશા મરતા શીખ્યા, હંમેશા એ જ કર્યું, જીવવા ખાતર કેવી રીતે જીવવું તે ક્યારેય જાણતા નહોતા. તો પછી તે શા માટે નિરાશ થશે? તમામ પક્ષોના રાજપૂતો ભેગા થયા. ચુડાવત અને શક્તિવતના તે નાયકો, જેમના કારણે મેવાડ એવું બન્યું જે રાજસ્થાનનો બીજો કોઈ ભાગ બની શક્યો નહીં, પણ એકઠા થયા. નેતૃત્વ! આ રાજપૂતની સંપત્તિ છે. તે ક્યારેય જાણતો ન હતો કે મૃત્યુથી કેવી રીતે ભાગવું; પ્રશ્ન એ ઊભો થયો કે મૃત્યુના આ કાફલાનું નેતૃત્વ કોણ કરે? મૃત્યુમાં, ગર્જનાઓ અને જિંગલ્સ વચ્ચે, હું મૃત્યુનો સામનો કરવાનું શીખ્યો. રાજપૂત હંમેશા પથારીવશ મૃત્યુને ધિક્કાર અને તિરસ્કારથી જોતા હતા અને જ્યારે યુદ્ધ વ્યક્તિગત રીતે થતું ન હતું, ત્યારે તે કોઈને જાણતા હોય તેને આમંત્રિત કરતા અને તેના માટે લડવા જતા.

ચુરાવતાઓએ કહ્યું કે આપણે સેનાથી આગળ રહીશું; શક્તિવત્સે દાવો કર્યો કે આપણે કોના પછી મરવું જોઈએ? રાણાએ તક ઝડપી લીધી. કહ્યું, "ભાઈ, દુશ્મન દ્વારા કોણ શક્તિવતો પાસે ઉપર ચઢવાનું કોઈ સાધન નહોતું, તેથી ચિંતિત થઈને તેઓએ હાથીને દરવાજા તરફ ધકેલવા આગળ ખસેડ્યો; પરંતુ દરવાજામાં તીક્ષ્ણ દાંડી હતી, તેથી હાથી ચીસો પાડીને પીછેહઠ કરી ગયો. બીજી તરફ ચુડાવત દિવાલ પર ચઢવાની તૈયારી કરી રહ્યો હતો. આ જોઈને શક્તિવત્ સરદારે તરત જ દરવાજાના તીક્ષ્ણ કાંટા પર પોતાની છાતી મૂકી દીધી. શકવત સરદારે તીક્ષ્ણ કાંટા પર છાતી ઠોકી. જે કબજે કરેલા કિલ્લામાં પહેલા પ્રવેશ કરે તેને સેનામાં આગળનું સ્થાન મળવું જોઈએ." આનાથી બંને સંતુષ્ટ થયા. બંનેએ તે સ્વીકાર્યું. મેવાડની દુર્ગમ તળેટીમાં માથું ઊંચકતો તે કિલ્લો રાજપૂતોની બહાદુરીને પડકારી રહ્યો હતો. તે સમયે, તે કિલ્લો પ્રાંતના સૌથી મજબૂત અને લગભગ અજેય કિલ્લાઓમાંનો એક માનવામાં આવતો હતો. તેની આગળ આક્રમણકારોની હિંમત તૂટી ગઈ હતી. કિલ્લાની દિવાલો ખૂબ જ મજબૂત અને ઊંચી હતી અને કિલ્લાની આસપાસ એક ઊંડી નદી વહેતી હતી. કિલ્લામાં પ્રવેશવાનો એક જ રસ્તો હતો. તેનો સિંહ દરવાજો. આ દરવાજો ખૂબ જ શક્તિશાળી લોખંડના દરવાજાથી બનેલો હતો, જેની સાથે લોખંડના તીક્ષ્ણ કાંટા જોડાયેલા હતા. શક્તિવત અને ચુડાવત બંને પ્રવેશવાના મક્કમ સંકલ્પ સાથે નીકળ્યા. બંને યુદ્ધના રંગોમાં ડૂબી રહ્યા હતા. મૃત્યુ એક રમત બની ગઈ હતી. હૃદયમાં દોડધામ હતી કે મૃત્યુને પસંદ કરવામાં કોણ સફળ થશે! શક્તિવત વહેલી સવારે કિલ્લાના દરવાજા પર પહોંચી ગયો અને લડાઈ શરૂ કરી.

બીજી તરફ ચુડાવત નદી પાર કરીને કિલ્લા તરફ આગળ વધી રહ્યા હતા. દિવાલ પર ચઢવા માટે તેમની સાથે લાકડાની સીડી પણ હતી. અને મહાવતને ધક્કો મારવાનો આદેશ આપ્યો. મહાવતે આદેશનું પાલન કર્યું. ધક્કો મારતાં જ દરવાજો તૂટી ગયો. બીજી તરફ, દિવાલ પર ચઢવાનો પ્રયાસ કરતી વખતે ચુડાવત સરદારને ગોળી વાગી અને ઈજા થઈને નીચે પડી ગયા. ચુડાવત સૈનિકોએ જોયું કે શક્તિવત જીતી ગયા છે, તેથી તેમના નેતા રાવત જેતસિંહ, જમીન પર પડેલા, તેમનું માથું કાપીને તરત જ કિલ્લામાં મૂકવાનો આદેશ આપ્યો. એવું જ કરવામાં આવ્યું અને ચુરાવતોને સૈન્યમાં અગ્રણી સ્થાન મળ્યું. ત્યારથી તે મેવાડની સેનાનું નેતૃત્વ કરતો રહ્યો, જ્યાં સુધી મેવાડ મેવાડ હતું. હવે માત્ર તેની લાશ જ બચી છે. મને સમજાતું નથી કે આપણે કોની જીતને બોલાવીએ? અહીં હારમાં પણ વિજયનું ફૂલ ખીલ્યું છે.

## વિશેષ લેખ

**શીર્ષક- ચિંતનની ક્ષણે**

# શંકર ભક્તિની પરાકાષ્ઠાએ મળે છે કેવળ કલ્યાણ અને અર્ધ નારેશ્વરની કૃપાથી જીવનમાં શાંતિનો અનુભવ થાય છે



**સદગુરુ વચનામૃત**

સંકલન - ફાલ્ગુની વસાવડા

શ્રાવણ માસ પૂર્ણ થયો, અને આપણે શંકર ભક્તિની પરાકાષ્ઠાનો અનુભવ કર્યો. પણ સામાન્ય રીતે આપણે જે કંઈ કરતા હોઈએ, એટલે કે વ્યવહાર હોય, કે પછી ધર્મ હોય, કે આધ્યાત્મક હોય, અંતિમ નીપજ તો શાંતિ જ હોવી જોઈએ, અને જો એ મળે તો આપણું કાર્ય પૂર્ણ થયું, અથવા તો ઈશ્વરે સ્વીકાર્યું એવો ભાવ થાય. પરંતુ સાંપ્રત સમાજમાં શાંતિ દુર્લભ છે, એ સત્ય હકીકતને ઝુટલાવી શકાય તેમ નથી. પરિવારો અશાંત છે, અને એને કારણે સમાજ અશાંત છે. સમાજ અશાંત છે, એને કારણે દેશ અશાંત છે, અને લગભગ બધાં જ દેશની આ પરિસ્થિતિ હોવાથી, વિશ્વ આખું આજે અશાંત છે. શાંત અને અશાંત એ માત્ર વિરોધી શબ્દ નથી, એટલે કે તત્વતઃ વિરુદ્ધાભાસ તો બતાવે છે. પરંતુ એક આસમાનમાં છે, અને એક પાતાળમાં, એટલી દુરી હોય, એમ જીવન આખું સમાપ્ત થઈ જાય, પણ શાંતિ મળતી નથી. કોઈ ગમે તેટલો દાવો કરે કે શાંતિ મેળવી લીધી, પણ કોઈનું કડવું એક વેણ સાંભળે, ત્યાં ઉપરથી નીચે સુધી સમસમી જાય, અને તરત જ સામેવાળાને એકની બદલે ચાર સંભળાવી દે, એટલે સમજવું કે શાંતિની માત્ર વ્યાખ્યા જ થઈ શકે,અથવા આડંબર થાય. પણ ઈશ્વર શાંતાકાર છે, કે જે ભુજંગ પર શયન કરવા છતાં શાંત છે, કારણકે એની પ્રત્યેક ચેષ્ઠામાં ક્યાંય ઉપદ્રવ કે ઉદ્વેગ દેખાતો નથી.

શ્રાવણ માસ અંતર્ગત લખાતાં શિવ વિશેના વિશિષ્ટ ચિંતનથી ઘણા બધા પ્રતિભાવો રોજ પ્રાપ્ત થાય છે, એમાં હમણાં એક વિચિત્ર નિવેદન પણ આવ્યું, કે શંકર એ તમો ગુણની અતિશયોક્તિ છે, અને શિવ અને શંકર બંનેમાં બહુ મોટો તફાવત છે. લખનારની પોતાની માનસિકતા હોય પોતાના અનુભવ હોય, એટલે જે તે વ્યક્તિ ગમે તે લખી શકે. પરંતુ ભગવાન શંકર ત્રિગુણાતિત છે, એ અકાટ્ય સત્ય છે, પણ એથી વધુ કહીએ તો એને આપણા સત્વ, રજસ, કે તમો ગુણથી પણ ફેર પડતો નથી, એટલો તે ભોળો છે. એથી જ તે દાનવોનાં તપથી પણ પ્રસન્ન થતાં એ વાત આપણે પુરાણો પરથી જોઈ શકીએ છીએ. પૂજ્ય બાપુ ના શબ્દો મુજબ કોઈ પણ વ્રત અનુષ્ઠાન નો ઉપક્રમ, ઉપશ્રુતિ, અનુસંધાન, અને ઉપસંહાર આ રીતે જોઈએ તો આપણા ચિંતનનો આજે ઉપસંહાર કરવાનો દિવસ છે. એટલે કે ભગવાન શંકર વિશે આપણે ઘણી બધી વાતો કરી, અને ઘણું બધું સાતત્ય કેળવી એ તત્વને એકદમ નજીકથી પ્રતીત કરવાની તક આપણે મેળવી. સદગુરુ કૃપાના તટ પર બેસી રોજ નવો વિરડો, અને રોજ નવા જળ પ્રાપ્ત કર્યા, હવે એ જળ ચાખવાનો દિવસ છે.ત્યારે શંકર જીવનમાંથી કાઢે કંકર એટલે કે જીવનનું જે શૂળ છે એને ઓછું કરવું હશે તો ભલે શ્રાવણ પત્યો પણ ભોળા ભાવે શંકર ને જ પોકારવો પડશે. કારણ કે શ્રાવણ મહિનો પૂરો થતાં



શિવભક્તોમાં ઉદાસીનું વાતાવરણ છવાઈ ગયું હશે, એકધારા ૩૦ દિવસથી જે ભક્તિ ભાવ મનમાં ઉમડતો હતો, વ્રત ઉપવાસ બંધ કરી શકાય પણ ભાવને એકાએક બંધ કેમ કરી શકાય! શ્રાવણ ભલે પૂરો થયો, પરંતુ આ ભક્તિભાવના ની ધારાને અવિરત વાહાવવાની છે, અથવા તો જીવમાં આવેલા શિવ તત્વને આરાધીને એ ભાવમાં સતત તલ્લીન રહેવાનું છે.

આપણે એકધારા ૩૦ દિવસ થી ભારતભરના શિવાલયો નો ઈતિહાસ જોયો, સાથે સાથે આપણે જોયું કે દેવ તરીકે અવતાર લઈને આવેલાં, રામ અને કૃષ્ણ એ પણ શિવને આરાધ્યા હતાં, ટૂંકમાં જ્યારે જ્યારે કાળનું સંકટ આવ્યું, ત્યારે સૌ કોઈએ મહાકાળ નો દરવાજો ખખડાવ્યો હતો. આપણે સૌ જાણીએ છીએ કે આધુનિકતાની આંધળી દોડ અને આપણું નૈતિકતાનું ચૂકવું, આ બન્ને વસ્તુ ને કારણે આ કોરોના કાળનું સંકટ આપણને નડી ગયું છે. કુદરત કોપિત થઈ છે, પરંતુ એ આપણા જ કારણે થયું છે. વધતે ઓછે અંશે દરેક માં ક્યાંક ને ક્યાંક કોઈક બદી પ્રવર્તી રહી છે. કોઈ ખોટું બોલી રહ્યા છે, તો કોઈ ખોટું કરી રહ્યાં છે, તો કોઈ ખોટું વિચારી રહ્યાં છે, અને એને પરિણામે કોરોના કાળ જળોની જેમ ચીટક્યો છે, કે જવાનું નામ લેતો નથી. પરંતુ કાળનું સંકટ મહાકાળ સિવાય કોઈ નિવારી શકે તેમ નથી, અને આ કારણે જ આપણે આ ભક્તિભાવ ને ઓછો થવા દેવાનો નથી. મન મંદિરમાં આત્મલિંગ સ્વરૂપે જે શિવ બિરાજમાન છે, તેની નિત્ય આરાધના કરી અને આ ભાવ જવલંત રાખવાનો છે, તો જ આ કાળ ને લગતી સમસ્યા આપણાથી દૂર રહેશે. વિશ્વમાં અત્યારે ઘણા દેશોમાં શિવ અને શક્તિને જીવ દ્વારા સદીઓથી ઈશ્વર સ્વરૂપે સ્વીકારાયેલા છે. એટલે આ ભાદરવો ઉતરતા શક્તિના દિવસો આવશે, અને આમ પણ શિવ અને શક્તિ બંને એકાકાર પણ છે, શિવનાં અર્ધનારેશ્વર સ્વરૂપની પણ આપણને પ્રાપ્તિ થયેલી છે. અર્થ સરે અને વૈદ વેરી જેવી સ્વાર્થી વૃત્તિનાં પરિણામે આપણી આજે આ દુર્દશા થઈ છે, એ સ્વીકારવાનો સમય આવી ગયો છે. ભક્તિ એટલે પરમ પ્રેમ એવું પણ કહી શકાય, માનવી બહુ ચતુર પ્રાણી છે, ઈશ્વર ની મૂર્તિ કે ઈશ્વરની સભી ને ખૂબ બધા ભોગ ધરાવશે જાણે છે કે આ કંઈ જ લેવાનો નથી પરંતુ અન્યમાં ઈશ્વર ની ઝાંખી ન થાય ત્યાં સુધી આ બધું નકામું છે. અન્યોન્યના સંબંધમાં જ્યારે સ્વાર્થની વૃત્તિ મટી, અને પરમાર્થનો ભાવ આવે ત્યારે સમજવું કે, આપણાં દ્વારા થતી ભક્તિ સાચી છે. અન્યમાં દોષ જોવાની આપણી ખરાબ ટેવને કારણે આપણે પોતાના દોષ જોઈ શકતા નથી, અને એને પરિણામે જાતને સુધારવાનો મોકો મળવા છતાં સુધરી શકતા નથી. સમયનું ચક્ર અવિરત ગતિએ ચાલે છે, અને અનુભવની એરણે કેટકેટલી સમસ્યાઓમાંથી આપણે આજ સુધી પસાર થયાં, દર વખતે એમ થાય કે હવે આવું નહીં કરું, પરંતુ ભોગ પ્રત્યે લાલાયિત બુદ્ધિને કારણે પગ લપસી જાય છે.તો સમય રહેતા આ બધી જ ભૂલો ને સુધારી લઈએ, અને જ્યાં ચાલ્યા જવાનો કોઈ ડર ન રહે, એવું ધન કમાઈએ. આપણા પૂર્વજો ધનને હાથનો મેલ કહી ગયા છે, એ વાત યાદ રાખીએ, કોરોનાની સેકન્ડ વેવ વખતે, આપણે સૌ એ જોયું કે કરોડો રૂપિયા એમનેમ પડ્યા રહ્યાં, અને ટ્રીટમેન્ટ ના અભાવે કે, પછી ફેફસાંને શારીરિક વધુ પડતું નુકસાન થઈ જવાથી, ઘણા કરોડપતિ વ્યક્તિઓ મરણને શરણ થયા. સમયે જે કામ નાં આવે એવું ધન શું કામનું? જ્ઞાનીઓ જ્ઞાન નો ભંડારો કરે, ધની હોય એ ધન નો ભંડારો કરે, અને શ્રમજીવીઓ તેમાં સેવા આપી પોતાનું યોગદાન નોંધાવે.

ટૂંકમાં દરેક વર્ગના લોકો પોતાનાથી થતું કાર્ય કરી અને આ સમયમાં સૌની સાથે ઊભા રહે તો આ સમય પણ વીતી જશે. મન મંદિરમાં બિરાજમાન દેવ એટલે કે આત્મલિંગની પારદર્શકતા બની રહે, તેવું જીવન જીવવું એ આજના સમયની સૌથી મોટી માંગ છે, અને તેની માટે થઈને શ્રાવણનો આ ભાવ હજી પણ બરકરાર રહે, એ બહુ જ જરૂરી છે. આપણા આહાર વિહાર વિચારમાં સાદગી અપનાવી અને જરૂરિયાતો પર સંયમ કેળવીએ જેથી કરીને હજી પણ અઘરો કે કપરો સમય આવે તો આપણે આપણા અસ્તિત્વને બચાવી શકીએ. આ ઉપરાંત શારીરિક સ્વાસ્થ્ય જળવાઈ રહે, એ માટે થઈને પણ ભોગ વૃત્તિ પર સંયમ કેળવીએ. કળિયુગ એ દલદલની પોચી અને ચીકણી જમીન જેવું છે એકવાર તેમાં લપસી ને પડીએ તો પછી બહાર નીકળી શકાતું નથી. પરંતુ અવતાર ચરિત્ર અને આજ સુધીના બુદ્ધ પુરુષો તથા સિદ્ધ પુરુષોના જીવનચરિત્રો માંથી શીખ ગ્રહણ કરીને લપસી જતી જાતને બચાવીએ. તો એકધારી ૩૦ દિવસથી આ રીતે ચાલતી કલમથી આપ સૌને સંતોષ થયો હશે, તેમજ જે તે સ્તુતિ સ્તોત્ર કે સ્થાન કે શંકરના શિવાલય વિષે આપણે વાત કરી હશે, તે બિલકુલ સાચી માહિતી મુજબનું છે.

તો એના ઉપયોગ થકી આપણે ભગવાન ભોળાનાથ શંકર પ્રત્યે વધુ ને વધુ આદર અને અહોભાવ વ્યક્ત કરી શકીએ, એ માત્ર અને માત્ર એક હેતુ સાથે જ આ લેખ લખાયા છે, શંકર ભક્તિની પરાકાષ્ઠા એ કલ્યાણ અને શક્તિ તેમજ સોના જીવનમા શાંતિ આવે એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# ધર્મની આંધળી દોટમાં 'મનુષ્યધર્મ' જ ભુલાઈ ગયો

વિશ્ર્વના પ્રારંભ અને માનવ સંસ્કૃતિના વિકાસથી લઈને આજ પર્યંત સુધી દરેક ધર્મમાં પર્યાવરણની જાળવણી અને તેની ખેવનાને કુદરતની સેવા ગણવામાં આવે છે. પ્રકૃતિ દેવીનું અધ્યયન અને તેનું સન્માન પૃથ્વી અને ખાસ કરીને માનવ સમાજના અસ્તિત્વ સાથે કુદરતી રીતે જોડાયેલું છે. બ્રહ્માંડના પંચતત્ત્વોમાં ભૂમી, આકાશ, જળ, અગ્નિ અને વાયુના સંતુલનનું પર્યાવરણનું જતન જ ખરો ધર્મ ગણવામાં આવે છે. ભારતમાં પર્યાવરણ દિવસની ઉજવણીના દિવસે પર્યાવરણના જતનની હિમાયત કરવી કોઈ જરૂરી નથી કારણ કે સનાતન ધર્મ સહિતના ભારતમાં પાળવામાં આવતા તમામ ધર્મોના મુળમાં પ્રત્યેક્ષ કે પરોક્ષ રીતે પર્યાવરણ અને કુદરતને સન્માન આપવાની ભારપૂર્વકની હિમાયત કરવામાં આવી છે. કણ-કણમાં પ્રભુનો વાસ, વૃક્ષ એ જ જીવન અને વૃક્ષોના પૂજન-અર્ચનથી લઈ તેના જતન અને છેદનની પ્રવૃતિનો નિષેધ પર્યાવરણ સંતુલન માટે પાયારૂપ ગણવામાં આવે છે. ભારતમાં તુલસીથી લઈ પીપળા સુધીના ઉપયોગી વૃક્ષોને દેવતુલ્ય ગણવાની ધર્મભાવનાના મુળમાં પણ પર્યાવરણની જાળવણીનું જ મહાત્મય રહેલું છે. રેટિંગ એજન્સીના આડેધડ રેટિંગ અર્થતંત્ર માટે લાલબત્તી સમાન! એક સારા વિધ્વાને વૃક્ષને ભગવાન શંકરનું રૂપ ગણાવ્યું છે, શંકરે ઝેર પીધુ તેમ વૃક્ષ વાતાવરણનું ઝેરી કાર્બનડાયોકસાઈડનું ગ્રહણ કરી પ્રાણવાયુંની પ્રસાદી આપે છે. પર્યાવરણની જાળવણી અંગેની દુર્લક્ષતા માત્ર હિમાલયના અને ઉત્તર ધ્રુવના ગ્લેસીયરને જ ઓગાળવાનું કામ કરતું નથી, જીવન પણ ઓગાળી નાખે છે. કોરોના જેવા વાયરસ તો આદિકાળથી અસ્તિત્વમાં છે પરંતુ કોરોનાએ એ વાત સાબીત કરી દીધી કે, પર્યાવરણનું જતન અને વાતાવરણ દુષિત થાય તો તેના કેવા પરિણામ આવે. કોરોનાએ કરી બતાવ્યું કે, માનવીની કંઈ વિસાત નથી. એક-બે અને ત્રીજી લહેરમાં હાંફી ગયેલુ માનવ જીવન જો પર્યાવરણ અંગે સચેત નહીં રહે તો આવી હજ્જારો લહેરની દહેશત લટકતી રહે છે. પર્યાવરણની જાળવણીમાં થાપ ખાઈ ગયેલ મનુષ્યની દખલગીરીથી વૃક્ષ, પશુ-પક્ષીની આખી સાઈકલ તૂટી ગઈ છે. પક્ષીઓ કહેતા થયા છે કે, કુછ લોગ હમારે હિસ્સે કા આસમાન ભીખા ગયે હૈપ અત્યારે ભોગ વિલાસમાં અંધ બનેલો માનવ સત્ય અને અહિંસાનો માર્ગ ભુલી ગયો છે. કત્તલખાના ધમધમી રહ્યાં છે અને પ્રકૃતિ પાસે માનવી કૃપાની આશા રાખે છે. જો માનવ પોતાનો ધર્મ પાળે તો પર્યાવરણનું જતન થાય, માનવ ધર્મ ભુલાઈ ગયો છે આથી જ પર્યાવરણનો પ્રકોપ વરસી રહ્યો છે. માનવ ધર્મના ગુણમાં પર્યાવરણની જાળવણી છે. ધર્મની આંધળી દોટમાં જ માનવ ધર્મ ભુલાઈ ગયો હોવાથી પર્યાવરણનું કચ્ચરઘાણ વળી રહ્યું છે તે વાત ધર્મ સીવાય કોઈ સમજાવી ન શકે. પર્યાવરણને સાચવવું હોય તો માનવધર્મને સન્માન આપવું જ પડશે. ધર્મને માધ્યમ બનાવીને પોતાને ઈશ્વરના સ્થાને બેસાડી દેવાનો ટ્રેન્ડ આજકાલ ખુબ જોવા મળે છે. પોતે સંકટમોચક તરીકે લોકોનું ભલું કરવા માટે જ અવતરીત થયા છે એવો આભાસ ઉભો કરવામાં આવી રહ્યો છે. પોતે સીસ્ટમ અને સમાજથી પણ ઉપર છે એવું માનીને આરોપી હોવા છતાં પણ કાયદો હાથમાં લેવાની કોશીશ કરે છે. તેઓ લાગણીઓનો ધોધ વહાવડાવીને લોકોની બુદ્ધીને ધારવીહીન બનાવી દે છે. હવે નવાઈની વાત તો એ છે કે લોકો હોંશે હોંશે આવી નૌટંકીઓની જાળમાં ફસાઈ જાય છે અને એને જ પોતાના તારણહાર માની બેસે છે. આવું બનવા પાછળનું કારણ એ છે કે આપણે ધાર્મીકતાના અફીણી ઘેનમાં બેહોશ થઈને જીવી રહ્યાં છીએ. જ્યાં સુધી ધર્મને ખરા અર્થમાં નહીં સમજીએ ત્યાં સુધી આવા લોકોની દુકાનો ધમધોકાર ચાલતી રહેશે. પર્યાવરણના જતનથી પૃથ્વીને કરીએ પુલકિત આ અભિગમને સાકાર થતો જોઈ શકાય છે કચ્છ જિલ્લાના ભુજ તાલુકાના કુકમા ગામમાં ! પર્યાવરણના જતનને જનસહયોગથી સાર્થક કરી રહયું છે. કુકમા!! માત્ર વર્તમાન જ નહીં પરંતુ સ્વસ્છ અને સ્વસ્થ ભવિષ્યના ટકાઉ વિકાસને ચરિતાર્થ કરી રહયું છે કુકમાનું પર્યાવરણ. ૬૦ હજાર જેટલાં વૃક્ષોના જતન, પશુપક્ષીની માવજત, જળસંચય શુધ્ધિ અને પ્લાસ્ટિક મુકત જીવનશૈલી અપનાવવાના સકારાત્મક પગલાંથી કુકમા જુથ ગ્રામ પંચાયતની આવકારદાયક અને પ્રશંસનીય કામગીરી જનસહયોગથી વધુ દીપી ઉઠી છે. જેના પગલે વર્ષ ૨૦૨૦માં પર્યાવરણ જતન પણ કુકમાને શ્રેષ્ઠ ગ્રામ પંચાયતનો એવોર્ડ અપાવવાનો એક માપદંડ બન્યું હતું. લોકોએ માંસાહારીમાંથી શાકાહારી બનવાની જરૂર છે. લોકો પોતાના સ્વાર્થ માટે અને પોતાની ભૂખ સંતોષવા માટે માંસ ખાવાનું પસંદ કરે છે.

# દોસ્તી તો ઈશ્વરે આપણને આપેલું એક વરદાન છે

મિત્ર, દોસ્ત આ એક એવું સંબંધ છે માણસ પોતે બનાવે છે, નહીતરં બાકીના બધા સંબંધતો અમારા જન્મથી જ બની જાય છે જેમ કે માતા અને પિતા ભાઈ-બેન કાકા-કાકી બધા, પણ મિત્રતા એક સંબંધ છે જે સગો ન હોવા પણ સગાને જેવું સંબંધ હોય છે. જે કોઈ પણ ઉમ્રના માણસની સાથે કે કોઈને પણ થઈ શકે છે. લોકોના વચ્ચે મિત્રતા એક વિશ્વાસપાત્ર અને નિષ્ઠાવાન સંબંધ છે. અમે આખા જીબન એકલા જીવી નહી શકતા અને ખુશીથી જીવવા માટે કોઈ વિશ્વસનીય સાથીની જરૂર હોય છે. જીવનમાં ખૂબ મહત્વપૂર્ણ વસ્તુઓ હોવા સિવાય પણ એક માણસના જીવનમાં મિત્રતા એક ખૂબ જ મૂલ્યવાન સંબંધ છે. કોઈ પણ ખુશીમા પળને શેયર કરવા માટે એક મિત્રની જરૂર હોય છે. મિત્રતા એક અંતરંગ સંબંધ છે જેના પર હમેશા માટે વિશ્વાસ કરી શકાય છે. દોસ્તી આ કોઈ ઉમ્ર, લિંગ અને માણસના પદ પર સીમિત નહી હોય છે એટલે કે મિત્રતા કોઈ પણ ઉમર, વર્ગ કે પુરૂષની પુરૂષથી, મહિલાની મહિલાથી કે કોઈ માણસ કે જાનવર વચ્ચે પણ થઈ શકે છે. “ યાદ કરો ફિલ્મ હાથી મેરે સાથી” માં કેવી, આ તો દોસ્તોની મહેફીલ છે ને વિતેલા દિવસોની યાદ છે. આવ તો તારી મોજથી આવજે, કોઈ કંકુ ચોખાથી વેલકમ નહીં કરે પણ હૈયાના હેતથી તને તૂંકારે બોલાવીને તું જેવો છો તેવો સ્વિકાર જરૂર કરશે. તું આવશે તો જરૂરથી ગમશે ને તું નહીં આવે તો યાદ જરૂરથી આવશે, આ તો દોસ્તોની મહેફીલ છે ને વિતેલા દિવસોની યાદ છે. તું આવ તો એકલો આવજે, તારા મોભાને મુકીને આવજે- કારણ કે, આ મહેફીલ તો તને તુંકારાથી ઓળખનારા મિત્રોની છે. એટલે જ કહું છુ દોસ્ત, તું “તું” થઈને આવજે- આ તો દોસ્તોની મહેફીલ છે ને વિતેલા દિવસોની યાદ છે. મળવાનું મન થાય તેવા તારા આ તો લંગોટીયા મિત્રો છે, તારી વેદનામાં ભાગ પડાવશે અને તારા સુખમાં ય ઉમેરો કરે તેવા મિત્રોને મળવા માટે ગમે તેવુ કામ છોડીને પણ આવજે જરૂરથી, આ તો દોસ્તોની મહેફીલ છે ને વિતેલા દિવસોની યાદ છે! ખુદને પ્રેમથી ખચોખચ રાખું છું, મારા મિત્રોને તો હૃદયની વચોવચ રાખું છું! થોડાક સમજુ અને વધારે દીવાના છે, મિત્રો મારે થોડાક છે પણ સૌ મજાના છે! કહે છે લોકો મને કે, તારો જમાનો છે, પણ એમને ક્યાં ખબર છે કે મારે મિત્રોનો ખજાનો છે! નસીબની ખૂબ સારી રેખાઓ મારા હાથે છે, એટલે જ તમારા જેવા મિત્રો મારી પાસે છે! જાગું ત્યારથી જલસા ને સુતા ભેગું સુખ, તમારા જેવા મિત્રો હોય પછી શેનું દુઃખ!?



## મિત્ર ખતરોથી બચાવે છે સાથે જ સમયથી સલાહ આપે છે સાચા મિત્ર અમારા જીવનની સંપતિ સમાન છે

**મારા ધડકતા હદયમાં મિત્રનો વાસ છે,**
**જયાં સુધી શ્વાસ, ત્યાં સુધીનો વિશ્વાસ**
**નચિંત બનીને રહું છું ઈશ્વર, દુનિયામાં,**
**તારા રૂપમાં મિત્રો મારી આસપાસ છે.**

બે મિત્રો હતા જેઓ એક રણમાં ચાલી રહ્યા હતા. જ્યારે તેઓ ચાલતા હતા ત્યારે તેમની વચ્ચે ઝઘડો થયો અને ગુસ્સામાં તેમાંથી એકે બીજાના મોઢા પર થપ્પડ મારી દીધી. જેને થપ્પડ મારવામાં આવી હતી, તે ઈજાગ્રસ્ત હોવા છતાં તેણે કંઈ ન કહ્યું અને શાંતિથી રેતી પર લખ્યું “હું દુઃખી છું કારણ કે આજે મારા મિત્રએ મને મારા ચહેરા પર માર્યો”. તેઓએ ફરી ચાલવાનું શરૂ કર્યું અને જ્યાં સુધી તેઓ એક રણદ્વીપ તરફ ન આવ્યા ત્યાં સુધી ચાલતા રહ્યા. ત્યારે તેઓએ રણદ્વીપમાં સ્નાન કરવાનું નક્કી કર્યું.

જ્યારે તેઓ સ્નાન કરી રહ્યા હતા ત્યારે જેને થપ્પડ લાગ્યો હતો તે ડૂબવા લાગ્યો હતો. બીજા મિત્રએ આવીને તેને બચાવી લીધો. તેને બચાવી લેવાયા બાદ તેણે પથ્થર પર લખ્યું હતું, “આજે મને મારા શ્રેષ્ઠ મિત્ર દ્વારા બચાવી લેવામાં આવ્યો હતો”. બીજા મિત્રે તેને પૂછ્યું, “મેં તને થપ્પડ મારી ત્યારે તેં રેતી પર કેમ લખ્યું જ્યારે મેં તને બચાવ્યો ત્યારે તેં પથ્થર પર લખ્યું ?” આના પર, બીજા મિત્રએ જવાબ આપ્યો કે જ્યારે તમારો મિત્ર તમને નુકસાન પહોંચાડે ત્યારે રેતી પર લખવું વધુ સારું છે કારણ કે તે પવન સાથે જતો રહેશે.

# દરરોજ નહાવું સ્કિન માટે છે હાનિકારક, શરીરને થાય છે આવા ભયંકર નુકસાન, જાણો શું કહે છે સાયન્સ

દરરોજ નહાવું ફાયદાકારક નહીં પરંતુ નુકસાનકારક વધું છે. આ ઘણીરીતે આપણા શરીરને અસર કરે છે, જેમાં સ્કીનની પ્રતિરોધક ક્ષમતા પણ છે. તેના અન્ય ઘણા નુકસાન છે. સાયંસ પણ આ વિશે આ જ કહે છે. રિસર્ચ ૨-૩ દિવસે એક જ વાર નહાવાના પક્ષમાં છે. ભારતના લોકો દુનિયામાં સૌથી વધુ નહાનાર લોકોમાં સામેલ છે. ધાર્મિક માન્યતાઓના પગલે સરેરાશ ભારતીય લોકો આશરે દરરોજ નહાય છે. કારણ કે તેમને લાગે છે કે આવું કરવાથી તેમનું તન અને મન તાજગી અનુભવે છે તથા સ્નાન કરીને તેઓ શરીરને પવિત્ર બનાવે છે. ઘણા ભારતીયો દરરોજ એટલા માટે નહાય છે કારણ કે, તેમનું માનવું છે કે દરરોજ પૂજા-પાઠ માટે નહાવું કોઈપણ સ્થિતિમાં જરૂરી છે. પરંતુ સાયન્સ કંઈ બીજું જ કહે છે.

સાયન્સનું માનવું છે કે, જો તમે દરરોજ સ્નાન કરો છો તો તમે તમારુ પોતાનું નુકસાન કરી રહ્યાં છો. સાથે જ પ્રતિકારક ક્ષમતા પણ ઘટાડી રહ્યાં છો. દુનિયાભરના સ્કિન સ્પેશિયાલિસ્ટ માને છે કે જો શિયાળામાં દરરોજ ન નહાતા હોવ તો તમે



સારું જ કરી રહ્યાં છે. જરૂર કરતાં વધારે નહાવું આપણી સ્કિનને નુકસાન પહોંચાડી શકે છે. આમ તો ઉનાળામાં દરરોજ નહાવું બધાને ગમે છે પરંતુ શિયાળામાં નહાવું એક પડકાર સમાન લાગે છે. ઘણી સ્ટડીઝમાં સાબિત થઈ ચુક્યું છે કે, સ્કિનમાં પોતાને સાફ કરવાની સારી ક્ષમતા હોય છે. જો તમે જિમ ન જતાં હોય કે પરસેવો થાય એવી કોઈ એક્ટિવિટી નથી કરતાં, ધૂળ-માટીમાં નથી રહેતા તો તમારા માટે દરરોજ નહાવું જરૂરી નથી. જો શિયાળામાં ગરમ પાણીથી વધારે સમય સુધી સ્નાન કરવામાં આવે તો ફાયદાના બદલે નુકસાન પહોંચે છે.

# ચહેરા ધોવા સાબુના બદલે ઘરમાં રહેલી આ ચીજોનો ઉપયોગ કરો, ફેસ સ્કીન બનશે સુંદર અને ચમકદાર

ચહેરો સાબુથી ધોવાથી સ્કીનને નુકસાન થાય છે. તો ફેસ ધોવા માટે ઘરમાં રહેલી આ ચીજોનો ઉપયોગ કરી શકાય છે. સાબુથી ચહેરો ધોવાથી ત્વચાને નુકસાન થાય છે. તો ચહેરો ધોવા માટે અમુક વસ્તુઓનો ઉપયોગ કરી શકાય છે. મધ ત્વચા પરના છિદ્રોને સાફ કરવામાં મદદ કરે છે અને ત્વચાને હાઈડ્રેટ રાખે છે. નાળિયેર તેલનો ઉપયોગક્લીન્ઝિંગતેલતરીકેકરીશકાયછે. લીંબુનો ઉપયોગ કરીને ચહેરા પરની ગંદકી સાફ કરી શકાય છે. ફેસ વોશ તરીકે દહીંનો ઉપયોગ કરવાથી ટેનિંગ દૂર થાય છે. ચહેરા પર ઓલિવ ઓઈલ લગાવવાથી ત્વચા નરમ થઈ શકે છે. ચહેરાને ચમકદાર અને હાઈડ્રેટેડ રાખવા માટે ગુલાબજળનો ઉપયોગ કરી શકાય છે. વધુ માહિતી માટે નિષ્ણાતની સલાહ લો. ત્વચાની સંભાળની દ્રષ્ટિએ તેને ક્લીંઝર પણ કહેવામાં આવે છે. તેમાં રહેલું લેક્ટિક એસિડ ત્વચામાંથી મૃત કોષોને દૂર કરવામાં અને તેને ચમકદાર બનાવવામાં મદદરૂપ છે.



# ધમનીઓમાં જામી ગયેલો કોલેસ્ટ્રોલ પીગળી જશે માત્ર આ ૧ કામથી, માત્ર ૩૦ મિનિટમાં



દિવસેને દિવસે હાર્ટ, ડાયાબિટીસ, કોલેસ્ટ્રોલ જેવી સમસ્યાઓ વધતી જાય છે. આ દરેક તકલીફો પાછળ ખરાબ લાઈફ સ્ટાઈલ જવાબદાર છે. એવામાં તમે દરરોજ ૩૦ મિનિટ ફાસ્ટ ચાલવાની આદત પાડો છો તો અનેક ઘણો ફાયદો થાય છે. આજનાં આ સમયમાં હાર્ટને લગતી બીમારીઓ ઝડપથી વધી રહી છે. નાની ઉંમરમાં લોકો હાર્ટ એટેક અને કાર્ડિયક અરેસ્ટનો શિકાર બની રહ્યા છે. આ બધી નાની-મોટી સમસ્યા થવા પાછળ સૌથી મોટું કારણ ખરાબ લાઈફ સ્ટાઈલ છે. ખરાબ લાઈફ સ્ટાઈલની વચ્ચે શરીરને સ્વસ્થ રાખવુ ખૂબ જરૂરી છે. જ્યારે હાર્ટને લગતી કોઈ બીમારીઓની વાત આવે તો સૌથી પહેલાં તેલ મસાલા વાળા ખોરાક, સ્ટ્રેસ અને એક્સેસાઈઝની વાત સામે આવે છે. સમય વધારે ના હોવાને કારણે આપણે એ કામ કરવા જોઈએ જેનાથી આ ત્રણ વસ્તુઓ સામે લડી શકીએ, જેમ કે તે મસાલા ઓછા, સ્ટ્રેસ નહીં લેવાનો અને એક્સેસાઈઝ હંમેશા કરવાનું રાખો. આ બધી વસ્તુઓમાં ક્યારે વોક કરવાનું ભૂલશો નહીં. જ્યારે તમે ઝડપથી ચાલો છો ત્યારે તમારા શરીરમાં ગરમી પેદા થાય છે અને બધી નસોમાં બ્લડ સર્કુલેશન તેજ થાય છે. આ સિવાય નસોમાં જમા ફેટ લિપિડમાં કમી લાવે છે જે બ્લોકેજનું કારણ બની શકે છે. આ સિવાય બધી ધમનીઓને સ્વસ્થ રાખે છે અને સ્ટ્રેસ લેવલ ઓછુ કરે છે. આટલું જ નહીં ડાયાબિટીસથી પણ તમને બચાવે છે અને સાથે હાર્ટ મજબૂત કરવાનું કામ કરે છે જેનાથી હાર્ટને લગતી તકલીફોથી તમે બચી શકો છો. આમ, જ્યારે તમે તેજ ગતિથી ચાલો છો તો તમારી માંસપેશિઓમાં ગરમી પેદા થાય છે અને જેના કારણે ગરમીથી કોલેસ્ટ્રોલના કણો પીગળવા લાગે છે. આ સાથે ધમનીઓ સાફ થવા લાગે છે. બ્લડ પ્રેશર સારું રહે છે જેના કારણે તમામ પ્રકારના કાર્ડિયોવેસ્ક્યુલર બીમારીઓથી તમે બચી જાવો છો. કઠોળમાં દ્રાવ્ય ફાયબર હોય છે. દ્રાવ્ય ફાઈબર શરીરમાં પચવામાં સમય લે છે. એટલે કે, તે લાંબા સમય સુધી પચતું હોવાથી, કઠોળ ખાધા પછી તમને લાંબા સમય સુધી ભૂખ લાગતી નથી. એટલા માટે જે લોકો વજન ઘટાડવા માંગે છે તેમના માટે પણ કઠોળ ખૂબ જ ફાયદાકારક છે. તે કોલેસ્ટેરોલને દૂર કરે છે. વેજિટેબલ ઓઈલ હૃદય માટે ખૂબ જ ફાયદાકારક છે. બીજી તરફ, રિફાઈન્ડ તેલ હૃદયને ઘણું નુકસાન પહોંચાડે છે. સરસવ, અળસી, સૂર્યમુખી, કેનોલા વગેરે તેલ એલડીએલ કોલેસ્ટેરોલને ઘણું ઓછું કરે છે.

BOLLYWOOD NEWS FLASH

**સ્પર્ધકોને લઈને અનેક પ્રકારની અટકળો પણ લગાવવામાં આવી રહી છે, અત્યાર સુધી ઘણા ટીવી સેલેબ્સના નામ સામે આવ્યા છે**



# સલમાન ખાનનો નવો અવતાર જોઇ ફેન્સ ચોંકયા

। મુંબઈ, તા.૧૫ ।


ફરી એકવાર બોલિવૂડના દબંગ ખાન એટલે કે સલમાન ખાન રિયાલિટી શો બિગ બોસ સીઝન ૧૭થી કમબેક કરી રહ્યો છે. આજે બિગ બોસ ૧૭નો પ્રથમ પ્રોમો ટીઝર રિલીઝ કર્યું છે. આ ટીઝર જોયા પછી જે વાતની સૌથી વધુ ચર્ચા થઈ રહી છે તે છે સલમાન ખાનના નવા લૂકની. આ ટીઝરમાં સલમાન ખાન તેના નવા લૂક સાથે જોવા મળી રહ્યો છે. આ ટીઝરમાં સલમાન ખાન કહેતો જોવા મળી રહ્યો છે કે, “અત્યાર સુધી અમે અમારા બિગ બોસની માત્ર આંખો જ જોઈ છે, હવે અમે બિગ બોસના ત્રણ અવતાર જોઈશું, દિલ, દિમાગ અને દમ – હાલ માટે હું આટલું જ કહી શકું છું. કલર્સ ટીવીના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ પર આ રસપ્રદ ટીઝર શેર કરતી વખતે તેણે કેપ્શન આપ્યું હતું કે, “આ વખતે બિગ બોસ એક અલગ રંગ બતાવશે, જેને જોઈને તમે બધા દંગ રહી જશો. બિગ બોસ ૧૭ જલ્દી જ જુઓ, ફક્ત કલર્સ પર. બિગ બોસ સીઝન ૧૭ ફરી એકવાર તેના દર્શકોને આકર્ષવા માટે તૈયાર છે. શોના ગ્રાન્ડ પ્રીમિયરની તારીખ પ્રોમોની સાથે જાહેર કરવામાં આવી નથી, પરંતુ એવું કહેવામાં આવી રહ્યું છે કે તે ૧૫ ઓક્ટોબરથી શરૂ થઈ શકે છે. સ્પર્ધકોને લઈને અનેક પ્રકારની અટકળો પણ લગાવવામાં આવી રહી છે. અત્યાર સુધી ઘણા ટીવી સેલેબ્સના નામ સામે આવ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે કંવર ઢિલ્લોન પણ શોમાં એન્ટ્રી કરી શકે છે. આ સિવાય ખતરોં કે ખિલાડી ૧૩ ફેમ અરિજિત તનેજા, જિયા માનિક, કનિકા માન, સુનંદા શર્મા પણ બિગ બોસ ૧૭નો ભાગ બની શકે છે.

**અનન્યા પાંડેની આ તસવીરોમાં તમે જોઈ શકો છો કે તે ટ્રેડિશનલ લુકમાં ખૂબ જ સુંદર અને આકર્ષક લાગી રહી છે**

# એથનિક આઉટફીટમાં અપ્સરા લાગી અભિનેત્રી અનન્યા પાંડે

। મુંબઈ, તા.૧૫ ।

બી-ટાઉનની લોકપ્રિય અભિનેત્રી અનન્યા પાંડે તેની આકર્ષક સ્ટાઈલ માટે જાણીતી છે. અનન્યા પાંડેની આ લેટેસ્ટ તસવીરો જોઈને તમે તેની સુંદરતાનો અંદાજ લગાવી શકો છો. બોલિવૂડની જાણીતી અભિનેત્રી અનન્યા પાંડે સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે. અનન્યા પાંડેએ સોશિયલ મીડિયા પર તેની લેટેસ્ટ તસવીરો શેર કરી હતી, જેમાં અનન્યા સુંદર લાગી રહી છે. અનન્યા પાંડેની તાજેતરની તસવીરો, જેનો ઉલ્લેખ કરવામાં આવી રહ્યો છે, અભિનેત્રીએ તેના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર શેર કર્યો છે. અનન્યા પાંડેની આ તસવીરોમાં તમે જોઈ શકો છો કે તે ટ્રેડિશનલ લુકમાં ખૂબ જ સુંદર અને આકર્ષક લાગી રહી છે. અનન્યા પાંડેની આ અદભૂત તસવીરો તેના લેટેસ્ટ ફોટોશૂટ દરમિયાન લેવામાં આવી છે, જેમાં અનન્યા એકથી વધુ પોઝ આપતી જોવા મળે છે. અનન્યા પાંડેની આ લેટેસ્ટ તસવીરો સોશિયલ મીડિયા પર ઘણી પસંદ કરવામાં આવી રહી છે. અનન્યાના આ ફોટાને ચાહકો ભારે લાઈક અને કોમેન્ટ કરી રહ્યા છે.




**બોલિવૂડ ફિલ્મ મેકર અને ડાયરેક્ટર સુભાષ ઘાઈ તાલ, ખલનાયક, પરદેશ અને સૌદાગર જેવી શાનદાર ફિલ્મો માટે જાણીતા છે**

# ગુડ લુક્સ નહીં પરંતુ મૂંછોથી ઇમ્પ્રેસ થયા હતા ડાયરેક્ટર

। મુંબઈ, તા.૧૫ ।

સુભાષ ઘાઈ એક એવા બોલિવૂડ ડાયરેક્ટર છે જેમણે ‘હીરો’ બનવાની ઈચ્છા સાથે ઈન્ડસ્ટ્રીમાં એન્ટ્રી કરી હતી. પરંતુ, જ્યારે તેમનું સપનું પૂરું ન થઈ શક્યું ત્યારે તે ડિરેક્ટર બન્યા અને ઈન્ડસ્ટ્રીને ઘણા સુપરસ્ટાર પણ આપ્યા. આ સાથે તેમણે બોલિવૂડને ઘણી સુપરહિટ ફિલ્મો પણ આપી છે. એ જ રીતે અન્ય એક એક્ટરને સુભાષ ઘાઈએ તેના કરિયરની સુપરહિટ ફિલ્મ આપી, જેને તેમણે તેની મૂછના કારણે જ ફિલ્મમાં સાઈન કર્યા. આ એક્ટર છે જેકી શ્રોફ, જેની ૧૯૮૩ની રોમેન્ટિક એક્શન ફિલ્મ ‘હીરો’ સુપરહિટ નહીં પરંતુ બ્લોકબસ્ટર રહી હતી. હીરોને જેકી શ્રોફના કરિયરની સૌથી સફળ ફિલ્મ કહીએ તો ખોટું નહીં હોય. મીનાક્ષી શેષાદ્રી હીરોમાં જેકી શ્રોફ સાથે જોવા મળી હતી.



**આ જોઈને શ્વેતાએ બોલ્ડનેસનો ટચ ઉમેરીને ઈન્ટરનેટ પર લાખો દિલ જીતી લીધા છે, ઈન્સ્ટા પર શ્વેતાના 498K ફોલોઅર્સ છે**

# શ્વેતા શર્માની નવા ફોટોશૂટે ઈન્ટરનેટ પર મચાવ્યો હંગામો

। મુંબઈ, તા.૧૫ ।

ભોજપુરી સિનેમામાં ઉર્ફી જાવેદ તરીકે જાણીતી શ્વેતા શર્માને આજે કોઈ પરિચયની જરૂર નથી. શ્વેતાએ પોતાની ફેશનથી બધાની નજર પોતાની તરફ ખેંચી છે. ઉર્ફી જાવેદની જેમ શ્વેતા શર્મા પણ ઈન્સ્ટાગ્રામ દ્વારા રાતોરાત સ્ટાર બની ગઈ છે. શ્વેતા શર્માના બિકીની લુક્સ સોશિયલ મીડિયાના કોરિડોર પર પ્રભુત્વ ધરાવે છે. તેની નખરાળી શૈલી લોકોને દિવાના બનાવી રાખે છે. શ્વેતા શર્માએ ભોજપુરી સિનેમામાં પોતાની સુંદરતાનો ડંકો વગાડતા ઘણી સફળતા મેળવી છે. તેને ઘણા મોટા પ્રોજેક્ટ્સની ઓફર મળવા લાગી છે. તસવીરોમાં કિલર પોઝ આપતી વખતે ફેન્સ માટે શ્વેતા શર્મા પરથી નજર હટાવવી ખૂબ જ મુશ્કેલ બની ગઈ છે. શ્વેતા શર્માની બોલ્ડ તસવીરો પર કોમેન્ટ કરીને ઘણા યુઝર્સ તેના વખાણ કરી રહ્યા છે. કેટલાક ફેન્સ શ્વેતાને ઈન્સ્ટાની ફેશન ક્વીન કહી રહ્યા છે.



# ઈન્ડસ્ટ્રીમાં ઘણા એવા કલાકારો છે જે પહેલા એન્જિનિયર હતા

। મુંબઈ, તા.૧૫ ।

ઘણા ફિલ્મ સ્ટાર્સ શિક્ષણથી એન્જિનિયર હતા. બોલિવૂડમાં સ્થાન બનાવતા પહેલા કેટલાકે મ્ૈષ્ઠર ડિગ્રી પૂર્ણ કરી હતી અને પૂરું કર્યા પછી ફિલ્મોમાં કામ કરવાનું શરૂ કર્યું અને કેટલાકે બોલિવૂડ માટે તેમની નોકરી છોડી દીધી. ભારતમાં ૧૫ સપ્ટેમ્બર (એન્જિનિયર્સ ડે ૨૦૨૩)ના રોજ એન્જિનિયર્સ ડે ઉજવવામાં આવે છે. આ અવસર પર જાણીએ આવા બોલિવૂડ સ્ટાર્સ વિશે, જેમણે પહેલા એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો અને હવે બોલિવૂડમાં પોતાની ઓળખ બનાવી રહ્યા છે. બોલિવૂડ એક્ટર કાર્તિક આર્યન યુવાનોમાં ખૂબ જ લોકપ્રિય છે. તેના માતા અને પિતા ડોક્ટર છે. બંનેની ઈચ્છા હતી કે કાર્તિક ડોક્ટર કે એન્જિનિયર બને. પરંતુ કાર્તિક એક્ટર બનવા માંગતો હતો. તેમણે નવી મુંબઈમાં સ્થિત D.રૂ. પાટિલ કોલેજ ઓફ એન્જિનિયરિંગમાં એડમિશન લીધું હતું. પછી તેણે પોતાના ક્લાસ પણ છોડ્યા અને ઓડિશન માટે જવા માટે બે કલાકની મુસાફરી કરી હતી. એન્જિનિયરિંગનો અભ્યાસ કરતી વખતે તેણે મોડેલિંગમાં કારકિર્દી બનાવી હતી. બોલિવૂડ એક્ટ્રેસ અમીષા પટેલ આ દિવસોમાં ચર્ચામાં છે. હાલમાં જ તે ફિલ્મ ‘ગદર ૨’માં જોવા મળી હતી. અમીષાએ મુંબઈ સ્થિત કેથેડ્રલ અને જોન કોનન સ્કૂલમાંથી અભ્યાસ કર્યો છે. તે ૧૯૯૨-૯૩માં તેની શાળાની હેડ ગર્લ હતી. ૧૨મી પછી, તેણે અમેરિકાના બોસ્ટન સ્થિત પ્રખ્યાત ટફ્ટ્સ યુનિવર્સિટીમાંથી બાયોજેનેટિક એન્જિનિયરિંગની ડિગ્રી મેળવી. બે વર્ષ સુધી આ કોર્સનો અભ્યાસ કર્યા પછી, તેમણે અર્થશાસ્ત્રમાં ટ્રાન્સફર લીધી હતી. આર માધવને જમશેદપુરની ડીબીએમએસ અંગ્રેજી શાળામાંથી અભ્યાસ કર્યો છે.

**મોનાલિસા પોતાની લેટેસ્ટ તસવીરોથી સોશિયલ મીડિયા પર એવી છવાઈ ગઈ છે કે તસવીરો જોતાં જ વાયરલ થઈ રહી છે**

# મીની સ્કર્ટમાં મોનાલિસાએ ફરી બતાવી કાતિલ અદા

। મુંબઈ, તા.૧૫ ।

ભોજપુરી સિનેમામાં પોતાના અભિનય ઉપરાંત, તેની ડાન્સ સ્કિલ બતાવનારી મોનાલિસાની બોલ્ડનેસની ચર્ચા દરેક જગ્યાએ છે. મોનાલિસા કેમેરાની સામે પોતાની સુંદરતા એવી રીતે બતાવે છે કે દર્શકો પણ તેની સુંદરતાના વખાણ કર્યા વગર પોતાને રોકી શકતા નથી. લેટેસ્ટ ફોટોઝમાં મોનાલિસા શોર્ટ સ્કર્ટ પહેરેલી જોવા મળી રહી છે. મોનાલિસા પોતાની લેટેસ્ટ તસવીરોથી સોશિયલ મીડિયા પર એવી છવાઈ ગઈ છે કે તસવીરો જોતાં જ વાયરલ થઈ રહી છે. ઈન્સ્ટાગ્રામ પર તેનો આ હોટ ફોટો જોરદાર વાઈરલ થઈ રહ્યો છે. મોનાલીસાનું સાચું નામ અંતરા બિસ્વાસ છે. તેણીએ સેંકડો ભોજપુરી ફિલ્મો તેમજ હિન્દી, બંગાળી, ઉડિયા, તમિલ, કન્નડ અને તેલુગુ ફિલ્મોમાં અભિનય કર્યો છે. મોનાલીસાની તેના અભિનય અને સુંદરતાના લાખો દિવાના છે. ભોજપુરી અભિનેત્રી મોનાલિસાનું નામ ઈન્ડસ્ટ્રીની ટોચની અભિનેત્રીઓમાં આવે છે.



# ઝાલોદ લુહારવાડા સાર્વજનિક ગણેશ મિત્ર મંડળ દ્વારા ગણેશજીનું ભવ્યાતિભવ્ય આગમન કરાયું

## લુહારવાડા સાર્વજનિક ગણેશ મંડળ દ્વારા આગમન ટાણે ભવ્ય આતસબાજી તેમજ ડીજે સાથે લવાતા અનેરું આકર્ષણ ઉભુ કર્યું



। પંકજ પંડિત ઝાલોદ, તા.૧૫ ।

ઝાલોદ નગરમાં લુહારવાડા સાર્વજનિક મિત્ર મંડળ એ સહુ થી જૂનું અને જાણીતું છે. સાર્વજનિક ગણેશોત્સવ ઉજવવાની નગરમાં સહુ પ્રથમ શરૂઆત લુહારવાડા માંથી કરવામાં આવી હતી. લુહારવાડા ગણેશ ઉત્સવ સમિતિ દ્વારા જ્યારે ગણેશ ઉત્સવની સ્થાપના કરાઈ તે સમયે તે સમયના પુરાણી મહારાજ દ્વારા રોજ ધાર્મિક કથાઓ કરી નગરમાં ધાર્મિક વાતાવરણ ઉભું કરેલ હતું. તેથી લુહારવડામાં થતા ગણેશોત્સવ થી પ્રોત્સાહિત થઈ આજે નગરમાં દરેક ઘર અને મહોલ્લામાં ગણેશ ઉત્સવ ઉજવાતો થઈ ગયેલ છે. લુહારવાડા ગણેશ ઉત્સવમાં આજે પણ ગણેશ ઉત્સવ દરમિયાન રોજ અલગ અલગ ધાર્મિક પ્રોગ્રામનું આયોજન કરવામાં આવે છે. આજે પણ નગરજનોમા લુહારવાડાના ગણેશ ઉત્સવ સહુથી જૂનું હોવાથી સાથે લોકો અનેરી આસ્થા અને શ્રધ્ધા સાથે સંકળાયેલા છે. લુહારવાડા ગણેશ ઉત્સવ સમિતિ દ્વારા ડીજેના તાલે વિશ્વકર્મા મંદિરેથી પૂજા અર્ચના કરી નગરમાં આગમન કરવામાં આવેલ હતું.

ગણેશજીના આગમનને વધાવવા મોટા પ્રમાણમાં નગરજનો ઉમટી પડેલ હતા. લુહારવાડા મિત્ર મંદર દ્વારા ફટાકડાની ભવ્ય આતસબાજી તેમજ અબીલ ગુલાલ અને ફૂલોની છોળો ઉડાવી નાચતા ઝૂમતા નગરમાં ભવ્ય પ્રવેશ કરાવવામાં આવેલ હતો. નગરજનો એ પણ આ ભવ્ય આગમનને વધાવી લીધેલ હતું. આખું નગર ગણપતિ બાપાની ભક્તિના રંગમાં રંગાઈ ગયેલ જોવા મળતું હતું. સાથે સાથે ગણપતિ બાપા મોરિયાના ગગનભેદી નારા સાથે બપ્પાના આગમનને લોકોએ આંખોમાં સજાવી દીધેલ હતું.

# આણંદ ખાતે ૨૨ મી સપ્ટેમ્બરના રોજ જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક મળશે

। આણંદ, તા.૧૫ ।

જિલ્લા કલેકટરશ્રી મિલિંદ બાપનાના અધ્યક્ષસ્થાને આગામી તા.૨૨/૦૯/૨૦૨૩ના શુક્રવારના રોજ સવારના ૧૧.૦૦ કલાકે સરકીટ હાઉસ, આણંદ ખાતેના સભાખંડમાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક મળશે. જેમાં ફરિયાદ સમિતિની ભાગ-૧ ની બેઠક યોજાશે. જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની મળનાર આ બેઠકમાં સંબંધિત તમામ અધિકારીશ્રીઓને સમયસર ઉપસ્થિત રહેવા આણંદના નિવાસી અધિક કલેકટરશ્રીની એક યાદીમાં જણાવાયું છે. આ બેઠક બાદ જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાશે, તેમ જિલ્લા પુરવઠા અધિકારીશ્રી દ્વારા જણાવાયું છે.

# પોષણ માસની ઉજવણી'' અંતર્ગત દાહોદના સિંગવડ ગામે પોષણયુક્ત વાનગીઓનું નિદર્શન થયું



। દાહોદ, તા.૧૫ ।

ગુજરાત સરકાર દ્વારા હાલમાં ''પોષણ માસ''ની ઉજવણી થઇ રહી છે. જેના ભાગરૂપે દાહોદ જિલ્લાના સિંગવડ તાલુકામાં પોષણ માસની ઉજવણી પ્રોગ્રામ ઓફિસર શ્રીમતી ઈરાબેન ચૌહાણના અધ્યક્ષ-સ્થાને થઇ હતી. આ તકે પ્રોગ્રામ ઓફિસરશ્રીએ રાજ્ય સરકાર દ્વારા રાજ્યને કુપોષણ મુક્ત કરવાના અભિયાનની માહિતી આપી હતી. સરકાર દ્વારા આંગણવાડીમાં આવતા બાળકોને સવારે નાસ્તો તથા બપોરે ભોજન આપવામાં આવે છે. સગર્ભા, ધાત્રી માતાઓને દર મહીને ૪ માતૃ શક્તિના પોષક તત્વોના પેકેટ્સ તથા કિશોરીઓને પૂર્ણા શક્તિના પેકેટ્સ આપવામાં આવે છે, તેમ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં મિલેટની વાનગીઓનુ નિદર્શન, મહેંદી સ્પર્ધા વગેરેનું પણ આયોજન કરાયું હતું. ફાસ્ટ-ફૂડના યુગમાં ઓબેસિટી તથા હૃદયરોગના કેસોમાં સતત વધારામાં ઓર્ગેનિક અને પોષણ તત્ત્વયુક્ત આહાર રોજીંદા જીવનમાં અપનાવામાં તે માટે ૨૦૨૩ના વર્ષની ''આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ'' તરીકે સમગ્ર ભારતભરમાં ઉજવણી થઈ રહી છે.

### લોકોમાંઇકો ફ્રેંડલી ગણેશજીની મૂર્તિ ખરીદવામાં ભારે ઉત્સાહ

# ગાયના છાણમાંથી ઈકો ફ્રેન્ડલી ગણેશ મૂર્તિ બનાવતા રાજેશભાઈ વસાવાનો અનોખો પર્યાવરણનો સંદેશો

## ગાયના છાણમાંથી મહિલાઓ દ્વારા ઈકો ફ્રેંડલી ગણેશજીની ૭૦૦૦થી વધુ મૂર્તિ બનાવી



। દીપક જગતાપ રાજપીપળા, તા.૧૫ ।

ગણેશચતુર્થી નજીક આવતા ગણેશ ભક્તો અને ગણેશ આયોજકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો. લોકોમાં પરિઆવરણ પ્રત્યે જાગૃતિ આવી છે જેને કારણે ક્રમશઃપીઓપીની મૂર્તિઓનું ચલણ ધીરે ધીરે ઘટી રહ્યું છે અને હવે લોકો માટીની મૂર્તિઓપાણીમાં ઓગળી જતી હોવાથી માટી ની મૂર્તિ તરફ વળ્યાં છે. પણ માટીની મૂર્તિ ખૂબ મોંઘી હોય છે અને તૂટી જવાનો ડર હોય છે. તેથી તેના નવા વિકલ્પ તરીકે નર્મદાના ગૌ શાળા ચલાવતા અને રાજ્ય કક્ષાના શ્રેષ્ઠ ગૌ પશુ પાલક વિજેતા રાજેશભાઈ વસાવા ગીરની ગાયના છાણમાંથી ગણેશ મૂર્તિ બનાવી રહ્યાં છે. આનો મોટો ફાયદો એ છે કે એક પ્રકારના ઝાડના રસ સાથે ભેળવી ગાયના છાણ માંથી બનાવેલી મૂર્તિ ૧૦૦ ટકા ઈકો ફ્રેન્ડલી મૂર્તિ છે વજનમાં ખૂબ જ હલકી, લઈ જવામાં સરળતા,મૂર્તિનું કદ બહુ મોટુ નથી એક થી દોઢ ફૂટની આ વખતે રાજેશભાઈએ ૭૦૦૦ જેટલી મૂર્તિઓ બનાવી છે. જે ચપોચપ ઉપડી જાય છે. હાલ રાજપીપલા ચંદ્રવીલા સોસાયટીમાં તેમના નિવાસસ્થાનેથી ઓર્ડર આપેલ મૂર્તિઓનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે.

રાજેશભાઈના જણાવ્યા અનુસાર ગાયનાછાણ માંથી બનાવેલ મૂર્તિ નદીમાં વિસર્જન કરવાની જરૂર નથી પણ ઘરમાંજ ડોલમાં વિસર્જિત કરવાથી એ પાણીમાં સહેલાઈથી ઓગળી જાય છે અને એનું પાણી ફૂલ ઝાડના કુંડામાં, ખેતરકે બગીચામાં રેડી દેવાથી એ ઓર્ગેનિક ખાતર બની જાય છે. આમ કરવાથી ભક્તો દ્વારા પરિઆવરણ ની મોટી સેવા થાય છે અને નદીને પ્રદુષિત થતી અટકાવી રાજેશભાઈ પરિઆવરણનો સંદેશો ઘરે ઘરે લોકો સુધી પહોંચાડી રહ્યાં છે.

# જસદણમાં સરધારા ઓર્થોપેડિક હોસ્પિટલના સેવાયજ્ઞનો અગિયારમાં વર્ષમાં પ્રવેશ : હજ્જારો દર્દીઓની સારવાર

હુસામુદીન કપાસી

। જસદણ, તા.૧૫ ।



જસદણ વીંછીયા અને બાબરા આ ત્રણેય પંથકના ગરીબ અને મધ્યમવર્ગના લોકોને હાડકાના દર્દોની અત્યાધુનિક સારવાર મળી રહે એવા એક માત્ર ધ્યેયની વરેલી સરધારા ઓર્થોપેડિક હોસ્પિટલ તેની સફરના આજે દસ વર્ષ પૂર્ણ કરી અગિયારમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહી છે ત્યારે આ હોસ્પિટલના ડો. વિજયભાઈ સરધારાને (મો. ૯૪૦૯૪૦૫૩૭૦) ઉપર તેની ઉપર ઠેરઠેરથી અભિનંદન અને શુભકામનાઓ વરસી રહી છે જસદણની આ હોસ્પિટલ સંપૂર્ણતઃ હાડકાની હોસ્પિટલ છે અહીં તમામ સારવાર એક છત્ર નીચે પ્રાપ્ય છે જેથી દર્દીઓને અન્યત્ર જવાની જરૂર રહેતી નથી હોસ્પિટલમાં સ્પેશ્યલ રૂમ તેમજ સેકન્ડ કલાસ જનરલ વોર્ડ વગેરે ઉપલબ્ધ છે સમાજના દરેક વર્ગને પોસાય તે માટે આ તમામ રૂમનું ભાડું અને સારવાર પણ રાહતરૂપ છે હાલ જસદણ વીંછીયા આટકોટ અને બાબરા તાલુકાના ગામોના મોટી સંખ્યામાં દર્દીઓ આ સુવિધાનો લાભ લઈ રહ્યાં છે મેડીકલ ક્ષેત્રે દિન પ્રતિદિન પ્રગતિ થઈ રહી છે દેશ અને દુનિયામાં વિકસી રહેલ અધતન સારવાર સાથે કદમ મિલાવતી આ હોસ્પિટલમાં ઓર્થોપેડિકની તમામ પ્રકારની સારવાર એક છત હેઠળ ઉપલબ્ધ થાય છે ખાસ કરીને સર્વ જન હિતાય, સર્વ જન સુખાયના ચોક્કસ ધ્યેયને વરેલી આ હોસ્પિટલના ડો. વિજયભાઈ એક ઉમદા માનવી છે હસમુખો, મળતાવડો સ્વભાવ ધરાવતાં હોવાથી દર્દીઓને પણ દર્દમાં માનસિક રાહત થાય છે આજે જસદણની સરધારા હોસ્પિટલએ અગિયારમાં વર્ષમાં પ્રવેશ કરતાં મુશળધાર શુભેચ્છા મળી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ડો. વિજયભાઈ સરધારા રાજકોટમાં ૧૫૦ રિંગરોડ પર બાલાજી હોલની સામે આવેલ આરોગ્યમ હોસ્પિટલમાં પણ સેવારત છે આ હોસ્પિટલમાં પણ વિજયભાઈએ અનેક દર્દીઓને સડસડાટ દોડતાં કર્યા છે.

# આણંદ ખાતે માનદ જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડની જગ્યા માટે અરજીઓ મંગાવાઈ

। આણંદ, તા.૧૫ ।

આણંદ જિલ્લા ખાતે માનદ કમાન્ડન્ટ હોમગાર્ડઝની નિમણૂંક કરવા માટે યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. રસ ધરાવતા નાગરિકોએ જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝની કચેરી, રૂમ નંબર-૪૧૨, ચોથો માળ, જુના સેવા સદન, બોરસદ ચોકડી પાસે, આણંદના સરનામે આગામી તા.૨૫ મી સપ્ટેમ્બર સુધીમાં બાયોડેટા સાથે સ્વયં સ્પષ્ટ અરજી, આધાર પુરાવા સાથે મોકલી આપવા શ્રી જે. જે. ચૌધરી, જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝ અને નાયબ પોલીસ અધિક્ષક, મુખ્ય મથક, આણંદ દ્વારા જણાવાયું છે. આ અંગેની માહિતી હોમગાર્ડઝની વેબસાઈટ **homeguards.gujarat.gov.in** ઉપર ઉપલબ્ધ છે તેમ વધુમાં જણાવાયું છે.

### નર્મદા જિલ્લાપંચાયત સહીત

# પાંચેયના તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની વરણીમાં ભગવો લહેરાયો

## નાંદોદ તાલુકા પંચાયત પ્રમુખ તરીકે વનીતાબેન વસાવા તથા ઉપપ્રમુખ તરીકે જીતેન્દ્રભાઈ પટેલનો બિન હરીફ વિજય



। રાજપીપળા, તા.૧૫ ।

રાજ્યમાં નગરપાલિકા, મહાનગરપાલિકા, જિલ્લા તથા તાલુકા પંચાયતમાં અઢી વર્ષની ટર્મ પૂરી થયા બાદ આગામી અઢી વર્ષમાટે નવી બોડીની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

જેનાં અનુસંધાને નર્મદા જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની અઢી વર્ષની ટર્મ પૂરી થઈજતા આગામી અઢી વર્ષની ટર્મ માટે નવા જિલ્લા પંચાયતના પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી પ્રક્રિયા જિલ્લા પંચાયતના સભાખંડમાં નર્મદા જિલ્લા કલેકટર શ્વેતા તેવતિયા તથા જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુની અધ્યક્ષતામાં યોજાઈ હતી.જેમાં નર્મદા જિલ્લા પંચાયત પ્રમુખ તરીકે ભીમસિંગભાઈ શનાભાઈ તડવી અને ઉપપ્રમુખ તરીકે મેહુલભાઈ વિનુભાઈ માછીની વરણીથઈ હતી. જ્યારે નાંદોદ તાલુકાના પંચાયત પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી પ્રાંત અધિકારીશૈલેસ ગોકલાણી અને તાલુકા વિકાસ અધિકારીની અંજલિ ચૌધરીની અધ્યક્ષતામાં નાંદોદ તાલુકા પંચાયતમાં યોજાઈ હતી, નર્મદા જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ તથા નાંદોદ તાલુકા પંચાયતના પ્રમુખ તેમજ ઉપપ્રમુખ માટે એક એકજ ફોર્મ આવ્યું હતું. નર્મદા જિલ્લા પંચાયત અનેનાંદોદ તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની બિન હરીફ વરણી થઈ હતી.જેમાં નાંદોદ તાલુકા પંચાયત પ્રમુખ તરીકે વનીતાબેન સુનીલ કુમાર વસાવાતથા ઉપપ્રમુખ તરીકે જીતેન્દ્રભાઈ મહેન્દ્રભાઈ પટેલનો બિન હરીફ વિજયથયો હતો.

જયારે ગરુડેશ્વર તાલુકા ભારતીય જનતા પાર્ટી ના નવ નિયુક્ત તાલુકા પંચાયત ના પ્રમુખ તરીકે વસાવા માંગતાભાઈતથાઉપ પ્રમુખ તરીકે તડવી જશુંબેન જયંતીભાઈ ની વરણીકરાઈ હતી. તો સાગબારા તાલુકા ભારતીય જનતા પાર્ટીના નવ નિયુક્ત તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે શ્રીમતી ચંપાબેન સુભાષભાઈ વસાવા ઉપપ્રમુખ સુરપસિંગ ભાઈ દામજી વસાવા ની બિન હરીફ વરણીકરાઈ હતી. જ્યારે તિલકવાડા તાલુકા પંચાયતની ચૂંટણીમાં ફરી ભાજપનો ભગવો લહેરાયો હતો. જેમાં પ્રમુખ પદ માટે પ્રેમાભાઈ ભીલ તથા ઉપપ્રમુખ પદ માટે પ્રદીપભાઈ તડવીની વિજયી થયાહતાં. તો ડેડીયાપાડાતાલુકા પંચાયતના પ્રમુખ તરીકે ભારતીય જનતા પાર્ટીનાસંજયભાઈ વસાવા જ્યારે ઉપપ્રમુખપદે રમેશભાઈ વસાવા પણ બિનહરિફ વિજેતા જાહેર થયા હતા. આમ નર્મદાની તમામ પંચાયતોમાં ભગવો લહેરાયો હતો.

# એએસજી હોસ્પિટલમાં રક્તની અછત નિવારવા કલેક્ટર તંત્ર દ્વારા યોજાઇ રક્તદાન શિબિર

। વડોદરા, તા.૧૫ ।

વડોદરામાં આવેલી હોસ્પિટલોમાં પડતી રક્તની અછત નિવારવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અભિયાનના ભાગ રૂપે આજે સવારે કલેક્ટર કચેરી પરિસર સ્થિત કુબેર ભવનમાં રક્તદાન શિબિર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું અને તેમાં મહેસુલી તંત્રના ઉચ્ચ અધિકારીઓ સહિત કર્મયોગીઓએ ઉત્સાહપૂર્વક રક્તદાન કર્યું હતું. મધ્ય ગુજરાતની સૌથી મોટી એવી સર સયાજી જનરલ હોસ્પિટલમાં મધ્યપ્રદેશ અને રાજસ્થાનના દર્દીઓ પણ સારવાર માટે આવે છે. અહીં પ્રતિદિન ૬૦થી ૭૦ બોટલ રક્તની જરૂરિયાત રહે છે. ઘણી વખત તો એક સો જેટલી બોટલ રક્તની માંગણી રહે છે.

વળી, ઘણા કિસ્સાઓમાં એવું પણ બને છે કે સાવ અજાણ્યા દર્દીઓને લોહી ચઢાવવું પડે છે. આવા સંજોગોમાં સરકારી હોસ્પિટલ માટે રક્તદાન કરવું એ મહાપુણ્યનું કર્મ બની રહે છે. ઉક્ત બાબતોને ધ્યાને રાખીને કલેક્ટર શ્રી અતુલ ગોર દ્વારા સરકારી સંકુલમાં રક્તદાન કેમ્પ યોજવાનો વિચાર પ્રસ્તુત કર્યો હતો અને તેને મહેસુલી અધિકારીઓએ ઝીલી લીધો હતો. પ્રાંત કચેરીઓ, મામલતદાર કચેરીઓ, કલેક્ટર કચેરીના વિવિધ શાખાઓના અધિકારીઓને રક્તદાન કરવા માટેની સમયસારણી ગોઠવી આયોજન કરવામાં આવ્યું હતું. તે મુજબ સૌએ ઉત્સાહપૂર્વક રક્તદાન કર્યું હતું. આઉટ સોર્સના કર્મયોગીઓ ઉપરાંત મહિલા કર્મયોગીઓ પણ સેવાના આ મહાકાર્યમાં વિશેષ સંખ્યામાં જોડાયા હતા. રક્તદાન શિબિરમાં નિવાસી અધિક કલેક્ટર ડો. બી. એસ. પ્રજાપતિ, અધિક કલેક્ટર શ્રી જે. જે. પટેલ, જિલ્લા પુરવઠા અધિકારી સુશ્રી કોમલ પટેલ, નાયબ કલેક્ટર શ્રી મયંક પટેલ, શ્રી વિઠાણી સહિત મામલતદારશ્રીઓ, નાયબ મામલતદારશ્રીઓએ પણ સેવાકાર્યમાં સહભાગી બન્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે મોટી ઉંમરના લોકોએ તેમના સ્વાસ્થ્યની દરકાર લેવાની જરૂર. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. રસોડા માટે જરૂરી ચીજની ખરીદી સાંજે તમને વ્યસ્ત રાખશે. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્રનો કૉલ આવશે. જીવન ની સમસ્યાઓનું સમાધાન તમારે જાતે શોધવા ની જરૂર છે કારણ કે લોકો તમને ફક્ત સલાહ આપી શકે છે અને બીજું કંઇ નહીં.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે વધુ પડતું ભોજન લેવાનું ટાળો અને તમારા વજન પર નજર રાખો. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. આજનો દિવસ તમને તમારા સાથીની રોમેન્ટિક બાજુની અંતિમ હદ દેખાડશે. કોઈને આપતા પહેલા તમારે તે કાર્ય વિશે ની માહિતી પણ એકત્રિત કરવી જોઈએ.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારો નિખાલસ તથા નિર્ભિક મત તમારા મિત્રના અહંકારને ઠેસ પહોંચાડી શકે છે. તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન હાનિ થયી શકે છે. તમારા સંબંધીની મુલાકાત તમારા વિચાર કરતાં ઘણી સારી હશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારી આસપાસના લોકો તમને ખૂબ જ અપેક્ષાયુક્ત લાગશે-તમે આપી શકો તે કરતાં વધારનું વચન આપતા નહીં-અને અન્યોને ખુશ કરવા તમારી જાતને થકાવટની હદ સુધી ન ખેંચતા. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું? ગૃહપ્રવેશ માટે શુભ દિવસ.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. સંયુક્ત સાહસો તથા શંકાસ્પદ આર્થિક યોજનાઓમાં રોકાણ કરતા નહીં. તમારા પરિવારના સભ્યની લાગણી દુભાવવાનો ભય હોવાથી તમારા ગુસ્સા પર અંકુશ રાખો. તમે આજે માતા સાથે સારો સમય પસાર કરી શકો છો, આજે તે તમારી સાથે તમારી બાળપણ ની વાતો શેર કરી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવે એવી બાબતો પર કામ કરવા માટે લાભદાયક દિવસ. તમારા મિત્રોની મદદથી આર્થિક મુશ્કેલીઓ હળવી થશે. તમે ઉજવણીના મૂડમાં હશો તથા પરિવારના સભ્યો તથા મિત્રો પાછળ નાણાં ખર્ચવા તમને ગમશે. માનસિક શાંતિ ખૂબ જ મહત્વપૂર્ણ છે - આ માટે તમે કોઈપણ બગીચા, નદી કાંઠે અથવા મંદિર ની મુલાકાત લઈ શકો છો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. કોઈક જૂની ઓળખાણ તમારી માટે સમસ્યા ઊભી કરી શકે છે. આજે કોઈ પણ મૂંઝવણ તમને દિવસભર ત્રાસ આપી શકે છે. આ મૂંઝવણ ને દૂર કરવા માટે તમારે તમારા પરિવાર ના સભ્યો સાથે વાત કરવી જોઈએ.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે ભય તમારી ખુશીને હાનિ પહોંચાડી શકે છે. તમારે એ સમજવાની જરૂર છે કે એ તમારા જ વિચારો અને કલ્પનાનું ઉત્પાદન છે. તે સ્વયંસ્ફૂરિતાને મારી નાખે છે-જીવનના આનંદને નુકસાન કરે છે અને આપણી કાર્યક્ષમતાન પંગુ બનાવે છે-આથી એ તમને બીકણ બનાવે એ પૂર્વે જ તેને ઉગતો જ ડામો. વિવિધ સ્થળેથી આર્થિક લાભ મળી રહેશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્યની સંભાળ રાખો. દિવસના ઉત્તરાર્ધમાં આર્થિક સ્થિતિ સુધરશે. બાળકો તથા પરિવાર પર આજે તમારૂં ધ્યન કેન્દ્રિત રહેશે. આંખો કદી જૂઠું બોલતી નથી અને તમારા સાથીની આંખો તમને આજે કશું બહુ ખાસ કહી જશે. આજે તમે થોડી મુશ્કેલી માં આવી શકો છો અને તમે સમજી શકો છો કે તમારા જીવન માં સારા મિત્રો રાખવું ખૂબ જ મહત્વપૂર્ણ છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમે તમારી લાંબા ગાળાની બીમારી સામે લડી રહ્યા હો ત્યારે એ વાત સમજો કે પોતાની જાત પર વિશ્વાસ વીરત્વનો સાર છે. ઉતાવળમાં મૂડીરોકણને લગતા નિર્ણયો લેતા નહીં- દરેક શક્ય બાજુથી તમે રોકાણ અંગે ચકાસણી નહીં કરો તો નુકસાન થવું ચોક્કસ છે. પત્ની સાથે ઝઘડો માનસિત તાણ ભણી દોરી જઈ શકે છે. બિનજરૂરી તાણ લેવાની જરૂર નથી.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ વધુ પડતા ભોજન અને હાર્ડ ડ્રિંક અંગે સાવચેત રહેજો. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. તમારા જીવનસાથી આજે કદાચ વધુ પડતા વ્યસ્ત થઈ શકે છે અને તમારી માટે સમય ફાળવી નહીં શકે. જ્યારે તમારી પાસે વધુ મફત સમય હોય, ત્યારે નકારાત્મક વિચારો તમને વધુ પરેશાન કરે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. તમારા મૂડીરોકાણ તથા ભાવિ ધ્યેયો વિશે ગુપ્તતા જાળવો. કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે અને કોઈ પરિણામ આપતા નથી એવા લોકો વિશે ભૂલી જવામાં જ સાર છે.

न्यूઝ બ્રિફ

## કેનેડામાં કિશોર સાથેના વિવાદમાં એક શીખ વિદ્યાર્થી ઉપર હુમલો



। ટોરોન્ટો, તા.૧૫ ।

કેનેડામાં હેટ ક્રાઈમનો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. કેનેડાના બ્રિટિશ કોલંબિયા પ્રાંતમાં હેટ ક્રાઈમના આ દેખીતા કેસમાં એક શીખ વિદ્યાર્થી પર અન્ય કિશોર સાથેના વિવાદને પગલે હુમલો કરવામાં આવ્યો હતો. ગુરુવારે એક સમાચારમાં આ માહિતી આપવામાં આવી હતી. મળતી માહિતી મુજબ બ્રિટિશ કોલંબિયા પ્રાંતમાં જાહેર પરિવહન બસમાં શીખ વિદ્યાર્થી અને અન્ય લોકોની બોલાચાલી થઈ હતી. ત્યાર બાદ શીખ વિદ્યાર્થીને 'લાતો મારવામાં આવી હતી, મુક્કા મારવામાં આવ્યા હતા અને તેના પર મરીનું સ્પ્રે કરવામાં આવ્યું હતું' રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ (આરસીએમપી) એ બુધવારે જણાવ્યું હતું કે, આ ઘટના કેલોનામાં રૂટલેન્ડ રોડ સાઉથ અને રોબસન રોડના જંક્શન પર બની હતી. બ્રિટિશ કોલંબિયા (બીસી) ના ડબલ્યુએસઓ વાઈસ પ્રેસિડેન્ટ ગુંતાસ કૌરે જણાવ્યું હતું કે કેલોનામાં શીખ હાઈસ્કૂલના વિદ્યાર્થી પર સોમવારનો હુમલો આઘાતજનક અને અસ્વીકાર્ય છે. ઘટનાની વિગતો આપતા વર્લ્ડ શીખ ઓર્ગેનાઈઝેશન ઓફ કેનેડા (ડબલ્યુએસઓસી) દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે કેટલાક લોકોએ પહેલા વિદ્યાર્થીને બસમાં પ્રવેશતા અટકાવ્યો હતો. ત્યારબાદ જ્યારે તેને બસમાં ચઢવા દેવામાં આવ્યો ત્યારે તેને ધમકાવવામાં આવ્યો હતો.



કરડમાં વાઘેરી ગામમાં ગણેશ ચતુર્થી અને ઈદ મિલાદ-ઉન-નબી તહેવારો હોવાથી પોલીસ દ્વારા રીયર્સલ કરવામાં આવ્યું હતું.

### અનંતનાગના કોકરનાગમાં સેના-આંતકી વચ્ચે અથડામણ

## બારામુલ્લામાં સેના દ્વારા બે શકમંદોની ધરપકડ થઈ, પિસ્તોલ-હેન્ડ ગ્રેનેડ જપ્ત

### ભારતીય સેના અને જમ્મુ-કાશ્મીર પોલીસ દ્વારા આપવામાં આવેલી ગુપ્ત માહિતીના આધારે ઓપરેશન પાર પડાયું

। જમ્મુ, તા.૧૫ ।

છેલ્લા ત્રણ દિવસથી કાશ્મીરના અનંતનાગના કોકરનાગ વિસ્તારમાં સેના અને આંતકી જૂથ વચ્ચે અથડામણો ચાલી રહી છે. સેના દ્વારા સતત ચાલી રહેલા સર્ચ ઓપરેશનમાં વધુ એક જવાન શહીદ થયો હતો જ્યારે બે જવાન ઘાયલ થયા હતા જેને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બુધવારથી શરુ થયેલા સર્ચ ઓપરેશનમાં અત્યાર સુધીમાં ચાર જવાન શહીદ થયા છે. આ દરમિયાન વધુ એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે જમ્મુ-કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં એક મોટો હુમલાને સેના દ્વારા નિષ્ફળ બનવામાં આવ્યો છે. બારામુલ્લામાં સુરક્ષા દળોએ બે શંકાસ્પદ વ્યક્તિઓને પકડી પડ્યા હતા. આ બંને પાસેથી સેનાના જવાનોને બે પિસ્તોલ, પાંચ હેન્ડ ગ્રેનેડ અને અન્ય યુદ્ધ સામગ્રી મળી હતી. આ અંગે ભારતીય સેનાએ જાણકારી આપી હતી. આ બે શકમંદ એવા સમયે ઝડપાયા હતા.

### દિલ્હી-મેરઠ એક્સપ્રેસ વે પર મોટો અકસ્માત

## રોડવેઝની બસ ડિવાઈડર તોડીને ખાડામાં પડકતાં ૨૧ લોકો ઘાયલ

### રસ્તા પરથી પસાર થતા રાહદારીઓએ જાણ કરતા પોલીસે ઘટના સ્થળે પહોંચી બસમાં ફસાયેલા તમામને બહાર કાઢ્યા

। મેરઠ, તા.૧૫ ।

ઉત્તર પ્રદેશમાં દિલ્હીના ગાઝિયાબાદ પોલીસ સ્ટેશન મસૂરી વિસ્તારના મેરઠ એક્સપ્રેસ વે પર રોડવેઝની બસ ડિવાઈડર તોડીને ખાઈમાં પડી ગઈ હતી. આ દુર્ઘટનામાં ૨૧ લોકો ઘાયલ થયા હોવાના સમાચાર જાણવા મળ્યા હતા. તમામ ઘાયલોને જિલ્લા હોસ્પિટલ સંજય નગર ગાઝિયાબાદ અને સર્વોદય હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, મેરઠથી એક રોડવેઝ બસ દિલ્હી મેરઠ એક્સપ્રેસ વે પર દિલ્હી તરફ જઈ રહી હતી. બસ જેવી જ પોલીસ સ્ટેશન મસૂરી વિસ્તાર હેઠળ હવા હવાઈ રેસ્ટોરન્ટની આસપાસ પહોંચી ત્યારે ડ્રાઈવરે બસ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને અનિયંત્રિત બસ ડિવાઈડર તોડીને ૨૫ ફૂટ ઊંડી ખાઈમાં પડી હતી. રસ્તા પરથી પસાર થતા રાહદારીઓએ આ અંગે પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટના સ્થળે પહોંચી બસમાં ફસાયેલા તમામ મુસાફરોને બહાર કાઢ્યા હતા.

## પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં છુપાયેલા આતંકવાદીઓ પર જોરદાર પ્રહાર દેશદ્રોહીઓની સંપત્તિ જપ્ત કરી રહી છે મોદી સરકાર



। નવી દિલ્હી, તા.૧૫ ।

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ, ભારત સરકારે એ નિર્ણય લીધો છે કે જમ્મુ-કાશ્મીરના તે આતંકવાદીઓની બધી જ સંપત્તિ જપ્ત કરવામાં આવશે, જે પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં છુપાઈને બેઠા છે. છેલ્લા ઘણા વર્ષોથી પાકિસ્તાનના કબ્જાવાળા કાશ્મીરમાં આશ્રય લેનારા જમ્મુ-કાશ્મીરના સેંકડો આતંકવાદીઓને હવે તેમની સંપત્તિથી હાથ ધોવો પડશે. મોદી સરકારમાં તેમની સંપત્તિ જપ્ત કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે.

આ મામલે જમ્મુ-કાશ્મીર પોલીસ વિભાગ તરફથી એક નિવેદન પણ બહાર પાડવામાં આવ્યું કે પાકિસ્તાનમાં આશરો લઈ રહેલા તમામ આતંકવાદીઓ વિરુદ્ધ મોટી કાર્યવાહી કરવામાં આવશે. તે તમામ સ્થાનિક આતંકવાદીઓની સંપત્તિ જપ્ત કરવામાં આવશે, જેઓ મૂળ જમ્મુ-કાશ્મીરના વતની છે અને પોતાને બચાવવા માટે પાકિસ્તાનમાં બેઠા છે. જમ્મુ-કાશ્મીર પોલીસ પાસે આતંકવાદીઓની એક યાદી છે જે જમ્મુ-કાશ્મીરના વિવિધ ભાગોમાં સક્રિય હતા અને પછી આશ્રય લેવા માટે પાકિસ્તાનમાં છુપાઈને બેઠા છે. ૪,૨૦૦થી વધુ એવા આતંકવાદીઓની યાદી તૈયાર કરવામાં આવી છે જે વર્ષ ૧૯૯૦થી પીઓકેમાં રહે છે. વર્ષ ૧૯૯૦માં હજારો યુવાનો નિયંત્રણ રેખા પાર કરીને પીઓકે ચાલ્યા ગયા હતા અને આજે જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી ગતિવિધિઓને અંજામ આપવા માટે ફરી તૈયાર છે. આવા આતંકવાદીઓની મિલકતો જપ્ત કરવામાં આવી રહી છે અને આ પ્રક્રિયા ચાલુ રહેશે.

આતંકવાદ મુક્ત ભારતના નિર્માણમાં લાગેલા શાહના માર્ગદર્શન હેઠળ આવા આતંકવાદીઓ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે, જે નિયંત્રણ રેખા (LOC)ની પાર બેસીને આતંકવાદને પ્રોત્સાહન આપતા રહે છે. મોદી સરકારમાં એ સ્પષ્ટ કરી દેવામાં આવ્યું છે કે જો આમાંથી કોઈ પણ આતંકવાદી પાછા આવવાનો પ્રયાસ કરશે તો તેને મારી નાખવામાં આવશે. લગભગ ૯ થી ૧૨ આતંકવાદીઓ જે વિદેશી છે અને ઘાટીના કુલગામ-શોપિયાં જિલ્લાઓમાંથી જમ્મુ વિભાગના રાજૌરી-પુંછ જિલ્લાઓ તરફ આગળ વધી રહ્યા હતા, તેમાંથી ત્રણ માર્યા ગયા છે અને અન્યની શોધ ચાલુ છે.

શાહની દૂરંદેશી હેઠળ માદક પદાર્થોની તસ્કરી પર અંકુશ લાવવાની તૈયારીઓ પણ પૂરજોશમાં ચાલી રહી છે. શાહનું સ્પષ્ટપણે માનવું છે કે માદક પદાર્થોની તસ્કરી અને તેમાંથી મેળવેલા નાણાં આતંકવાદને પોષે છે. તેથી, આતંકવાદ અને માદક પદાર્થોના વેપાર પર એકસાથે હુમલો કરવાની જરૂર છે. આતંકવાદી પ્રવૃતિઓમાં સામેલ રહીને કાશ્મીરની શાંતિ અને દેશની પ્રગતિમાં અવરોધ બનેલા જમ્મુ-કાશ્મીરના મૂળ રહેવાસીઓની સંપત્તિ જપ્ત કરવી એ નવા ભારતના નિર્માણમાં એક નવું પગલું સાબિત થશે.

## શિકાગોમાં ભટકી રહેલી હૈદરાબાદી યુવતી ભારત આવવા તૈયાર નથી

### અમેરિકાથી માસ્ટર્સ ડિગ્રી લેવા માટે સાયેદાએ ડેટ્રોઈટની ટ્રાઈન યુનિવર્સિટીમાં એડમિશન લીધું હતું

। નવી દિલ્હી, તા.૧૫ ।

લગભગ બે મહિના પહેલા શિકાગોથી એક વિડીયો સામે આવ્યો હતો, જેમાં એક ભારતીય મહિલા દયનીય હાલતમાં રસ્તા ઉપર જોવા મળી હતી. હૈદરાબાદની સાયેદા ઝૈદીના માથે છત નહોતી અને તે શિકાગોની ગલીઓમાં દિવસો કાઢી રહી છે. વિડીયો વાયરલ થયા બાદ શિકાગોની ઈન્ડિયન એમ્બસીએ સાયેદાને ભારત પાછી મોકલવા મદદની તૈયારી દર્શાવી હતી. પરંતુ સાયેદા જિદ પર અડી છે અને ભારત આવવાની ના પાડી રહી છે. આ તરફ ભારતમાં રહેલો સાયેદાનો પરિવાર સતત તેની ચિંતા કરી રહ્યો છે. તેમના કહેવા પર જ ઈન્ડિયન એમ્બસીએ સાયેદાની મદદ કરવા માટે હાથ લંબાવ્યો હતો. ૧૧ સપ્ટેમ્બરે શિકાગોમાં ભારતીય દૂતાવાસ તરફથી કહેવામાં આવ્યું કે, અમે સાયેદા ઝૈદીને ભારત પાછા ફરવા માટે વારંવાર મદદ કરવાની તૈયારી દર્શાવી. પરંતુ હજી સુધી તેણે અમને હકારાત્મક જવાબ નથી આપ્યો.'' હૈદરાબાદમાં એક્ટ પબ્લિકવેલફેરફાઉન્ડેશનનાપ્રમુખમોહમ્મદરહીમખાને





લખેલા પત્રના જવાબમાં એમ્બસી તરફથી આ નિવેદન આપવામાં આવ્યું છે. સાયેદાને ભારત પાછી લાવવા માટે મોહમ્મદ રહીમ ખાને જ સોશિયલ મીડિયા થકી ભારતીય વિદેશ મંત્રાલયનો સંપર્ક કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, ૩૭ વર્ષની સાયેદા લુલુ મિનાઝ ઝૈદી ઓગસ્ટ ૨૦૨૧માં ડેટ્રોઈટની ટ્રાઈન યુનિવર્સિટીમાં માસ્ટર્સ ડિગ્રીનો અભ્યાસ કરવા ગઈ હતી. ૨૨ જુલાઈ ૨૦૨૩ના રોજ સ્ના લીડર અને સામાજિક કાર્યકર અજમેદ ઉલ્લાહ ખાને વિદેશ મંત્રાલયને સાયેદા ઝૈદીની હાલતથી અવગત કરી હતી. બે હૈદરાબાદીઓએ તેને શિકાગોના રસ્તા ઉપર ફરતી જોઈ હતી. પૂછપરછ કરતાં સાયેદાએ પોતાનું નામ અને પોતે હૈદરાબાદની હોવાનું જણાવ્યું હતું. અજમેદ ઉલ્લાહ ખાને હૈદરાબાદમાં રહેતી સાયેદાની મમ્મી સાયેદા વજાહ ફાતિમા સાથે તેની વિડીયો કૉલ ઉપર વાત પણ કરાવી હતી. એ વખતે પણ સાયેદાએ ભારત પાછા આવવામાં રસ નહોતો દાખવ્યો. પ્રાપ્ત માહિતી અનુસાર, સાયેદા માનસિક રીતે અસ્વસ્થ છે અને તે સામાજિક કાર્યકરો અને ઓથોરિટીઝ પાસેથી મદદ લેવાની ના પાડી રહી છે. સાયેદાની મમ્મીએ અગાઉ લખેલા પત્રમાં જણાવ્યું હતું કે, ''સાયેદા ટ્રાઈન યુનિવર્સિટીમાંથી માસ્ટર્સ ઈન ઈન્ફર્મેશન સાયન્સનો કોર્સ કરવા અમેરિકા ગઈ હતી. ૨૦૨૧માં યુએસ ગયા પછી તે સતત અમારા સંપર્કમાં રહેતી હતી પરંતુ છેલ્લા બે મહિનાથી તે અમારા સંપર્કમાં નથી. તાજેતરમાં જ હૈદરાબાદના બે યુવકો થકી અમને જાણવા મળ્યું કે, મારી દીકરી ડિપ્રેશનમાં છે અને કેટલાક લોકોએ તેનો સામાન ચોરી લીધો છે.

## ક્રેડિટ કાર્ડમાં બાકી નિકળતી રકમ કરતા વધુ જમા નહીં કરાવી શકાય

। નવી દિલ્હી, તા.૧૫ ।

ક્રેડિટ કાર્ડના મામલે બેન્કોના નિયમો ઘણી વખત બદલાતા રહે છે અને ગ્રાહકોને તેની જાણકારી પણ નથી હોતી. તાજેતરમાં જાણવા મળ્યું છે કે કોઈ ગ્રાહક ક્રેડિટ કાર્ડની બાકી નીકળતી રકમ કરતા વધારે રકમ ચુકવવા જાય તો તેઓ આમ કરી શકતા નથી. તમારી જે રકમ ડ્યૂ હોય તેના કરતા વધુ પેમેન્ટ કરવું હોય તે બેંકો ગ્રાહકને આમ કરતા અટકાવે છે અથવા તો વધારાની રકમ રિફંડ કરી દે છે. આવું એટલા માટે કરવામાં આવે છે જેથી મની લોન્ડરિંગ અને ફ્રોડથી બચી શકાય. મોટા ભાગના ક્રેડિટ કાર્ડ હોલ્ડર્સ દર મહિને તેમની પૂરેપૂરી આઉટસ્ટેન્ડિંગ રકમ ચુકવે છે અથવા તેનાથી ઓછી રકમ ચુકવે છે. કેટલાક લોકો વધારે રકમ પેમેન્ટ કરતા હોય છે.

વિશેષ

### પાંચ વર્ષમાં દેશભરના ૩૦ લાખ જેટલા કારીગરોને મળનારો લાભ

# કુશળ કારીગરોના સર્જનના ઉદેશ્ય સાથે ''પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના''નો ૧૭ સપ્ટેમ્બરથી શુભારંભ

### જુદા-જુદા ૧૮ વર્ગના કારીગરો માટે કૌશલ્ય તાલીમ, લોન સહાય તેમજ માર્કેટિંગ સપોર્ટ સાથે ઉચ્ચ રોજગારીના દ્વાર ખુલશે

દેશમાં પરંપરાગત વ્યવસાય સાથે લાખો લોકો સંકળાયેલા છે. આ કારીગરોની કુશળતાને પ્રવર્તમાન સમયની માંગ અનુસાર આધુનિકતાનો ઓપ મળી રહે અને તેઓ કુશળ વ્યવસાયકાર તરીકે ઉભરી આવે તે માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાની હેઠળ ''પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના'' શરુ થવા જઈ રહી છે.

આજ રોજ છોટાઉદેપુર કલેકટર કચેરી ખાતે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં કલેકટર સ્તુતિ ચારણે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે આગામી તા. ૧૭ સપ્ટેમ્બરથી શરુ થવા જઈ રહેલી પી.એમ. વિશ્વકર્મા યોજના થકી જુદાજુદા ૧૮ ક્ષેત્રમાં કુશળ કારીગરો તૈયાર કરવાના મહાઅભિયાનનો પ્રારંભ થશે. આગામી પાંચ વર્ષમાં દરજી, ધોબી, સુથાર, લુહાર, કડિયા, ક્ષૌરકર્મ સહીત વિવિધ ક્ષેત્રના ૩૦ લાખ જેટલા કારીગરોને પ્રાથમિક તેમજ એડવાન્સ ટ્રેઈનિંગ, ટૂલ કિટ સહાય તેમજ રોજગાર અર્થે લોન અને માર્કેટિંગ સપોર્ટ પૂરો પાડવા સહિતની આ યોજના કારીગરો માટે રોજગારીના નવા દ્વારા ખોલશે. આ યોજના અંતર્ગત કારીગરોને રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ તેઓનું વેરીફીકેશન થશે અને પોતાની સ્કીલ મુજબ સૌપ્રથમ બેઝિક ટ્રેનિંગ આપવામાં આવશે. ત્યારબાદ તેઓને રૂ. ૧૫ હજારની ટૂલ કિટ સહાય આપવામાં આવશે. બેઝિક ટ્રેનિંગ મેળવ્યા બાદ તેઓને એક લાખની લોન મળવાપાત્ર રહેશે. આ લોનની અવધિ ૧૮ માસ રહેશે. ત્યાર બાદ તેઓને એડવાન્સ ટ્રેનિંગ પુરી પાડવામાં આવશે જેમાં રોજના તેઓને રૂ. ૨૫૦૦ સ્ટાઈપેન્ડ આપવામાં આવશે. એડવાન્સ ટ્રેનિંગ બાદ ૩૦ મહિનાના સમયગાળાની રૂ. ૨ લાખની લોન વ્યવસાય અર્થે આપવામાં આવશે. બ્રાન્ડિંગ, ઈ-પ્લેટફોર્મ તેમજ ઈ-કોમર્સ માર્કેટિંગ માટે પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવશે.

આ યોજનામાં સહભાગી થવા પી.એમ. વિશ્વકર્મા પોર્ટલ https://pmvishwakarma.gov.in/ પર રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. રજીસ્ટ્રેશન દ્વારા માહિતીની જુદા-જુદા સ્તરે ખરાઈ કરવામાં




આવશે. રાષ્ટ્રીય, રાજ્ય તેમજ જિલ્લા કક્ષાએ કુશળ કારીગરો તૈયાર કરી આપતી યોજના કૌશલ્ય વિકાસ અને ઉદ્યમશીલતા મંત્રાલય, સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય તેમજ નાણા મંત્રાલયના સહયોગથી સાકાર પામશે. આ યોજના થકી દેશના ૩૦ લાખ જેટલા કારીગરો પોતાના ઉત્કર્ષ સાથે વિકાસને નવી ઊંચાઈએ પહોચાડશે. છોટાઉદેપુર જીલ્લામાં આવા કૂલ ૮ હજાર જેટલા કારીગરોને આવરી લેવામાં આવશે.

## ન્યૂઝ બ્રિફ

### ખેડાના ઠાસરામાં શિવજીની સવારી પર પથ્થરમારો થયો

। ખેડા, તા.૧૫ ।

ખેડા જિલ્લાના ઠાસરા તાલુકામાં પથ્થરમારો થયો છે. શ્રાવણ મહિનાની અમાસને લઈને ઠાસરા ગામમાં શિવજીની સવારી નીકળી હતી, જે શિવજીની સવારી દરમિયાન પથ્થરમારો થયો છે. અત્રે જણાવીએ કે, બે જૂથના લોકો આમને સામને આવી જતા વાતાવરણ તંગ બન્યો હતો. પોલીસ કાફલો ઘટનાસ્થળેજે ઘટનાને પગલે ઠાસરા, ડાકોર, સેવાલિયા સહિતની પોલીસ તેમજ જિલ્લાની એલસીબી, એસઓજી સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. ખેડા એસપી રાજેશ ગઢીયા, ડી વાય એસ પી ઘટના સ્થળ પર પહોંચી સમગ્ર ઘટનાના તાગ મેળવ્યા છે. વાતાવરણ ડોહળવાનો પ્રયાસઅસમાજિક તત્વો દ્વારા વાતાવરણ ડોહળવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. અત્રે જણાવી દઈએ કે, શિવજીની સવારી નીકળવાની હોય છે તેનું પહેલાથી જ આયોજન હોય છે ત્યારે આ સમાજિક તત્વોને પણ તેની જાણ હશે જેને લઈ તેમણે પણ પૂર્વ આયોજન કર્યુ હોઈ પથ્થરમારો કર્યો હતો.

### ૪ દિવસમાં સિંગતેલના ડબ્બામાં ૧૩૦ રૂપિયાનો વધારો થયો

। રાજકોટ, તા.૧૫ ।

સિંગતેલના ડબ્બાનો ભાવ રૂપિયા ૩૧૦૦ને પાર પહોંચ્યો છે. અંદાજે દોઢ મહિનાની વરસાદી બ્રેકને કારણે મગફળીનો ઉત્પાદનનો ફટકો પડશે તેવી આશંકાથી સિંગતેલમાં બેફામ તેજીનો દોર શરૂ થયો છે. આજે રૂપિયા ૩૦ના ઉછાળાથી ભાવ ફરી ૩૧૦૦ના રેકોર્ડ સ્તરે પહોંચી ગયો છે તહેવારોની રજા પછીના ચાર દિવસમાં ભાવમાં રૂપિયા ૧૩૦નો ઉછાળો નોંધાયો છે.ગરીબ અને મધ્યમ વર્ગના રસોડામાંથી સિંગતેલ ગાયબ થાય તો નવાઈ નહીં, કારણ કે લોકોના ખિસ્સા પર વધુ એક મોંઘવારીનો માર પડ્યો છે. તહેવારો નજીક આવતા જ સિંગતેલના ભાવ ભડકે બળ્યા છે. બે દિવસ બાદ આજે ફરી સિંગતેલના ભાવમાં રૂપિયા ૩૦નો વધારો થતાં મધ્યમ અને ગરીબ વર્ગના લોકોને સિંગતેલ ખાવું મુશ્કેલ બન્યું છે.

### પાલડી નજીકથી અજાણી મહિલાનો મૃતદેહ મળી આવ્યો

। અમદાવાદ, તા.૧૫ ।

અમદાવાદ શહેરના પાલડી નજીકથી અજાણી મહિલાનો મૃતદેહ મળી આવ્યો છે. હત્યાની શંકાએ પોલીસે તપાસ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે મહિલાના મૃતદેહ પરથી એક ચૂંદડી પણ મળી આવી છે. અમદાવાદના પાલડીના હીરાબાગ રેલવે ક્રોસિંગ પાસેથી અજાણી મહિલાનો મૃતદેહ મળી આવ્યો છે. આ મહિલા કોણ છે, તેની તપાસ માટે સ્થાનિક પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. મેટ્રો ટ્રેનની કામગીરી ચાલી રહી છે, તે નજીકથી લાશ મળતા હત્યાની આશંકાએ પોલીસે અલગ-અલગ દિશામાં તપાસ શરૂ કરી છે. વહેલી સવારે મળેલા મૃતદેહની જાણ થતા આસપાસના લોકો ભેગા થવા લાગ્યા હતા અને પાલડી પોલીસને જાણ કરતા પાલડી પોલીસ ઘટના સ્થળ પર પહોંચીને તપાસ શરૂ કરી હતી.

# AMCના દક્ષિણ પશ્ચિમ ઝોનનું એસ્ટેટ વિભાગ એક્શનમા

## જોધપુર, વેજલપુર, સરખેજ તથા મક્તમપુરા વોર્ડના મુખ્ય રસ્તા પરના ટ્રાફિકને અડચણરૂપ દબાણો દુર કરવાની ઝુંબેશ હાથ ધરી છે

। અમદાવાદ, તા.૧૫ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણ પશ્ચિમ ઝોનમાં વેજલપુરમાં આવેલ કૃષ્ણધામ આવાસ નજીક ટી.પી સ્કીમ નં ૨૫ એફ.પી.નં૧૦૧ પૈકી ગેરકાયદેસર ઝુંપડા બનાવવામાં આવ્યા હતા. તેને દૂર કરવામાં આવ્યા છે. આ વિસ્તારમાંથી કુલ ૯ જેટલા ઝૂંપડા દુર કરવામાં આવ્યા છે. દબાણ દૂર કરી અંદાજે ૩૦૦૦ ચો.મીનો ખુલ્લો પ્લોટ કરવાની કામગીરી કરી છે. જેની અંદાજે કિંમત ૩૦ કરડો જેટલી થાય છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણ પશ્ચિમ ઝોનમાં વેજલપુરમાં આવેલ કૃષ્ણધામ આવાસ નજીક ટી.પી સ્કીમ નં ૨૫ એફ.પી. નં૧૦૧ પૈકી ગેરકાયદેસર ઝુંપડા બનાવવામાં આવ્યા



હતા. તેને દૂર કરવામાં આવ્યા છે. આ વિસ્તારમાંથી કુલ ૯ જેટલા ઝૂંપડા દુર કરવામાં આવ્યા છે. દબાણ દૂર કરી અંદાજે ૩૦૦૦ ચો.મીનો ખુલ્લો પ્લોટ કરવાની કામગીરી કરી છે. જેની અંદાજે કિંમત ૩૦ કરડો જેટલી થાય છે. એસ્ટેટ-ટી.ડી.ઓ. વિભાગનો સ્ટાફ તેમજ 'એસ.જી-૨' ડિવિઝન ટ્રાફિક પોલિસના સ્ટાફ દ્વારા સંયુક્ત થઈને દબાણ દૂર કરવાની ડ્રાઈવ કરવામાં આવી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણ પશ્ચિમ ઝોનના સરખેજ તથા જોધપુર વોર્ડમાં આવતા ઈસ્કોન ચાર રસ્તાથી કર્ણાવતી કલબ ચાર રસ્તા, પી-સર્કલ ચાર રસ્તા તેમજ એસ.જી. હાઈવેના બંને તરફના સર્વિસ રોડ ઉપર ગેરકાયદેસર રીતે વ્હીકલો પાર્ક કરતા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કુલ ૬ તથા ટ્રાફીક વિભાગ દ્વારા ૦૫ એમ કુલ ૧૧ વ્હીકલોને લોકી કુલ ૫,૫૦૦ દંડ વસુલ કરવામાં આવ્યો છે. રખડતા પશુનોત્રાસ અટકાવવાના ભાગરૂપે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની રખડતા પશુઓને અટકાવવા માટે નિયમન પોલીસી-૨૦૨૩ અંતર્ગત ઝોન વિસ્તારમાં વિવિધ ઘાસચારાના પોઈન્ટ ઉપર સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં ૧૨૦ કિલો ગ્રામ ઘાસચારો જપ્ત કરી બાકરોલ ૫ ઇંજરાપોળ ટ્રસ્ટમાં આપવામાં આવ્યુ છે. તેમજ ૧૫ ચો. મીનો એક હવાળો દૂર કરવામાં આવ્યો છે. દબાણ દૂર કરવાની કાર્યવાહીમાં દક્ષિણ પશ્ચિમઝોન હદ વિસ્તારમાં આવતા જોધપુર, વેજલપુર, સરખેજ તથા મક્તમપુરા વોર્ડના મુખ્ય રસ્તા પરના ટ્રાફિકને અડચણરૂપ દબાણો દુર કરવાની ઝુંબેશ હાથ ધરી છે. જેના ભાગરૂપે કુલ – ૧૪ લારી, ૧૪ નંગ વાંસવળી, ૨૨ નંગ તાડપત્રી, ૩ -નંગ ગેસ બોટલ, ૪ નંગ સ્ટુલ, લાકડાના પાટીયા ૨૪-નંગ, પ્લાસ્ટીક કરેટ ૭ નંગ, ટેબલ ૨ નંગ, બોર્ડ-બેનર્સ નંગ-૨૦ તથા અન્ય પરચુરણ માલ-સામાન-૧૫૨ એમ મળીને કુલ-૨૬૨ માલ-સામાન ઉપાડીને ગોડાઉનમાં જમા કરવામાં આવ્યો છે. આગામી દિવસોમાં ગેરકાયદેસર બનેલ બાંધકામો,ટી.પી. રસ્તા, ફૂટપાથ પરના દબાણો, પાર્કિંગની જગ્યામાં તથા મ્યુનિસિપલ રીઝર્વ પ્લોટમાં થયેલ દબાણો, બાંધકામો દૂર કરવાની કામગીરી Amc દ્વારા સઘનરીતે હાથ ધરવામાં આવશે.

### દાહોદમાં એક ટ્રેનમાં આગ લાગવાની ઘટના ઘટી

# દાહોદથી આણંદ જતી મેમુ ટ્રેનમાં આગ લાગી

। દાહોદ, તા.૧૫ ।

દાહોદ જિલ્લામાં એક ટ્રેનમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. દાહોદના જેકોટ ગામ ખાતે મેમુ ટ્રેનમાં આગ લાગવાનો બનાવ બન્યો છે. ૦૯૩૫૦ નંબરની મેમુ ટ્રેન દાહોદથી આણંદ જતી હતી. જે દરમિયાન એન્જીન પાસે જોડાયેલ ફર્સ્ટ કલાસના ડબ્બામાં આગ લાગી હતી.દાહોદથી મુસાફરો લઈને આણંદ જઈ રહેલી ટ્રેનનાં ફર્સ્ટ ક્લાસના ડબ્બામાં આગ લાગી હતી. પ્રાથમિક માહિતી મુજબ શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું માનવામાં આવી રહ્યુ છે. ઘટનાની જાણ થતા જ ફાયર વિભાગ અને રેલવેના ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.



દાહોદ સહિત દેવગઢબારીઆ ફાયર વિભાગ ઘટના સ્થળે પહોંચી આગ ઉપર કાબુ મેળવી લેવામાં આવ્યો છે.

દાહોદના જેકોટ ગામ નજીક વહેલી સવારે ટ્રેનમાં આગ લાગવાની ઘટના બની હતી. આગ લાગતા મુસાફરોમાં અફરા તફરી મચી ગઈ હતી. જો કે સમય સૂચકતાથી તમામ મુસાફરોને ટ્રેનની નીચે ઉતારી લેવામાં આવ્યા હતા. જેના કારણે મોટી જાનહાની ટળી છે. હાલ રેલવેના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર પહોંચી ગયા છે અને ઘટના કેવી રીતે બની તેની તપાસ કરી રહ્યા છે. તો બીજી તરફ દિલ્હીથી બોમ્બે રેલ માર્ગ સુરક્ષાના ભાગ રુપે બંધ કરાયો છે.

### ગુજરાતમાં ફરી યોજાશે ધીરેન્દ્ર શાસ્ત્રીનો દરબાર

# યાત્રાધામ અંબાજી ખાતે યોજાશે બાગેશ્વર ધામનો દિવ્ય દરબાર

### આગામી નવરાત્રીની શરૂઆતમાં એટલે કે, તા. ૧૫-૧૬-૧૭ ત્રણ દિવસીય કથા થશે

। બનાસકાંઠા, તા.૧૫ ।

બાબા બાગેશ્વર ફરી એકવાર ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. વાત જાણે એમ છે કે, બાગેશ્વર ધામના પંડીત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી આ નવરાત્રીમાં યાત્રાધામ અંબાજી ખાતે આવવાના છે. વિગતો મુજબ અંબાજીમાં ત્રણ દિવસીય બાબા બાગેશ્વરના દિવ્ય દરબારનું આયોજન કરવામાં આવ્યું છે. જેને લઈ આજે બાબા બાગેશ્વરના PA અંબાજી પહોંચ્યા હતા અને સ્થળ નિરીક્ષણ કર્યું હતું. બનાસકાંઠા જિલ્લાના પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે વર્ષે દહાડે લાખોની સંખ્યામાં યાત્રાળુઓ આવતા હોય છે. જોકે હવે યાત્રાધામ અંબાજી ખાતે બાગેશ્વર ધામનો દિવ્ય દરબાર યોજવાનો છે. વિગતો મુજબ નવરાત્રીના પહેલા ૩ દિવસમાં બાગેશ્વર ધામના પંડીત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીનો દિવ્ય દરબાર યોજાનાર છે. મહત્વનું છે કે, આ કથા અને દિવ્ય દરબારનું આયોજન પ્રવીણ કોટક કરી



રહ્યાં છે. બાગેશ્વર ધામના પંડીત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીની ત્રણ દિવસીય કથા અને દિવ્ય દરબારને લઈ આજે તેમનાઁ છ અંબાજી ખાતે સ્થળ નિરીક્ષણ કરવા પહોંચ્યા હતા. જ્યાં અંબાજી ખાતે દિવ્ય દરબાર માટેના સ્થળનું નિરિક્ષણ કરી ધિરેન્દ્ર શાસ્ત્રીની અને ભક્તોની સુરક્ષા વ્યવસ્થા અને દર્શન વિશે જાણકારી આપી હતી.

### સુરત ક્રાઈમબ્રાંચને મળી મોટી સફળતા

# ચેઇન સ્નેચિંગ કરતા ૬ ગુનેગારોને સુરત ક્રાઇમ બ્રાંચે દબોચી લીધા

। સુરત, તા.૧૫ ।

રાજ્યમાં ક્રાઈમના કિસ્સા દિન પ્રતિ દિન વધી રહ્યાં છે ત્યારે પોલીસ પણ એલર્ટ બની છે. સુરત ક્રાઈમ બ્રાંચને ફરી એકવાર મોટી સફળતા મળી છે. ચેન સ્નેચિંગ કરતી ટોળકીના ૬ સભ્યોને ક્રાઈમબ્રાંચે દબોચી લીધા છે.

અત્રે જણાવીએ કે, આરોપીઓ ઝડપાતા ૧૧ જેટલા ગુનાનો ભેદ ઉકેલાયો છે તેમજ ૧૦૦ જેટલા ગુના કર્યા હોવાની પોલીસ સમક્ષ કબૂલાત કરી છે. ૪૦ દિવસ સુધી આરોપીઓને ટ્રેસ કર્યા બાદ ક્રાઈમબ્રાંચ ને આ મોટી સફળતા મળી છે. આ સ્નેચિંગ કરતી ટોળકી રાહદારી અને વાહનચાલકોને ટાર્ગેટ કરતી હતી. લોકોના ગળામાં પહેરેલી ચેનનું સ્નેચિંગ કરતા હતા. ડીસીપી રૂપલ સોલંકીએ જણાવ્યું કે, ચેન સ્નેચિંગ કરતી ટોળકીને પકડવા માટે અમારી ટીમો કામ કરી રહી હતી, જેમાં સફળતા મળી છે અને ૬ આરોપીઓ ઝડપાયા છે. આ તમામ આરોપી એકલા જતા રાહદારીઓ તેમજ ટુ વ્હીલરને ટાર્ગેટ કરી ચેન સ્નેચિંગ કરતા હતા.

# સુરતમાં જન્મદિવસના બીજા દિવસે જ યુવાનનું કરૂણ મોત

। સુરત, તા.૧૫ ।

ગુજરાતમાં હાર્ટએટેકનો ખતરો વધી રહ્યો છે. ખાસ કરીને સુરત હાર્ટએટેકનું સેન્ટર બન્યું છે. અહી રોજ કોઈને કોઈના મોત થઈ રહ્યાં છે. ચોંકાવનારી બાબત તો એ છે કે, હાર્ટએટેકથી મોત પામનારા લોકો ઓછી ઉંમરના છે. સુરતમાં હાર્ટ અટેકથી મોતની ઘટના યથાવત છે. સુરતમાં હાર્ટ અટેકથી યુવાનનું મૃત્યુ થયું છે. જન્મદિવસના બીજા દિવસે જ યુવાનનું મોત થતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. ૩૩ વર્ષના કિરણ સોલંકી નામના યુવાને હાર્ટ અટેકથી જીવ ગુમાવ્યો છે. મૃતક કિરણ સોલંકી આયકર વિભાગમાં ડ્રાઈવરની નોકરી કરતા હતા. આજે સવારે નોકરી પર હતા ત્યારે અચાનક છાતીમાં દુખાવો ઉપડતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. સારવાર મળે તે પહેલા જ યુવાને જીવ ગુમાવ્યો છે. તમને જણાવી દઈએ કે ગતરોજ ગુરુવારે કિરણનો ૩૩મોં જન્મદિવસ હતો. આજકાલ વાયરલ વીડિયોમાં તમે એવુ જોતા હશો કે, કેટલાક લોકો પ્રસંગોમાં ઢળી પડે છે, તો કેટલાક ચાલતા ચાલતા મોતને ભેટે છે. તો કેટલાકને નાટકોમાં રોલ ભજવતા સમયે હાર્ટ એટેક આવે છે. ત્યારે જો તમે પણ એવુ વિચારો છો કે તમારી સાથે આવુ ન થાય તો આજથી જ તકેદારી રાખવાની શરૂઆત કરી દો. આ ઘટનાઓ મતલબ હાર્ટ એટેક. આજકાલ હાર્ટ એટેકનું પ્રમાણ વધી રહ્યું છે. આવામાં જો તમે નાની ઉંમરમાં હાર્ટ એટેકનો શિકાર થવા ન માંગતા હોવ તો આજથી જ કેટલાક નિયમોનું પાલન કરવાનું શરૂ કરી દો. વર્તમાન જીવનશૈલીને નાની ઉંમરે હૃદય સંબંધિત સમસ્યા અને હાર્ટ એટેકના કેસ પણ વધી રહ્યાં છે.

### રાજ્યમાં ભારે વરસાદની આગાહી

# રાજ્યમાં આગામી પાંચ દિવસ ભારે વરસાદી માહોલ રહેશે

। અમદાવાદ, તા.૧૫ ।

રાજ્યમાં આગામી પાંચ દિવસ ભારે વરસાદી માહોલ રહેશે. જેમા સૌરાષ્ટ્રમાં ધોધમાર વરસાદ પડવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં ૧૬થી ૧૮ સપ્ટેમ્બર દરમિયાન મધ્યમ, ભારે તેમજ અતિભારે વરસાદની સંભાવના છે. ૧૭ સપ્ટેમ્બરે નર્મદા, તાપી, સુરત, ભરૂચ, ડાંગ, નવસારી, વલસાડમાં ધોધમાર વરસાદ પડી શકે છે.રાજ્યમાં આગામી પાંચ દિવસ વરસાદી માહોલ રહેશે. ૧૬થી ૧૮ સપ્ટેમ્બર સુધી રાજ્યમાં મધ્યમ, ભારે તેમજ અતિભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. આજે દાહોદ, સુરત, ડાંગ, વલસાડ, નવસારી, તાપી, દાદરા નગર હવેલી, છોટા ઉદેપુર, દમણમાં ભારે વરસાદ વરસશે. ૧૬ સપ્ટેમ્બરે નર્મદા, છોટા ઉદેપુર, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ અને દાદરા નગર હવેલીમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે.૧૭ સપ્ટેમ્બરે નર્મદા, તાપી, સુરત, ભરૂચ, ડાંગ, નવસારી, વલસાડમાં ધોધમાર વરસાદ પડી શકે છે. દક્ષિણ ગુજરાતની જેમ અમદાવાદ, વડોદરા, આણંદ, મહીસાગર, મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા અને અરવલ્લીમાં ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. જ્યારે, ૧૮ સપ્ટેમ્બરે અમદાવાદ, ખેડા, ગાંધીનગર, મહેસાણા અને પાટણમાં સારો વરસાદ રહેશે. આ તરફ, સૌરાષ્ટ્રના અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર, બોટાદ, મોરબી સહિત કચ્છમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે.

### ૧.૩૨ કરોડની લક્ઝ્યુરિયસ ગાડીઓ જપ્ત

# ક્રાઇમ બ્રાન્ચે દેશ વ્યાપી વાહન ચોરી અને RTO પાસીંગ કૌભાંડનો પર્દાફાશ કર્યો

। અમદાવાદ, તા.૧૫ ।

અમદાવાદમાં ચોર ટોળીએ લક્ઝુરિયસ ગાડીઓની ચોરી કરીને આતંક મચાવ્યો હોવાની ઘટના અવાર નવાર સામે આવતી રહે છે. આ ગેંગની મોડ્સ ઓપરેન્ડી કંઈક અલગ પ્રકારની હતી. ક્રાઈમ બ્રાન્ચે આ ગાડીઓની ચોરી કરનાર માસ્ટર માઈન્ડ એવા ઉત્તરપ્રદેશમાં મેરઠના અશરફસુલતાન ગાજી અને ઝારખંડમાં રાંચીના ઈરફાન ઉર્ફે પિન્ટુ પઠાણની ધરપકડ કરીને આંતરરાજ્ય વાહન ચોરી અને RTO પાસીંગ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. આ બંને આરોપીઓ ઉત્તરપ્રદેશ, દિલ્હી, રાજસ્થાન અને પશ્ચિમ બંગાળના વાહન ચોર સાથે મળીને ગેંગ બનાવી હતી. જેમની ગેગમાં ૨૦થી વધુ સભ્યો છે. જેઓ કાર ચોરી કરતા હતા અને ત્યાર બાદ પકડાયેલ આરોપી અશરફસુલતાન અને ઈરફાનને આપતા હતા.આ ગાડીના બદલામાં આરોપીઓ પોતના સાગરીતોને ૩ થી ૪ લાખ રૂપિયા આપતા હતા અને આરોપીઓ અરુણાચલ પ્રદેશ, આસામ, નાગાલેન્ડ અને અન્ય સેવન સિસ્ટર રાજ્યોમાંથી RTO ના NOC લેટર તથા પાસીંગ કરાવીને કાર વેચી દેતા હતા. આ આરોપી અમદાવાદના એક ડીલરને ગાડી વેચવા આવ્યા અને ક્રાઈમ બ્રાન્ચના હાથે ઝડપાઈ ગયા.લક્ઝ્યુરિયસ કારની ચોરી કરતી આ ગેંગની મોડ્સ ઓપરેન્ડીની વાત કરીએ તો આ ગેંગ જુદા જુદા રાજ્યોમાં કારના સુરક્ષાને ડીકોડ કરીને ૫૦૦થી વધુ પ્રીમિયમ કારની ચોરી કરેલી છે.

# ગુજરાતમાં વધુ એક અનુસૂચિત જાતિ સમાજના વ્યક્તિની હત્યા

। બોટાદ, તા.૧૫ ।

ગુજરાતમાં વધુ એક અનુસૂચિત જાતિ સમાજના વ્યક્તિની હત્યા કરવામાં આવી છે. વાત જાણે એમ છે કે, બોટાદમાં આરોપીએ હુમલો કર્યા બાદ સારવાર હેઠળ રહેલા રાજેશ મકવાણા નામના વ્યક્તિનું મૃત્યુ થયું છે. આ તરફ હવે મૃતકના પરિવારજનોએ જ્યાં સુધી ન્યાય ન મળે ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કરી દીધો છે. આ સાથે વડગામ ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ પણ આ મામલે નિવેદન આપ્યું છે. મહત્વનું છે કે, મૃતક રાજેશ મકવાણા ૪ વર્ષ પહેલાના એક હત્યા કેસમાં સાક્ષી હતા. શું છે સમગ્ર મામલો ? બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના બગડ ગામના રાજેશભાઈ કેશવભાઈ મકવાણા જેઓ એક હત્યાનાં ગુનામાં પંચમાં રહ્યા હતા. રાજેશભાઈ કેશવભાઈ મકવાણા જાતે અનુજાતિ જેઓ પોતાના પરીવાર સાથે બગડ ગામે રહેશે અને તેઓ છુટક મજુરી કામ કરી પોતાના પરીવારનુ ગુજરાન ચલાવે છે. રાજેશભાઈ મકવાણા ગત તારીખ ૬-૯-૨૩ ના રોજ પોતાનું મોટરસાયકલ લઈને બપોરના બે વાગ્યાની આસપાસ દિકરાના કપડા લેવા માટે બોટાદ ગયેલ અને કપડાની ખરીદી કરી ને બગડ તરફ પરત આવી રહ્યા હતા. આ દરમિયાન સાંજના પાંચેક વાગ્યાની આસપાસ તેઓ બગડ જવાના રસતાપર આવેલ અક્ષરવાડી પાસે પહોંચતા તે સમયે બગડ તરફથી એક સફેદ કલરની શિફટ કાર આવી મોટરસાયકલ સામે ઉભી રાખી હતી અને કારમાં બગડ ગામના ધીરૂભાઈ શાંતિભાઈ ખાચર તેમજ તેમના દિકરાઓ હરેશભાઈ ખાચર, કિશોરભાઈ ખાચર, રઘુભાઈ ખાચર તેમજ તેજ સમયે ખસ ગામ તરફથીએક અલ્ટો કાર આવી હતી. જેમાથી ત્રણ શખ્સો લોખંડની પાઈપ, ફરશી સહિતના હથીયારો સાથે ઉતરી જીવલેણ હુમલો કરી તમામ લોકો નાસી છુટ્યા હતા. આ તરફ જ્યારે ઈજાગ્રસ્ત રાજેશભાઈ મકવાણાને સારવાર માટે બોટાદ ખસેડેલ પરંતુ તેઓને વધુ ગંભીર ઈજાઓને લઈને ફરજ પરના ડોક્ટરે વધુ સારવાર અર્થે ભાવનગર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ તરફ ઘટનાની જાણ થતાં રાણપુર પોલીસ મથકના પી.એસ.આઈ સરવૈયા સહિત પોલીસ કાફલો હોસ્પિટલ દોડી ગયા હતા અને રાજેશભાઈ મકવાણા પોતે જાળીલા ગામે થયેલ હત્યાનાં બનાવમાં પંચ તરીકે હોય જેની દાઝ રાખીને બગડ ગામના ધીરુભાઈ શાંતિભાઈ ખાચર, હરેશભાઈ ધીરુભાઈ ખાચર, કિશોરભાઈ ધીરુભાઈ ખાચર, રઘુભાઈ ધીરુભાઈ ખાચર તેમજ ત્રણ અજાણ્યા શખ્સોએ જીવલેણ હુમલો કર્યાનું પોલીસને જણાવ્યું હતું. જેને લઈ રાણપુર પોલીસે સાતેય શખ્સો વિરુદ્ધ કલમ ૩૦૭, ૩૨૫, ૩૨૪, ૪૨૭, આ તરફ બોટાદ કેસમાં ભાવનગર હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેલા રાજેશ મકવાણા નામના અનુસૂચિત જાતિના વ્યક્તિનું મૃત્યુ થયું છે.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨